અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૨-૯-૨૦૨૦ બુધવાર
AHMEDABAD
ESTABLISHED-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૭૩.૦૩ |
| પાઉન્ડ | ૯૭.૯૮ |
| યુરો | ૮૭.૨૮ |
| સઉદી રિયાલ | ૧૯.૪૭ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૫૩,૮૭૫ |

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૦ અંક-૩૩ ● ૧૩ મોહર્રમ હિજરી ૧૪૪૨ ● 2 SEPTEMBER- 2020 ● PAGES 12 ● મૂલ્ય ₹ ૫.૦૦

### ચીનની અવળચંડાઈ બાદ દક્ષિણ પેંગોંગના અનેક સ્થળો પર હવે ભારતનો સંપૂર્ણ કબજો

# ભારતીય સેનાએ બ્લેક ટોપ પર કબજો જમાવ્યો, ચાઈનીઝ કેમેરા, સર્વેલન્સ ઉખેડ્યા

### LAC પર કાર્યવાહી કરતાં ભારતીય જવાનોએ મહત્વની બ્લેક ટોપ પોસ્ટ કબજે કરી, ભારતની સીમામાં આવેલા ચીનના કેમેરા અને સર્વેલન્સ ઉપકરણો પણ ઉખેડી ફેંકયા



(એજન્સી) નવી દિલ્હી, તા. ૧
લદ્દાખમાં ચીન સાથે ચાલી રહેલા ઘર્ષણ વચ્ચે ભારતીય જવાનોએ એલએસી પર કાર્યવાહી કરતા વ્યૂગાત્મક રીતે મહત્વની ગણાતી બ્લેક ટોપ પોસ્ટ પર કબજો જમાવ્યો છે. ભારતીય સેનાએ ચીનની સેનાના ષડયંત્રને નિષ્ફળ બનાવતા મોટી સફળતા મેળવી છે. ૨૯-૩૦ ઓગસ્ટની રાતે ચીનની સેનાએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો જેનો

### ચીનના સૈનિકોએ પેંગોંગ લેક નજીક યથાસ્થિતિ બદલવા માટે સૈન્ય હલચલનો ઉશ્કેરણીજનક પ્રયાસ કર્યો હતો પણ ભારતીય સેના તેમને રોકવામાં સફળ રહી : ૨૯ અને ૩૦ ઓગસ્ટની રાતે જ ભારતે કબજો મેળવી લીધો : ભારત

જવાબ આપતા ભારતીય સેનાએ બ્લેક ટોપ પોસ્ટ પર કબજો કરવાની સાથે ચીનની સેનાના કેમેરા તથા સર્વેલન્સ ઉપકરણો પણ ઉખેડી ફેંક્યા હતા. ગલવાન ઘાટીમાં થયેલી અથડામણ બાદ ચીને ભારતીય સેના પર નજર રાખવા માટે કેમેરા અને સર્વેલન્સ સિસ્ટમ ગોઠવી હતી. જેના પગલે ભારતીય જવાનોની ફરી અથડામણ થઈ હતી.

દરમિયાન લદ્દાખના પેંગોંગ લેકના દક્ષિણ કિનારા પરના કેટલાક મહત્વના સ્થાનો પર અંકુશ મેળવેલી ભારતીય સેનાએ પ્રાંતના સમગ્ર વિવાદાસ્પદ વિસ્તારો પર પોતાનો કબજો જમાવ્યો છે. સૂત્રોએ જણાવ્યું છે કે, સંપૂર્ણ વિવાદાસ્પદ વિસ્તારમાં હવે ભારતીય સેના પહોંચી ગઈ છે અને આનાથી પ્રાંતમાં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલની ભારતની માન્યતાને સંરક્ષિત કરી શકાય છે. ભારતીય સેનાના એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે, મહત્વના પર્વતીય વિસ્તારોમાં સેનાએ કબજો જમાવવાના પગલાં લીધા છે જેનાથી એલએસી વિસ્તારમાં ચીનની તરફથી ટેન્કો અને સેના સાથેના અતિક્રમણના પ્રયાસો ખાળી શકાય છે. પૂર્વ લદ્દાખમાં તાજેતરની સૈન્ય મંત્રણા દરમિયાન બંને તરફથી વિશ્વાસ મેળવવાના પગલાંની ચર્ચા વખતે જ ૨૯ અને ૩૦મી ઓગસ્ટની રાતે જ આ કામ કરી લેવાયું હતું. આ વિસ્તારોમાં રાત્રી દરમિયાન મોટી સંખ્યામાં સૈન્ય હલચલ કરી શકાતી નથી. ભારતીય સેનાએ જે વિસ્તારમાં કબજો જમાવ્યો છે તેમાં સૌથી

### ભારતના પગલાંએ ચીનના ક્ષેત્રીય સાર્વભૌમત્વનું ઘોર ઉલ્લંઘન કર્યું, બંને દેશો વચ્ચે પ્રાસંગિક સહમતી, પ્રોટોકોલ અને મહત્ત્વપૂર્ણ સમજૂતીનું પણ ઉલ્લંઘન કર્યું છે : દિલ્હીમાં ચીનનું દૂતાવાસ

મહત્વનું પોઈન્ટ બ્લેક ટોપ છે. ચીનનું પીએલએ ચુશુલ સેક્ટરમાં બ્લેક ટોપ પર કબજો કરવા માગતું હતું જેનાથી ભારતીય પોસ્ટ પર નજર રાખી શકાય. આશરે ૫૦૦ પીએલએ જવાન આ ઈરાદા સાથે આવ્યા હતા પરંતુ તેમના ઈરાદાની જાણ થતા ભારતીય જવાનો પણ તૈનાત થઈ ગયા હતા અને ચીનના ઈરાદાઓને નિષ્ફળ બનાવ્યા હતા.બ્લેક પોસ્ટ એલએસી પર ભારતના કબજામાં આવે છે. હવે બ્લેક પોસ્ટ પર ભારતે અંકુશ મેળવ્યું છે. સેનાના આ પગલાંથી પેંગોંગ ત્સો લેકના દક્ષિણ કિનારા પર હવે ભારત વ્યૂહાત્મક રીતે લાભદાયક સ્થિતિમાં છે. ચુશુલના રેજાંગ લા અને રિકિન લામાં સેનાએ વધારાના જવાન તૈનાત કર્યા છે જેનાથી ચીન કોઈ દુસ્સાહસ ના કરે. ભારતે ચુશુલના સ્પાંગર પાસમાં ટી-૯૦ ટેન્કના રેજિમેન્ટની તૈનાતી કરી છે જેનાથી ચીનના કોઈપણ નાપાક ઈરાદાને નિષ્ફળ બનાવી શકાય છે. મંગળવારે સવારે ભારતમાં ચીનના દૂતાવાસે આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, ભારતનું પગલું ચીનના આંતરિક સાર્વભૌમત્વનું ભંગ છે સાથે જ ગંભીર રીતે કરારોનું ઉલ્લંઘન કર્યું છે. બંને દેશો વચ્ચે થયેલી સહમતીનું પણ ભારતે ઉલ્લંઘન કર્યું છે. નિવેદનમાં એવું પણ કહેવાયું છે કે, ભારતની સૈન્ય હલચલે ચીન-ભારત સરહદીય વિસ્તારોની આસપાસ શાંતિ અને પ્રવાહિતાને ગંભીર રીતે નુકસાન પહોંચાડ્યું છે.

## સરહદો નક્કી ન હોવાથી LAC પર હંમેશાં સમસ્યા રહેશે, તમામ મુદ્દે વાતચીત માટે તૈયાર : વાંગ યી

### ડ્રેગન અને હાથી એકબીજાની સાથે સહમતી સાથે કામ કરી શકે છે, એક અને એક બે નહીં પણ ૧૧ હોય છે : ચીનના વિદેશ મંત્રી

ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ કહ્યું છે કે, ભારત-ચીન સરહદનું સીમાંકન કરવાનું હજુ બાકી છે અને તેથી ત્યાં હંમેશા સમસ્યા જળવાઈ રહેશે. બંને દેશોએ મતભેદોને સંઘર્ષમાં ફેરવવાથી રોકવા માટે નેતૃત્વ વચ્ચે સહમતી લાગુ કરવી જોઈએ. ચીન ભારત સાથે તમામ મુદ્દાને વાતચીત દ્વારા ઉકેલવા તૈયાર છે. યૂરોપના પ્રવાસે પહોંચેલા ચીનના વિદેશ મંત્રીએ પેરિસમાં એક કાર્યક્રમ દરમિયાન આ વાત કરી છે. ચીનની ટિપ્પણી ભારતીય સેનાના નિવેદનના કલાકોમાં જ આવી હતી જેમાં કહેવાયું હતું કે, ચીનની સેનાએ પૂર્વ લદ્દાખમાં ઉશ્કેરણીની કાર્યવાહી કરતા પેંગોંગ લેકના દક્ષિણમાં એકતરફી રીતે યથાસ્થિતિ બદલવાનો પ્રયાસ કર્યો હતો. વાંગે કહ્યું કે, ભારત-ચીનના સંબંધોએ તાજેતરમાં જ બધાનું ધ્યાન આકર્ષિત કર્યું છે. સીમાંકન ન હોવાથી આ પ્રકારની સમસ્યાઓ જળવાઈ રહેશે. ભારત સાથે તમામ મુદ્દાઓ પર વાતચીત કરવા અમે તૈયાર છીએ. આ સાથે જ દ્વીપક્ષીય મુદ્દાઓને પણ સ્થાન આપવું જોઈએ. જિનપિંગ અને મોદી અનેકવાર મળી ચૂક્યા છે અને મહત્વની સમજૂતી પર પહોંચ્યા છે. ડ્રેગન અને હાથી પ્રતિસ્પર્ધા ન કરીને સાથે મળીને કામ કરી શકે છે. એક અને એક બે નહીં પણ ૧૧ હોય છે. તેમણે એમ પણ કહ્યું કે, દ્વીપક્ષીય સહયોગ મતભેદો પર ભારે પડે છે અને એકમેકના હિતો પણ મતભેદોને દૂર રાખે છે. મતભેદો સંઘર્ષમાં ફેરવવા ના જોઈએ.

## ભારત-ચીનના સંબંધો બંન્ને દેશો, દુનિયા માટે ખૂબ અગત્યના : જયશંકર

વિદેશ મંત્રી એસ.જયશંકરે કહ્યું કે, ભારત અને ચીનના સંબંધો બંને દેશો તથા દુનિયા માટે 'ખૂબ જ અગત્યના' છે. આથી બંને પક્ષો માટે એ અગત્યનું રહેશે કે કોઈ 'સમજ કે સંતુલન' પર પહોંચે. અમેરિકા-ભારત સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ ફોર્મના મંચ પરથી જયશંકરે કહ્યું કે દુનિયાના દરેક દેશની જેમ ભારત પણ ચીનની ઉન્નતિથી પરિચિત છે પરંતુ ભારતની તરક્કી પણ એક વૈશ્વિક ગાથા છે. વિદેશ મંત્રી ડિજીટલ કાર્યક્રમમાં ચીનના ઉભાર, ભારત પર તેની અસરની સાથો સાથ બંને દેશોના સંબંધો પર પડેલા પ્રભાવથી સંબંધિત પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. પૂર્વ લદ્દાખમાં ભારત અને ચીનની સેનાઓની વચ્ચે ચાર મહિનાથી ચાલી રહેલ સરહદ વિવાદની પૃષ્ઠભૂમિમાં જયશંકરની આ ટિપ્પણી આવી છે. આ વિવાદની અસર વેપાર અને રોકાણ સહિત તમામ સંબંધો પર પડી છે. તેમણે પોતાના પુસ્તકનો હવાલો આપતા કહ્યું કે દુનિયાના બીજા દેશોની જેમ આપણે પણ ચીનની ઉન્નતિથી પરિચિત છીએ. આપણે ચીનના પાડોશી છીએ. સ્વાભાવિક છે કે જો તમે પાડોશી છો તો તમે એ ઉભારથી સીધા પ્રભાવિત થશો જે મેં મારા પુસ્તકમાં કહ્યું છે. વિદેશ મંત્રી એ કહ્યું કે ભારત પણ આગળ વધી રહ્યું છે પરંતુ ચીન જેટલી રફતાર નથી. તેમણે કહ્યું કે પરંતુ જો તમે વીતેલા છેલ્લાં ૩૦ વર્ષ જોશો તો ભારતની ઉન્નતિ પણ વૈશ્વિક કહાની છે. જો તમારી પાસે બે દેશ છે, બે સમાજ છે જેમની વસતી અબજોમાં છે, ઈતિહાસ છે, સંસ્કૃતિ છે, તો એ અગત્યનું છે કે તેમની વચ્ચે કોઈપણ પ્રકારની સમજ કે સંતુલન બને.

## 'ઘર્ષણથી ભારતને ૧૯૬૨ કરતા પણ વધુ નુકસાન ઉઠાવવું પડશે': ઘૂસણખોરી નિષ્ફળ થતાં ચીનની પોકળ ધમકી

ભારતીય સરહદોમાં ઘૂસણખોરી નિષ્ફળ બનતા હવે ચીને પોકળ ધમકીઓ આપવાનું શરૂ કર્યું છે. ચીને ગ્લોબલ ટાઈમ્સના હવાલાથી પોકળ ધમકી આપતા કહ્યું છે કે, જો ભારતચીન સાથે સંઘર્ષમાં ઉતરશે તો ચીન ભારતને વધુ નુકસાન પહોંચાડવામાં સક્ષમ છે. જો ભારત ચીન સાથે પ્રતિસ્પર્ધામાં પડવા માગે છે તો ચીન ભારત કરતા વધુ યોગ્ય છે અને સાધનો પણ છે. જો ભારત સૈન્ય તાકાત દેખાડવા માગે છે તો પીએલએ ભારતને ૧૯૬૨ કરતા પણ વધુ નુકસાન પહોંચાડવા માટે સક્ષમ છે. પેંગોંગ લેકમાં થયેલો સંઘર્ષ



દેખાડે છે કે, ભારતે ગલવાન ખીણમાંથી કોઈ પાઠ ભણ્યો નથી. તે હજુ પણ ચીનને ઉશ્કેરવા માગે છે. ચીન ભારત કરતા અનેકગણો તાકતવર છે અને ભારતનો ચીન સાથે કોઈ મુકાબલો જ નથી. આપણે ભારતની આ ગેરસમજને દૂર કરવી જોઈએ કે તે અમેરિકા સહિત અન્ય દેશો સાથે મળીને ચીન સાથે લડી શકે છે.

# કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું : લોનની ચૂકવણી માટેનું મોરેટોરિયમ બે વર્ષ સુધી લંબાવી શકાય છે

### સરકાર એવા સેક્ટરની ઓળખ કરી રહી છે જેમને રાહત આપી શકાય : સોલિસિટર જનરલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧
કેન્દ્ર સરકાર અને આરબીઆઈએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે કોરોનાની સ્થિતિ અનુસાર મોરાટોરિયમ પિરિયડને બે વર્ષ સુધી લંબાવાઈ શકે છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કેન્દ્ર સરકાર વતી કોર્ટને જણાવ્યું હતું કે, કોરોનાને કારણે હાલ મુશ્કેલીનો સામનો કરી રહેલા ક્ષેત્રો માટે પગલાં લેવાઈ રહ્યા છે. બેન્ચે સુનાવણી સ્થગિત કરી નાખી હતી. હવે બુધવારે આ મામલે સુનાવણી થશે.

સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે મુશ્કેલીનો સામનો કરી રહેલા સેક્ટર્સની ઓળખ કરીને તેમને રાહત આપવા માટે વિચારણા કરાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનામાં રિઝર્વ બેંકે તમામ બેંકોને ગ્રાહકોને EMI ભરવામાંથી છ મહિનાની રાહત આપવા માટે જણાવ્યું હતું. આ સમયગાળો ઓગસ્ટમાં પૂરો થઈ ગયો છે. સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે મોરાટોરિયમ પિરિયડ દરમિયાનનું વ્યાજ કે વ્યાજનું વ્યાજ ના લેવાની માગ સાથે



કોર્ટમાં જે ઢગલાબંધ અરજીઓ કરવામાં આવી છે તેના પર તે આવતીકાલે વધુ સુનાવણી કરશે. અગાઉ કોર્ટે કેન્દ્ર અને RBIને આ અંગે નિર્ણય લેવા કહ્યું હતું. કોર્ટે બેંકોના વ્યાજ પર વ્યાજ લેવાના નિર્ણયની ટીકા કરતા કહ્યું હતું કે બેંકો માત્ર વેપારનો જ વિચાર ના કરે. હવે જોવાનું રહે છે કે આ મામલે કોર્ટમાં આવતીકાલે શું થાય છે. સરકારે લોકડાઉન અને કોરોનાને કારણે મુશ્કેલીમાં મૂકાયેલા નાના-મોટા ઉદ્યોગ-ધંધાઓ માટે અત્યારસુધી અનેક રાહતોની જાહેરાત કરી છે. પીએમ મોદીએ પોતાના રાષ્ટ્રજોગ સંબોધનમાં અર્થતંત્રને દોડતું કરવા ૨૦ લાખ કરોડના પેકેજની જાહેરાત કરી હતી. જો કે આ પેકેજ છતાંય હજુય ઘણા ઉદ્યોગો નાણાંકીય ભીંસનો સામનો કરી રહ્યા છે.

બીજી તરફ, બેંકોને પણ એ વાતનો ડર છે કે જો લોનધારકો EMI ના ચૂકવી શક્યા તો NPAમાં ખૂબ મોટો વધારો થશે. તેવામાં બેંકો પણ ગ્રાહકોને લોનના સમયગાળામાં એડજસ્ટમેન્ટ કરીને તેમના પર EMIનો બોજ થોડો હળવો બને, અને ધીરે-ધીરે રિકવરી થતી રહી તે તે માટેના પ્રયાસો કરી રહી છે. ગયા અઠવાડિયાની શરૂઆતમાં, આ કેસમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કડક ટિપ્પણી કરી હતી કે લોન મોરટેરિયમના મામલામાં પોતાનો વલણ સ્પષ્ટ કરવા માટે જલ્દી સોગંદનામું આપવું જોઈએ અને રિઝર્વ બેંકની પાછળ છુપાવીને પોતાને બચાવવું નહીં. લોનના હપ્તા ભરપાઈ કરવાના મુદત દરમિયાન લોન માફી માંગવાની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે સરકારના લોકડાઉનને કારણે અર્થવ્યવસ્થામાં સમસ્યા ઉભી થઈ છે.

### યોગી સરકાર ફરી એકવાર ન્યાયતંત્ર સમક્ષ ભોંઠી પડી

# અલ્હાબાદ હાઈકોર્ટે ડો. કફીલખાનને એનએસએમાંથી મુક્ત કર્યા, જેલમાંથી તાત્કાલિક છોડી મૂકવાનો આદેશ

### ડો. કફીલખાનનું ભાષણ નફરત અને હિંસાને ફેલાવનાર નહીં પરંતુ રાષ્ટ્રીય અખંડિતતા અને લોકો વચ્ચેની એકતાને પ્રોત્સાહન આપનારૂં છે : અલ્હાબાદ હાઈકોર્ટનું અવલોકન

(એજન્સી) તા.૧
અલ્હાબાદ હાઈકોર્ટે ડો.કફીલખાનને મોટી રાહત આપતા તેમના વિરૂદ્ધ એનએસએ હેઠળ લાગુ કરવામાં આવેલા આક્ષેપોને રદ કરી દીધા હતા. આ સાથે જ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે ડો. ખાનને તાત્કાલિક જેલમાંથી છોડી મુકવામાં આવે. ઉલ્લેખનીય છે કે, ડો. કફીલખાન ૨૯ જાન્યુઆરી ૨૦૨૦થી ઉત્તરપ્રદેશના મથુરાની જેલમાં કેદ છે. ડો. કફીલખાન પર ૧૦ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી ખાતે યોજાયેલા સીએએ વિરોધી દેખાવો દરમ્યાન ઉશ્કેરણીજનક ભાષણ આપવાનો આરોપ છે. અલ્હાબાદ હાઈકોર્ટે ડો. કફીલખાનની માતાએ દાખલ કરેલી અરજી પર સુનાવણી કરતા ડો. કફીલખાનને તાત્કાલિક મુકત કરવાનો આદેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઓગસ્ટના મધ્યમાં જ યુપી સરકારે ડો. કફીલખાનની કસ્ટડી વધુ ત્રણ મહિના માટે વધારી દીધી હતી. કથિત ઉશ્કેરણીજનક ભાષણના કેસમાં ડો. કફીલખાન ૧૦ ફેબ્રુઆરીએ મુકત થવાના હતાં. ત્યારે જ ઉત્તરપ્રદેશ સરકારે તેમના પર નેશનલ સિક્યુરિટી એક્ટ (એનએસએ) હેઠળ કેસ દાખલ કર્યો હતો. સરકારે ડો. કફીલખાનના ભાષણને ઉશ્કેરણીજનક ગણાવ્યું હતું પરંતુ સુનાવણી દરમ્યાન અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું હતું કે ડો. કફીલખાનનું ભાષણ હિંસા અથવા



### અલ્હાબાદ હાઈકોર્ટની બેંચે એનએસએ હેઠળ ડો. ખાનની કસ્ટડી બે વાર લંબાવવાના નિર્ણયને પણ અયોગ્ય ગણાવ્યો

નફરત ફેલાવનાર ન હતું પરંતુ તે રાષ્ટ્રીય અખંડિતતા અને નાગરિકો વચ્ચે એકતાને વધારનારૂં હતું. નોંધનીય છે કે, ડો. કફીલખાને તેમના વિરૂદ્ધ એનએસએ હેઠળ નોંધવામાં આવેલા કેસને સુપ્રીમકોર્ટમાં પડકાર્યો હતો. ૧૧ ઓગસ્ટના રોજ ડો. કફીલખાનની અરજી પર સુનાવણી કરતા આદેશ આપ્યો હતો કે હાઈકોર્ટમાં પેન્ડિંગ રહેલી ડો. કફીલખાનની અરજી પર ૧૫ દિવસમાં સુનાવણી કરવામાં આવે. ડો. કફીલખાનના ભાઈ આદિલખાને કહ્યું હતું કે હું આ ચુકાદાનું સ્વાગત કરૂં છું અને હાઈકોર્ટને અભિનંદન આપું છું. આ ચુકાદો ઐતિહાસિક છે. અલ્હાબાદ હાઈકોર્ટની બેંચે એનએસએ હેઠળ ડો. ખાનની કસ્ટડી બે વાર લંબાવવાના નિર્ણયને પણ અયોગ્ય ગણાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૭માં ગોરખપુરની બી.આર.ડી. મેડિકલ કોલેજમાં ઈસેફેલાઈટિસ અને ઓકિસજનની અછતના કારણે ૬૦થી વધુ બાળકોના મૃત્યુ થયા હતા તે દરમ્યાન આ મેડિકલ કોલેજમાં ફરજ બજાવતા ડો.કફીલખાને સ્વપ્રયત્ને અને સ્વખર્ચે ઓકિસજનની વ્યવસ્થા કરી અનેક બાળકોના જીવ બચાવ્યા હતા.

# ફેસબૂક, વોટ્સએપ દેશની બાબતોમાં દખલ કરી રહ્યા છે : મોદી સરકાર પર રાહુલ ગાંધી આક્રમક

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧
અમેરિકી અખબાર વોલ સ્ટ્રીટ જર્નલમાં તાજેતરમાં દાવો કરાયો છે કે, જ્યારે ચૂંટણીઓમાં કોંગ્રેસની હાર થઈ હતી ત્યારે ભારતમાં ફેસબૂકના ટોચના અધિકારીએ આંતરિક કાર્યલયી સંવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખૂબ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, આ ૩૦ વર્ષની આકરી મહેનતનું પરિણામ છે. આ અંગે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે, આંતરરાષ્ટ્રીય મીડિયાએ ભારતની લોકશાહી અને



સામાજિક સદભાવ પર ફેસબૂક અને વોટ્સએપના હુમલાને સંપૂર્ણ રીતે ખુલ્લો પાડ્યો છે. અમારા દેશની બાબતોમાં કોઈને પણ દખલ કરવાની મંજૂરી આપી ના શકાય. આ બાબતમાં તાત્કાલિક તપાસ થવી જોઈએ અને દોષીને સજા થવી જોઈએ. રાહુલ ગાંધી ઉપરાંત અન્ય નેતાઓએ પણ ભાજપ અને ફેસબૂકની સાંઠગાંઠનો આરોપ લગાવ્યો છે અને કહ્યું છે કે, વિદેશી સોશિયલ નેટવર્કિંગનું કૃત્ય ડિજિટલ સામ્રાજ્યવાદ છે. પાર્ટીના ટોચના નેતા અધિર રંજન ચૌધરીએ કહ્યું કે, ફેસબૂક ઈન્ડિયા સાથે જોડાયેલા લોકોની તપાસ ના થાય ત્યાં સુધી કંપનીના પડતર પ્રસ્તાવોને મંજૂરી મળવી જોઈએ નહીં. કોંગ્રેસના આરોપો પર ફેસબૂક કે ભાજપની કોઈ પ્રતિક્રિયા આવી નથી.

# રાજકીય સન્માન સાથે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના અંતિમ સંસ્કાર કરાયા, પુત્રે મુખાગ્નિ આપી

## પ્રોટોકોલ હેઠળ અંતિમ સંસ્કાર વખતે સેનાની ટુકડીએ પૂર્વ રાષ્ટ્રપતિને ''ગાર્ડ ઓફ ઓનર'' તેમજ તોપોની સલામી આપી

(એજન્સી) નવી દિલ્હી તા.૧

પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન પ્રણવ મુખરજીના આજે અંતિમ સંસ્કાર કરી દીધા. રાજકીય સમ્માનની સાથે લોધી સ્મશાન ઘાટ પર પ્રણવ દા પંચમહાભૂતમાં વિલીન થઈ ગયા. તેની પહેલાં તેમના નશ્વર દેહને આર્મી હોસ્પિટલથી ૧૦, રાજાજી માર્ગત સ્થિત આવેલા તેમના સરકારી ઘરમાં લઈ જવાયા હતા. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારના રોજ ભારત રત્નથી સમ્માનિત દેશના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને તેમના ઘરે શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. પ્રણવ મુખરજીના કોરોના પ્રોટોકોલ સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. ખાસ વાત એ છે કે પ્રણવ મુખરજી કોરોના પોઝિટિવ હતા. આથી તેમના અંતિમ સંસ્કારમાં ઓછા લોકો જ સામેલ થયા. તમામ લોકો




**પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને પેઢીઓ યાદ કરશે : વડાપ્રધાન મોદી**

પીપીઈ કિટમાં દેખાયા. તેમના દિકરા અભિજીત મુખરજીએ પિતા પ્રણવ મુખરજીને મુખાગ્નિ આપી. પ્રવણ દા ના અંતિમ સંસ્કાર રાજકીય સમ્માનની સાથે કરાયા. સેનાની ટુકડીએ પૂર્વ રાષ્ટ્રપતિને ગાર્ડ ઓફ ઓનર તેમજ તોપોની સલામી આપી હતી. પ્રણવ મુખરજીના પાર્થિક શરીરને ત્રિરંગામાં લપેટવામાં આવ્યો હતો. વડાપ્રધાન મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિને અંતિમ વિદાય આપણા કહ્યું હતું કે પ્રણવ મુખરજીને પેઢીઓ યાદ કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન પ્રણવ મુખરજી એ દાયકાઓથી રાષ્ટ્રને મજબૂત બનાવા માટે અથાગ પ્રયાસ કર્યા. સરકારમાં હોય કે વિપક્ષમાં તેમણે તમામને સાથે લીધા. તેમના અપાર યોગદાનને ક્યારેય ભૂલી શકાશે નહીં. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના નિધન પર રાષ્ટ્રપતિ ભવન અને સંસદ ભવનમાં ત્રિરંગા અડધી કાંઠીએ ફરકાવ્યો છે. ભારતમાં ૩૧મી ઑગસ્ટથી લઈ ૬ સપ્ટેમ્બર સુધી રાજકીય શોક રહેશે. આ દરમ્યાન દેશભરમાં તમામ ભવનો પર રાષ્ટ્રીય ધ્વજ અડધી કાંઠીએ ઝૂકતો રહેશે જ્યાં ધ્વજ લાગેલો રહે છે.

### અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પનું મોટું નિવેદન

# ક્લિનિકલ ટ્રાયલના ત્રીજા તબક્કામાં પહોંચી એસ્ટ્રાજેનેકાની કોરોના રસી

વૉશિંગ્ટન, તા.૧

કોરોના વાયરસની રસી શોધવામાં દરેક દેશ લાગ્યો છે. આ વચ્ચે અમેરિકાને ટૂંક સમયમાં ખુશ ખબર મળી શકે છે. કારણ કે, એસ્ટ્રાજેનેકાની કોરોના રસી ક્લિનિકલ ટ્રાયલના ત્રીજા તબક્કામાં પહોંચી ગઈ છે.

વિશ્વના મોટાભાગના દેશોને જીવલેણ કોરોના વાયરસે ભરડામાં લઈ લીધા છે. વધી રહેલા મહામારીના કહેર વચ્ચે દરેક દેશ તેની રસી શોધવામાં લાગ્યો છે. આ દરમિયાન જગત જમાદાર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે, અમેરિકી કંપની એસ્ટ્રાજેનેકા દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી કોવિડ ૧૯ની રસીનું ક્લિનિકલ ટ્રાયલ ત્રીજા તબક્કામાં પહોંચી ગયું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે તેમ પણ કહ્યું કે, કોરોનાની આ દવાને ટૂંક સમયમાં મંજૂરી પણ મળી શકે છે. ટ્રમ્પે કહ્યું, 'મને જણાવતાં ખુશી થઈ રહી છે કે, કોરોનાની રસી વિકસિત કરી રહેલી એસ્ટ્રાજેનેકાની રસી પોતાના ટેસ્ટ માટે ત્રીજા તબક્કામાં પહોંચી ચૂકી છે. આ તેવી રસીની યાદીમાં સામેલ થઈ ચૂકી છે જે બનવાની ઘણી નજીક છે. લોકોને લાગી રહ્યું હતું કે, આ અશક્ય છે પરંતુ અમે અમેરિકામાં આ કરી બતાવ્યું'.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે કહ્યું કે, કોવિડ-૧૯ની રસી બનાવવામાં ઘણો સમય લાગી શકતો હતો, પરંતુ તેમના તંત્રએ આ કામ થોડા મહિનામાં જ કરી બતાવ્યું. તેમણે કહ્યું કે, દેશના ૩૦ હજાર વોલેન્ટિયર્સ પર કોરોનાની રસીનું ટ્રાયલ કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટી તંત્ર અમેરિકામાં હાલ ઓપરેશન વાર્પ સ્પીડ ચલાવી રહ્યું છે. જે અંતર્ગત કોરોના સામે લડવા માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

અમેરિકામાં એસ્ટ્રાજેનેકાની રસીનું ત્રીજા તબક્કાના ટ્રાયલમાં પહોંચવું તે પણ વાર્પ સ્પીડનો જ એક ભાગ છે. આ ઓપરેશનનો ઉદ્દેશ વર્ષ ૨૦૨૧ સુધીમાં કોરોનાની સુરક્ષિત અને ૩૦ કરોડ સપ્લિમેન્ટ તૈયાર કરવાનો છે.

### ભારત કેસો અને મૃત્યુઆંક મામલે વિશ્વમાં ત્રીજા નંબરે, એક્ટિવ કેસમાં બીજા ક્રમાંકે

# દેશમાં કોરોના કેસ ૩૭ લાખ અને મૃત્યુઆંક ૬૫ હજારને પાર

## વિશ્વમાં રોજનાં સંક્રમિતો અને મોતનાં આંકડાઓમાં ક્રમશઃ ૩૦ અને ૨૦ ટકા લોકો ભારતીય ● એક દિવસમાં કોરોનાના ૬૯,૯૨૧ કેસ અને ૮૧૯નાં મોત, ૨૪ કલાકમાં ૬૫ હજારથી વધુ લોકો સાજા થયા ● કુલ કેસની સંખ્યા ૩૭,૩૩,૯૩૬ અને મૃત્યુઆંક ૬૫,૯૨૨ સાથે ૨૮૭૨૭૧૪ લોકો સાજા થયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભારતમાં અનલોક-૪ની શરૂઆત વચ્ચે કોરોનાનો કહેર હજીપણ યથાવત છે, દેશમાં કોરોના કેસો મામલે સૌથી ખરાબ મહિનો ઓગસ્ટનો રહ્યો છે. એકલા ઓગસ્ટ મહિનામાં કોરોનાના ૨૦ લાખથી વધુ સંક્રમિતો સામે આવ્યા છે. જ્યારે ૩૦ હજારથી વધુ લોકોનાં કોરોનાથી મોત નીપજયા છે. એટલે ભારતમાં ઓગસ્ટ મહિનામાં કોરોના પીક પર રહ્યો છે. જ્યારે મહિનાના છેલ્લા દિવસે કોરોનાના ૭૦ હજારની નજીક કેસ નોંધાયા છે અને સાથે ૮૧૯ લોકોના કોરોનાથી મોત થયા છે. વિશ્વમાં રોજનાં સંક્રમિતો અને મોતનાં આંકડાઓમાં ક્રમશ ૩૦ અને ૨૦ ટકા લોકો ભારતીય હોવાનુ માલૂમ પડ્યુ છે. કોરોના કેસો અને મૃત્યુઆંક મામલે ભારત ત્રીજા ક્રમાકે છે. રોજનાં સરેરાશ ૭૦-૭૨ હજાર કોરોના કેસ સામે આવી રહ્યા છે જ્યારે સરેરાશ ૯૦૦ લોકો રોજ કોરોનાથી મોત થઈ રહ્યા છે. કોરોના કેસમાં બ્રાઝિલ બાદ ભારત ત્રીજા નંબરે છે જ્યારે મોત મામલે ભારત મેક્સિકોને પાછળ છોડી ત્રીજા નંબરે આવી ગયું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૬૯,૯૨૧ નવા દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ કોરોનાના કેસનો કુલ આંકડો ૩૭,૩૩,૯૩૬ પર પહોંચી ગયો છે. જેમાંથી ૭,૯૪,૭૧૧ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. જ્યારે ૨૮,૭૨,૭૧૪ લોકો કોરોનાને માત આપીને સાજા થયા છે. કોરોનાએ એક જ દિવસમાં ૮૧૯ લોકોનો ભોગ લીધો. દેશમાં કોરોનાથી મૃત્યુનો કુલ આંકડો ૬૫,૯૨૨ થયો છે.મૃત્યુદર અને એક્ટિવ કેસ રેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. મૃત્યુદર ઘટીને ૧.૭૮ ટકા થઈ ગયો. આ ઉપરાંત એક્ટિવ કેસનો દર પણ ઘટીને ૨૨ ટકા થયો છે. રિકવરી રેટ એટલે કે સાજા થવાનો દર ૭૭ ટકાથયો છે. આંકડા મુજબ દેશમાં એક્ટિવ કેસ મામલે ટોપ પર મહારાષ્ટ્ર રાજ્ય છે. ત્યારબાદ તામિલનાડુ, ત્રીજા નંબરે દિલ્હી, ચોથા નંબરે ગુજરાત અને પાંચમા નંબરે પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. એક્ટિવ કેસ મામલે દુનિયામાં ભારતનું બીજુ સ્થાન છે. કોરોના સંક્રમિતો અને મોતની સંખ્યા જોઈએ તો ભારત દુનિયાનો ત્રીજો સૌથી વધુ પ્રભાવિત દેશ છે. અમેરિકા અને બ્રાઝિલ બાદ કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશ ભારત છે.

### એક માસમાં બીજીવાર ધરતી ધ્રૂજી

# મણિપુરમાં ૫.૧ તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

(એજન્સી) ઈમ્ફાલ, તા.૧

દેશના ઈશાન ખૂણે આવેલા મણીપુરમાં સોમવારે રાત્રે ૫.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવતાં લોકો ઘરમાંથી બહાર આવી ગયા હતા. એક મહિનામાં મણીપુરમાં ભૂકંપનો આ બીજો આંચકો આવ્યો હતો.

આ પહેલાં ઑગષ્ટની ૧૧મીએ ભકંપનો આંચકો અનુભવાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના કહેવા મુજબ સોમવારે મધરાત પછી બેને ૩૯ મિનિટે ભૂકંપનો આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર મણીપુરની પૂર્વે પંચાવન કિલોમીટર દૂર આવેલા ઉખરૂલમાં હતું. જો કે કોઈ જાનહાનિ કે સંપત્તિના નુકસાનના રિપોર્ટ મળ્યા નહોતા.

ઑગષ્ટની ૧૧મીએ સાંજે સાડા સાત વાગ્યે ભૂકંપનો આંચકો આવ્યો ત્યારે પણ કોઈ નુકસાન કે જાનહાનિ થયા નહોતા. એક તરફ ભારે વરસાદ અને ઊભરાતી નદીઓ વચ્ચે આવેલા ભૂકંપના આંચકાએ લોકોમાં ગભરાટની લાગણી ફેલાવી દીધી હતી.

# અદાણીને રાહત : સુપ્રીમે રાજસ્થાન વીજ કંપનીના સમૂહની અરજી નામંજૂર કરી

નવી દિલ્હી, તા.૧

અદાણી ગ્રુપ માટે એક સારા સમાચાર આવી રહ્યા છે. આ વાત રાજસ્થાન પાવર લિમિટેડ (ARPL) સાથે સંકળાયેલી છે. મંગળવારે સુપ્રીમ કોર્ટે અદાણી રાજસ્થાન પાવર લિમિટેડ (એઆરપીએલ)ને મોટી રાહત આપતાં રાજસ્થાન વીજ વિતરણ કંપનીના સમૂહની એ અરજીને નામંજૂર કરી છે કે જેમાં જેમાં એઆરપીએલને કંપન સેટરી ટેરિફ આપવાની વાત કહી હતી. આ સાથે સુપ્રીમ કોર્ટે ૭ વર્ષ જૂના આ વિવાદનો અંત લાવી દીધો છે.

ન્યાયાધીશ અરૂણ મિશ્રા, ન્યાયાધીશ વિનીત શરણ અને ન્યાયાધીશ એમ.આર.શાહની ખંડપીઠે રાજસ્થાન વીજળી નિયમન પંચ અને પાવર અપીલ ટ્રિબ્યુનલના તે નિર્ણયને સાચો ગણાવ્યો છે જેમાં એઆરપીએલ રાજસ્થાન ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ સાથે થયેલ વીજ ખરીદી કરાર હેઠળ કંપન સેટરી ટેરિફ મેળવવાના હકદાર ગણવામાં આવ્યા હતા.

આરપીએલે કંપન સેટરી ટેરિફનો દાવો કર્યો હતો અને જણાવ્યું હતું કે વીજળી ઉત્પાદન માટે કોલસાની ઉપલબ્ધતા ન હોવાને કારણે તેને બહારથી આયાત કરવી પડી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર અદાણી રાજસ્થાન પાવર લિમિટેડ એઆરપીએલને સુપ્રીમ કોર્ટના આ નિર્ણય પછી આશરે ૫૦૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થવાની સંભાવના છે.

# ''બેટા ગુનેગારોને સજા મળશે'' : કુટુંબીજનો પર હુમલા અંગે સુરેશ રૈનાને અમરિન્દર સિંહની ખાતરી

## આ હુમલાની તપાસ સીટ દ્વારા કરવામાં આવશે, વહેલામાંવહેલી તકે હુમલાખોરો જેલના સળિયા પાછળ હશે : પંજાબના મુખ્યમંત્રી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

પોતાના પરિવાર પર થયેલા હુમલાના ગુનેગારોને નહીં છોડવા ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી સુરેશ રૈનાએ પંજાબના મુખ્યમંત્રીને કરેલી વિનંતી અંગે અમરિન્દર સિંહે પણ જવાબ વાળ્યો હતો. સિંહે રૈનાની ટ્વીટ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, હું તમને ખાતરી આપું છું કે તમને ન્યાય જરૂર મળશે. ગુનેગારોને છોડવામાં નહીં આવે. સિંહે આ હુમલા અંગે રૈના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરતા ટ્વીટ કર્યું હતું અને આ કેસની તપાસ માટે સ્પેશયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવા રાજયના પોલીસ વડાને આદેશ આપ્યો હતો. વહેલામાં વહેલી તકે આ હુમલાના ગુનેગારોને પકડી પાડવામાં આવશે. કલેકટર અને એસએસપીએ પીડિત પરિવારની મુલાકાત લઈ તેમની ખબર પૂછી હતી.

પંજાબમાં રૈનાના પરિવાર પર થયેલા હુમલામાં તેના ફુઆ અને પિતરાઈના મોત થયા હતા. જ્યારે તેમના ફોઈ અને અન્ય એક પિતરાઈને ગંભીર ઈજાઓ થઈ હતી. રૈનાએ ટ્વીટ કરી જણાવ્યું હતું કે, દુર્ભાગ્યપૂર્ણ રીતે આ હુમલામાં ઘવાયેલા મારા પિતરાઈનું ગઈરાત્રે મોત થયું હતું. તે છેલ્લા કેટલાક દિવસોથી મોત સામે જંગ લડી રહ્યો પણ તેનું નિધન થયું હતું. આજ દિન સુધી અમને એ વાતની ખબર પડી નથી કે, તે રાત્રે ચોક્કસ થયું શું હતું. મારા ફોઈની હાલત હજુ ગંભીર બનેલી છે. આ હુમલો કોણે કર્યો હતો તે અંગે પણ ચોક્કસ માહિતી મળી નથી. હું પંજાબ પોલીસને વિનંતી કરૂ છું કે તે આ મામલે યોગ્ય તપાસ કરે. અમને એટલી જાણકારી તો મળવી જ જોઈએ આ હિચકારૂ કૃત્ય કોણે આચર્યું હતું. આ હુમલાના ગુનેગારોને છોડવા જોઈએ નહીં જેથી તેઓ વધુ કોઈ ગુન્હાને અંજામ ન આપી શકે. રૈનાએ પોતાની ટ્વીટમાં પંજાબના મુખ્યમંત્રી અને રાજયની પોલીસને ટેગ કર્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, રૈના પોતાની ટીમને યુએઈમાં છોડી ભારત પરત ફરતા આશ્ચર્ય સર્જાયું હતું. જો કે પાછળથી મીડિયામાં એવો ખુલાસો થયો હતો કે, તેને બાલ્કનીવાળો રૂમ નહીં મળતા તે નારાજ થઈ પરત ફર્યો હતો. આ અંગે ટીમના માલિક એન શ્રિનાવસને રૈના સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. રૈનાના સગાઓ પર ગત ૨૦ ઓગસ્ટની રાત્રે પંજાબમાં હુમલો થયો હતો. પઠાણકોટમાં ત્રણ-ચાર સ્થાનિક ગુંડાઓની ટોળકીએ રૈનાના કુટુંબીજનો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં માથામાં ઈજાના કારણે રૈનાના ૫૮ વર્ષીય ફુઆનું મોત થયું હતું જ્યારે અન્ય ચાર સભ્યોને ગંભીર ઈજા પહોંચી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, આ હુમલાની તપાસ માટે સ્પેશયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી છે. પોલીસે ગુનેગારોને પકડી પાડવા અલગ અલગ સ્થળે દરોડા પાડયા હતા પણ તેમને સફળતા મળી ન હતી.

# ઝારખંડ કેડરના નિવૃત્ત IAS અધિકારી રાજીવકુમાર નવા ચૂંટણી કમિશનર બન્યા

## ચૂંટણી કમિશનર તરીકે રાજીવકુમારનો કાર્યકાળ પાંચ વર્ષનું રહેશે, ૨૦૨૫માં તેઓ નિવૃત્ત થશે, ૨૦૨૪ લોકસભા ચૂંટણીના સમયે તેઓ મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે ચાર્જ સંભાળી શકે છે



(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભૂતપૂર્વ અમલદાર રાજીવકુમારે મંગળવારે નવા ચૂંટણી કમિશનરનો ચાર્જ સંભાળ્યો. તેમને અશોક લવાસાની જગ્યા પર ચૂંટણી કમિશનર બનાવાયા છે. લવાસા એશિયાઈ વિકાસ બેંકના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરાયા છે. ઝારખંડ કેડરની ૧૯૮૪ની બેંચના નિવૃત્ત આઈ.એસ.એસ. અધિકારી રાજીવકુમારનો કાર્યકાળ કુલ પાંચ વર્ષનો રહેશે અને તેઓ વર્ષ ૨૦૨૫માં સેવા પરથી નિવૃત્ત થશે. તેઓ વર્ષ-૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણીના સમયે મુખ્ય ચૂંટણી કમિશનર બની શકે છે. નિયમો મુજબ ચૂંટણી કમિશનરનો કાર્યકાળ છ વર્ષ અથવા ૬૫ વર્ષની વય, બંનેમાંથી જે પણ પ્રથમ હોય તે સમય સુધી હોય છે. કુમારનો જન્મ ફેબ્રુઆરી ૧૯૬૦માં થયું હતું. કુમારે ૩૬ વર્ષોની સેવા આપ્યા દરમિયાન કેન્દ્ર અને બિહાર-ઝારખંડ રાજ્ય કેડરમાં વિવિધ મંત્રાલયોમાં સેવા આપી. તેઓ આ વર્ષે ફેબ્રુઆરીમાં કેન્દ્રીય નાણા સચિવના પદ પરની સેવામાંથી નિવૃત્ત થયા અને ૨૯ એપ્રિલે પબ્લિક એન્ટરપ્રાઈઝિસ સિલેક્શન બોર્ડ (પીઈએસબી)ના પ્રમુખ તરીકે તેમની નિમણૂંક કરાઈ હતી. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમની પદની જવાબદારી સંભાળવાની તારીખથી જ તેમની નિમણૂંકને મંજૂરી આપી દીધી. કુમારની નિમણૂંક લવાસાની જગ્યા ઉપર થઈ છે જેમનું રાજીનામું ૩૧મી ઓગસ્ટથી લાગુ થશે કાયદા અને ન્યાય મંત્રાલયની સૂચના અનુસાર 'બંધારણની કલમ ૩૨૪ના વિભાગ (૨) અનુસાર રાષ્ટ્રપતિએ રાજીવકુમાર (નિવૃત્ત ભારતીય વહીવટી સેવા-આઈએએસ)ને ચૂંટણી કમિશનરના પદ પર નિમણૂંક કર્યા છે.

# યોગી સરકાર ગેંગસ્ટર દિલીપ મિશ્રાની ૧૨ સંપત્તિ જપ્ત કરશે

લખનઉ, તા.૧

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથની સરકાર છેલ્લા થોડા સમયથી ગેંગસ્ટર અને માફિયા દાદાઓ વિરુદ્ધ કડક પગલાં લેતી થઈ હતી. અગાઉ સાંસદ અતીક અહમદ સામે પગલાં લેવાયાં હતાં.

આ દિશામાં લેટેસ્ટ સમાચાર મુજબ પ્રયાગરાજના ભૂતપૂર્વ સાંસદ અને બાહુબલિ માફિયા ગણાતા અતીક અહમદ પછી હવે દિલીપ મિશ્રા વિરૂદ્ધ સકંજો મંડાયો હતો. દિલીપની બાર સંપત્તિ પોલીસ કબજે કરી લેવાની તૈયારીમાં હતી. પોલીસે પ્રયાગરાજના જિલ્લા મેજિસ્ટ્રેટને દિલીપની બાર એવી સંપત્તિની યાદી મોકલી હતી જે ગેરકાયદે કે અપરાધ દ્વારા મેળવવામાં આવી હોય. દિલીપને આ વાતનો અણસાર આવી જતાં એણે પોતાની રીતે બધા રાજકીય સંપર્કો અજમાવી જોયા હતા પરંતુ ક્યાંયથી એને સપોર્ટ મળ્યો નહોતો. એને ખ્યાલ આવી ગયો હતો કે દરેક નેતા પોતાની જાતને સાચવીને બેઠો હતો. યોગી આદિત્યનાથની સરકાર પગલાં લેવા મક્કમ હતી. દિલીપની કેટલીક સંપત્તિ એની પત્ની અર્ચનાના નામે હતી તો કેટલીક સંપત્તિ પુત્ર શુભમ મિશ્રાના નામે હતી. પોલીસે આ તમામ સંપત્તિની યાદી તૈયાર કરીને મંજૂરી માટે જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી આપી હતી. એકવાર ત્યાંથી લીલી ઝંડી મળે એટલે પોલીસ દિલીપ મિશ્રાની તમામ સંપત્તિ કબજે કરી લેશે. અત્યારે પોલીસે આ બારેબાર સંપત્તિ પર પોતાની બાજનજર રાખી હતી જેથી દિલીપ કંઈ આડુંઅવળું કરે તો પોલીસ એના પર ત્રાટકી શકે.

# રાષ્ટ્રપતિ ચૂંટણી અગાઉ અમેરિકા-ભારત વચ્ચે થઈ શકે છે વેપાર કરાર

નવી દિલ્હી, તા.૧

અમેરિકા અને ભારત વચ્ચે રાષ્ટ્રપતિ ચૂંટણી અગાઉ એક નાનો વેપાર કરાર થઈ શકે છે. અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી ૩ નવેમ્બરે છે. અમેરિકા-ભારત રણનૈતિક અને ભાગીદારી પ્લેટફોર્મ (USISPF) દ્વારા સોમવારે વર્ચ્યુઅલી આયોજીત ત્રીજી ભારત-અમેરિકા નેતૃત્વ શિખર સંમેલનને સંબોધિત કરતા અમેરિકાના ઉપ વિદેશ મંત્રી સ્ટીફન બેગુને જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પમાં પરસ્પર ઘણાં સારા સંબંધો છે. બન્ને એક વેપાર કરાર કરવા અંગે પ્રતિબદ્ધ છે. એવામાં એક નાના કરારની સંભાવના છે. બેગુનથી અમેરિકાના રાષ્ટ્રપતિ ચૂંટણી અગાઉ નાના વેપાર કરાર અંગે સંભાવના બાબતે પૂછવામાં આવ્યું હતું. ભારતમાં અમેરિકાના પૂર્વ રાજદૂત રિચર્ડ વર્માએ તેમને સવાલ કર્યો કે, શું તમને લાગે છે કે ચૂંટણી પહેલા નાના વેપાર કરારની સંભાવના છે? બેગુને જવાબ આપ્યો તે આની સંભાવનાઓ છે. જો કે આના માટે આપણે વધુ કોશિશ કરવી પડશે. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર, ગત નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં અમેરિકા સતત બીજા વર્ષે ભારતનું સૌથી મોટો વેપાર ભાગીદાર રહ્યું. ગત વર્ષમાં બન્ને દેશોનો દ્વિપક્ષિય વેપાર ૮૮.૭૫ અબજ ડોલર રહ્યો, જે ૨૦૧૮-૧૯માં ૮૭.૯૬ અબજ ડોલર હતો. અમેરિકા અમુક એવા દેશોમાંથી છે જેની સાથે ભારત વેપાર સરપ્લસની સ્થિતિમાં છે. ૨૦૧૯-૨૦માં આ વેપાર અંતર ૧૭.૪૨ અબજ ડોલરે પહોંચ્યું, જે તેનાથી અગાઉના વર્ષમાં ૧૬.૮૬ અબજ ડોલર હતું.

# લો બોલો ! રાજસ્થાનમાં પચાસ ટકા ઘરોમાં શૌચાલય જ નથી : કેગ રિપોર્ટ

નવી દિલ્હી, તા.૧

પ્રધાન મંત્રી આવાસ યોજના અને સ્વચ્છ ભારત યોજના દરમિયાન ૨૦૧૮માં રાજસ્થાનમાં બનેલા મકાનોમાં પચાસ ટકા ઘરોમાં શૌચાલય જ નથી. રાષ્ટ્રીય ઓડિટર કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (સીએજી)ના રિપોર્ટમાં આ વાત જાહેર થઈ હતી. આ રિપોર્ટમાં જણાવાયા મુજબ રાજસ્થાનના સાત જિલ્લામાં ચેકપ કરાયું હતું. બારાં, બીકાનેર, ભરતપુર, દૌસા, જોધપુર, ટોંક અને ઉદયપુરની ૫૯ ગ્રામ પંચાયતો દ્વારા પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ બનેલા ૫૯૦ ઘરોની ચકાસણી કરવામાં આવી હતી. ૨૯૦ ઘરોમાં શૌચાલય નહોતાં. આમ છતાં રાજસ્થાન રાજયને ૨૦૧૮માં ખુલ્લામાં જાજરૂ કરવાની ગંદી પરંપરાથી મુક્ત રાજ્ય જાહેર કરવામાં આવ્યું હતું. કેગના રિપોર્ટમાં વધુમાં જણાવાયા મુજબ ૫૯૦ ઘરોમાંથી ૩૫૮ ઘરોમાં અર્થાત્ ૬૦ ટકા ઘરોમાં વીજળી નહોતી. એજ રીતે ૫૯૦માંથી આશરે ૧૯૧ ઘરોમાં એટલે કે લગભગ ૩૩ ટકા ઘરોમાં એલપીજી ગેસની વ્યવસ્થા નહોતી. ૫૯૦માંથી માત્ર ૨૬ ઘરોમાં પાઈપ દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. ૭૩ ઘરોમાં હજુ પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા નહોતી. ૫૯૦ ઘરોમાં માત્ર ૩૯૧ ઘરો પાક્કાં બાંધકામવાળાં હતાં. બાકીના ઘરોમાં પૂરતી વ્યવસ્થા નહીં હોવાથી જેમને ફાળવ્યા હતા એ લોકો હજુ રહેવા માટે આવ્યા નહોતા. એનો અર્થ એ થયો કે પ્રધાન મંત્રી આવાસ યોજનાના નામે ત્યારના શાસક (ભાજપ) પક્ષે કરોડો રૂપિયાનો ધૂમાડો કર્યો એમાંથી ઘણાં નાણાં ખવાઈ ગયાં હશે. સીએજીના રિપોર્ટમાં હજુ તો માત્ર સાત જિલ્લાના ઘરોની ગણના થઈ હતી. સમગ્ર રાજ્યમાં કેટલું મોટું કૌભાંડ થયું હશે એની માત્ર કલ્પના કરવાની હતી.

### યુપીના પાંચ આરોપીઓને વિજિલન્સ ટીમે ૧૫ દિવસમાં ઝડપી લીધા

# આસામ મુખ્યમંત્રીની ખોટી સહી કરી સીએમ રાહત ફંડમાંથી રોકડ ઉઠાવવાના કૌભાંડનો પર્દાફાશ

ગુવાહાટી,તા.૧

અસામમાં મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સીએમની ખોટી સહી કરી પૈસા ઉપાડી લેવાનો કિસ્સો સામે આવ્યો છે. મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રોકડ ઉપાડી લેવા સામે વિજિલેન્સ સેલ ટીમે પાંચ આરોપીઓની ધરપકડ કરી છે, આ તમામ આરોપીઓ યુપી સાથે સંકળાયેલા હોવાની માહિતી છે. કેટલીક અસામાન્ય લેવડ-દેવડ તરફ ધ્યાન દોરાતા સમગ્ર કેસ સામે આવ્યો હતો. ગઠિયાઓ એ અસામના સીએમની ખોટી સહી કરીને કૌભાડ આચર્યુ હતું. અસામ મુખ્યમંત્રીની સ્પેશિયલ વિજિલન્સ સેલ ટીમે યુપીમાંથી પાંચ ગઠિયાઓની ઝડપી લીધા હતા. પોલીસની માહિતી મુજબ પાંચેય આરોપીઓને યુપીના ગોરખપુર અને બળિયાથી ઝડપી લેવામાં આવ્યા હતા, સોમવારે ગુવાહાટી લાવવામાં આવ્યા હતા. સીએમ વિજિલેન્સ ટીમને આ કેસ માત્ર ૧૫ દિવસમાં ઉકેલવાના ઓર્ડર આપવામાં આવ્યા હતા. વિજિલેન્સ ટીમે એક ગુપ્ત અભિયાન કરીને આરોપીઓની ધરપકડ કરી હતી.

### લોન્ચર ખરીદવા બે અગ્રગણ્ય ઘરેલુ રક્ષા કંપનીઓ સાથે કરાર કર્યો

# ચીન-પાક સીમા પર તાકાત વધારવા ભારત ૬ પિનાકા રોકેટ લોન્ચર ખરીદશે

નવી દિલ્હી, તા.૧

રક્ષા મંત્રાલયે છ સૈન્ય રેજિમેન્ટ માટે ૨૫૮૦ કરોડ રૂપિયાના ખર્ચે પિનાકા રોકેટ લોન્ચર ખરીદવાને લઈને બે અગ્રગણ્ય ઘરેલુ રક્ષા કંપનીઓ સાથે કરાર કર્યો. આ પગલું મેક ઈન ઈન્ડિયા પહેલને મોટા પાયે પ્રોત્સાહન આપા માટે ઉઠાવવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે પિનાકા રેજિમેન્ટને સૈન્ય દળોની સંચાલન તૈયારીઓ વધારવા માટે ચીન અને પાકિસ્તાન સાથે જોડાયેલી ભારતીય સરહદે તૈનાત કરાશે. ટાટા પાવર કંપની લિમિટેડ અને લાર્સન એન્ડ ટુબ્રો સાથે કરાર પર હસ્તાક્ષર કરાયા છે. જ્યારે રક્ષા ક્ષેત્રનો સરકારી ઉપક્રમ ભારત અર્થ મૂવર્સ લિમિટેડને પણ આ પ્રોજેક્ટનો હિસ્સો બનાવવામાં આવ્યો છે. બીઈએમએલ એવા વાહનો પૂરા પાડશે જેના પર રોકેટ લોન્ચરને રાખવામાં આવશે. રક્ષા મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે છ પિનાકા રેજિમેન્ટમાં ઓટોમેટેડ ગન એમિંગ એન્ડ પોઝિશનિંગ સિસ્ટમ (AGAPS)ની સાથે ૧૧૪ લોન્ચર અને ૪૫ કમાન પોસ્ટ પણ હશે. નિવેદનમાં કહેવાયું છે કે મિસાઈલ રેજિમેન્ટનું સંચાલન ૨૦૨૪ સુધીમાં શરૂ કરવાની યોજના છે. તેમાં કહેવાયું છે કે હથિયાર પ્રણાલીમાં ૭૦ ટકા સ્વદેશી સામગ્રી હશે અને રક્ષામંત્રી રાજનાથ સિંહ તથા નાણામંત્રી નિર્મલા સીતારમણે પ્રોજેક્ટને મંજૂરી આપી છે. પિનાકા મલ્ટીપલ લોન્ચ રોકેટ સિસ્ટમને ડીઆરડીઓએ વિકસિત કરી છે. આ એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ છે જે આત્મનિર્ભર બનવા માટે અત્યાધુનિક ટેક્નોલોજીના ક્ષેત્રમાં સાર્વજનિક ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રદર્શિત કરે છે.

# ભારત-ચીન તણાવ: એનએસએ ડોભાલે પરિસ્થિતિની કરી સમીક્ષા

ન્યુ દિલ્હી,તા.૧

પૂર્વી લદાખમાં તણાવ વધ્યા બાદ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલે મંગળવારના રોજ ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરી હતી અને ભારત-ચીન સરહદ ઉપર વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. મળતી મહિતી મુજબ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ પણ આજે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી શકે છે. તેમણે કહ્યું કે ચીની સેનાએ લદાખના ચૂશુલ નજીક પેંગોંગ દક્ષિણના કાંઠે ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો રહ્યા હતા. જેને ભારતીય સેનાએ નિષ્ફળ કર્યો હતો.આ દરમિયાન ભારતીય અને ચીની સેના વચ્ચે બ્રિગેડ કમાન્ડર કક્ષાની ચૂશુલ મોલ્ડોમાં બેઠક ચાલી રહી છે. ભારત અને ચીન વચ્ચે મે મહિનામાં પૂર્વ લદાખની ગાલવાન ઘાટીમાં ફિંગર એરિયા, ગલવાન ઘાટી, હોટ સ્પ્રિંગ્સ અને કોંગ્રંગ નાળા સહિતના અનેક વિસ્તારો પર ગેરકાયદે કબજો કરવાને લઈને તણાવ ચાલી રહ્યો છે.ચીન દ્વારા પેંગોંગ ત્સો ક્ષેત્રમાં સ્થિતીમાં પરિવર્તન લાવવા માટે ૧૫ જૂને ગલવાન ઘાટીમાં પ્રયાસ કર્યો હતો. આ અથડામણ પ્રદેશની પહેલી મોટી ઘટના હતી, જેમાં ભારતના ૨૦ જવાન શહીદ થયા હતા.

### મસ્કની સંપત્તિ વધીને ૧૧૫.૪ અબજ ડોલર થઈ

# ઝુકરબર્ગને પછાડી એલન મસ્ક વિશ્વના સૌથી ત્રીજા ધનાઢ્ય વ્યક્તિ બન્યા

સાન ફ્રાન્સિસ્કો, તા.૧

ટેક્નોલોજી એન્ટોપ્રેન્યોર એલન મસ્ક ફેસબુકના સહ સ્થાપક માર્ક ઝકરબર્ગને પછાડીને વિશ્વના ત્રીજા સૌથી ધનાઢ્ય વ્યક્તિ બની ગયા છે. મસ્કની સંપત્તિ વધીને ૧૧૫.૪ અબજ ડોલર થઈ ગઈ છે, જ્યારે જકરબર્ગની સંપત્તિ ૧૧૦.૮ અબજ ડોલર છે. સ્ટોકના ફોરવર્ડ સ્ટોક સ્પ્લિટ બાદ ટેસ્લના શેરની કિંમતમાં ભારે ઉછાળો આવ્યો છે. આ કારણે મસ્કની સંપત્તિ વધી રહી છે. માસ્ક ઉપરાંત જેફ બેજોસની પૂર્વ પત્ની મેકેન્જી સ્કોટ વિશ્વની સૌથી ધનાઢ્ય મહિલા બની ગઈ છે. તેમણે લો'ઓરિયલની ઉત્તરધિકારી ફ્રેક્રોઈ બેટનકોર્ટ મેયર્સને પાછળ છોડી છે. સ્કોટને જેફ બેજોસની કંપની એમેઝોમાં ૪ ટકા હિસ્સેદારી મળી છે. બેજોસની સાથે છૂટાછેડા અંતર્ગત આ સંપત્તિ મળી છે. સ્કોટના ૪ ટકાની હિસ્સેદારી ૬૬.૪ અબજ ડોલર છે. ટેસ્લા કારનાં વેચાણમાં ૫૦૦ ટકાનો વધારો નોંધાયો છે. આ રીતે એલન મસ્કની સંપત્તિમાં ૮૭.૮ ટકાનો વધારો થયો છે. ટેસ્લાની માર્કેટ વેલ્યૂ ૪૬૪ અબજ ડોલર થઈ ગઈ છે જે વોલમાર્ટની માર્કેટ વેલ્યૂને પાછળ છોડી ચૂકી છે. વોલમાર્ટ રેવન્યૂના મામલે અમેરિકાની સૌથી મોટી કંપની છે. એવા સમયે જ્યારે વિશ્વભરમાં કોરોનાને કારણએ ભારે મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે એલન મસ્ક, જેફ બેજોસ જેવા અમીરોની સંપત્તિમાં વધારો ચર્ચાનો વિષય બન્યો છે.

### AGR સંલગ્ન બાકી રકમ મુદ્દે ટેલિકોમ કંપનીઓને સુપ્રીમ કોર્ટની રાહત

# ટેલિકોમ કંપનીઓને બાકી લેણાં ચૂકવવા સુપ્રીમે ૧૦ વર્ષનો સમય આપ્યો

**કોર્ટના નિર્ણયથી ભારતી એરટેલ-વોડાફોન જેવી કંપનીઓને મોટી રાહત મળી, હપ્તે હપ્તે કરી શકશે પેમેન્ટ, ટેલિકોમ કંપનીઓએ બાકી રકમના ૧૦ ટકા ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી ચૂકવવા પડશે, ઈન્ટરનેટ અને કોલિંગના હવે નહીં વધે ભાવ, કંપનીઓએ ૧૦% અપફ્રન્ટ ચૂકવણી ઓક્ટોબર સુધી કરવાની રહેશે ● વોડાફોન-આઈડિયાના રૂા. ૫૦,૪૦૦ કરોડ અને એરટેલના રૂા. ૨૬,૦૦૦ કરોડ બાકી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સુપ્રીમ કોર્ટે મંગળવારે વોડાફોન આઈડિયા, ભારતી એરટેલ અને ટાટા ટેલિસર્વિસિસ સહિતની ટેલિકોમ કંપનીઓને અંદાજે રૂ. ૧.૬ લાખ કરોડની એડજસ્ટેડ ગ્રોસ રેવન્યૂ (એજીઆર) સંલગ્ન બાકી રકમ ટેલિકોમ વિભાગને ચૂકવવાના મામલે શરતી રાહત આપી છે. સર્વોચ્ચ ન્યાયાલયે ટેલિકોમ કંપનીઓને એજીઆર સંબધિત બાકી લેણાંની ચૂકવણી કરવા ૧૦ વર્ષનો સમય આપ્યો છે.



સુપ્રીમ કોર્ટે ઓર્ડરમાં જણાવ્યું છે કે, ટેલિકોમ કંપનીઓએ તેમની બાકી રકમ પૈકીની ૧૦ ટકા રકમ આગામી માર્ચ ૨૦૨૧ સુધીમાં ચૂકવવી પડશે. સુપ્રીમ કોર્ટના જજો જસ્ટિસ અરૂણ મિશ્રાની વડપણ હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે ટેલિકોમ વિભાગ દ્વારા એજીઆર સંલગ્ન રકમની માંગ તેમજ સુપ્રીમ કોર્ટે આ સંદર્ભે આપેલા ચુકાદો અંતિમ ગણાશે. ટેલિકોમ કંપનીઓના મેનેજિંગ ડિરેક્ટર અથવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરને આગામી ચાર સપ્તાહમાં ડીઓટીને ચૂકવવાની રકમ અંગે બાંહેધરી અથવા પર્સનલ ગેરેન્ટી આપવાનો આદેશ સુપ્રીમ કોર્ટે કર્યો હતો. જો કોઈ ટેલિકોમ કંપની એજીઆર સંલગ્ન રકના હપતા ચૂકવવામાં નિષ્ફળ જશે તો તેના પર દંડ કરાશે અને વ્યાજ વસૂલવા ઉપરાંત તેને કોર્ટની અવમાનના પણ ગણાશે.

સુપ્રીમ કોર્ટના જણાવ્યા મુજબ નાદારીની પ્રક્રિયા હેઠળની ટેલિકોમ કંપનીઓ દ્વારા સ્પેક્ટ્રના વેચાણના મુદ્દે નેશનલ કંપની લો ટ્રિબ્યૂનલ નિર્ણય કરશે. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ટેલિકોમ કંપનીઓ માટે ઘણા જ રાહતના સમાચાર છે. ખાસ કરીને વોડાફોન-આઈડિયા અને ભારતી એરટેલ માટે કેમ કે આ બંને કંપનીઓના સૌથી વધુ ચુકવણી કરવાની બાકી છે. વોડાફોન-આઈડિયાના રૂ. ૫૦,૪૦૦ કરોડ અને એરટેલના રૂ. ૨૬,૦૦૦ કરોડ AGR બાકી છે. અત્યાર સુધીમાં વોડાફોન-આઈડિયાએ રૂ. ૭,૮૫૪ કરોડ, એરટેલે રૂ. ૧૮,૦૦૦ કરોડ અને રિલાયન્સ જિયોએ રૂ. ૧૯૫ કરોડ ચૂકવ્યા છે. સુપ્રીમ કોર્ટમાં આ કેસ ચાલી રહ્યો હતો તે દરમિયાન ટેલિકોમ કંપનીઓએ AGRની બાકી રકમની ચુકવણી માટે ૧૫ વર્ષનો સમય માગ્યો હતો. જ્યારે ટેલિકોમ ડિપાર્ટમેન્ટે ૨૦ વર્ષનો સમય આપવા માટે કહ્યું હતું. જોકે, આજે ૧ સપ્ટેમ્બરે એપેક્સ કોર્ટે ૧૦ વર્ષની અંદર બાકી પેમેન્ટ કરવા માટે આદેશ કર્યો હતો.

**શું હોય છે AGR?**

એડજેસ્ટેડ ગ્રોસ રેવન્યૂ દૂરસંચાર વિભાગ દ્વારા ટેલિકોમ કંપનીઓ પાસેથી લેવામાં આવતી યુસેઝ અને લાયસન્સ ફી છે. તેના બે ભાગ હોય છે- એક સ્પેક્ટ્રમ યુસેઝ ચાર્જ અને લાયસન્સ ફી, જે ક્રમશઃ ૩-૫ ટકા અને ૮ ટકા હોય છે.

# માનવસર્જિત આપત્તિ માટે ઈશ્વર ઉપર દોષ ના મૂકો : કેન્દ્ર ઉપર પી. ચિદમ્બરમનો હુમલો



(એજન્સી) નવી દિલ્હી, તા.૧

નાણાંપ્રધાન નિર્મલા સીતારમણે અર્થતંત્ર પર કોરોના વાયરસના પ્રભાવને "એક્ટ ઓફ ગોડ" અર્થાત "ઈશ્વરનું કૃત્ય" અંગેની ટિપ્પણીના આકરા પ્રત્યાઘાત આપતા કોંગ્રેસ નેતા પી. ચિદમ્બરમે આજે કહ્યું હતું કે, "માનવસર્જિત આપત્તિ માટે ઈશ્વરને દોષ ન આપો."

ભૂતપૂર્વ નાણાંપ્રધાને જીડીપીમાં ૨૪ ટકાનો ઘટાડો થયાના સમાચારો જારી થવાના એક દિવસ પછી એનડીટીવીને આપેલી મુલાકાતમાં કહ્યું કે આ સમાચાર ભારતના સૌથી ખરાબ આર્થિક સંકુચિતતાનો સંકેત આપે છે અને એમણે સરકાર દ્વારા અપાયેલ રાહત પેકેજને પણ "એક મજાક" કહ્યું છે. "ઈશ્વરને દોષ ન આપો. હકીકતમાં તમારે ઈશ્વરનો આભાર માનવો જોઈએ. ઈશ્વરે દેશના ખેડૂતોને આશીર્વાદ આપ્યા છે." રોગચાળો એક કુદરતી આપત્તિ છે. પરંતુ તમે માનવસર્જિત આપત્તિને કુદરતી રોગચાળો બનાવી રહ્યા છો, ચિદમ્બરમે કહ્યું કે, એક નાણાંપ્રધાન બીજા નાણામંત્રી નિર્મલા સીતારમણને શું સલાહ આપી શકે છે ? જીએસટીના નુકસાનને લીધે વળતરની માગણી કરતા રાજયો અને નાણામંત્રી વચ્ચે થયેલ પ્રશ્નોત્તરી દરમિયાન સીતારમણે રોગચાળાને દોષી ઠેરવ્યા પછી સીતારમણ પર વિવેચકોએ હુમલો કર્યો હતો.

# કેરળના નાણાંમંત્રી થોમસના 'મહાબલિ વિરૂદ્ધ વામન'ના ટ્વીટથી વિવાદનો વંટોળ સર્જાયો

### ભાજપ અને હિંદુ સંતોએ હિંદુઓની ધાર્મિક લાગણી દુભાવવા બદલ નાણાંમંત્રી માફી માંગે એવી માંગ કરી



(એજન્સી) તા.૧

કેરળના નાણાંત્રી થોમસ આઈઝેકે વિષ્ણુ ભગવાનના દસમાં અવતાર ગણાતા વામન ભગવાનને ઠગ કહેતું એક ટ્વિટ કરતાં રાજ્યમાં ભારે વિવાદનો વંટોળ સર્જાયો હતો. અનેક હિંદુ સંતોએ અને ભાજપે આ સામ્યવાદી પ્રધાનને તેમની ટ્વિટ પાછી ખેંચી લેવા અને હિંદુઓની ધાર્મિક લાગણી દુબવવા બદલ માફી માંગવાની ઉગ્ર માંગ કરી હતી.

અમે મહાબલીની સાથે છેતરપિંડી કરનારા વામનની નહીં પરંતુ જેણે જાત-પાત કે ધર્મનો કોઇ ભેદભાવ રાખ્યો નહોતો એવા મહાબલીની ઉજવણી કરીએ છીએ એમ આ મંત્રીએ સોમવારે ટ્વિટ કરીને કહ્યું હતું. તેમના ટ્વિટ બાદ વિવાદ સર્જાતા અર્થશાસ્ત્રી એવા નાણાંમંત્રીએ પોતાનો બચાવ કરતાં કહ્યું હતું કે તેમણે તો ફક્ત હિંદુ ધર્મના પૂરાણોમાં જે કાંઇ લખાયું છે તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

જે લોકોને મારા ટ્વિટથી દુખ પહોંચ્યું છે તેમણે એ પણ સ્વિકારી લેવું જોઇએ કે ધાર્મિક ગ્રંથોમાં બીજા અનેક લખાણો આપેલા છે. હું તો ફક્ત શ્રી નારાયણ ગુરૂના પટ્ટ શિષ્ય શહોદરન અયપ્પનનો સંદર્ભ આપી રહ્યો હતો. જો તમે મારી સાથે સંમત ન હોવ તો તેમના દ્વારા લખાયેલા ઓનાપટ્ટુ ગ્રંથને વાંચી જવો જોઇએ એમ નાણાંમંત્રીએ ટ્વિટ કરીને કહ્યું હતું. જો કે ભાજપને અને અનેક સંતોને તેમનો ખુલાસો ગળે ઉતર્યો નહોતો. આઇઝેકે હિંદુઓને કલંકિત કર્યા છે. તેમણે આ રીતે હિંદુઓના ભગવાનનું અપમાન કર્યું છે. તેમણે પોતાનું ટ્વિટ પાછું ખેચી લેવું જોઇએ અને માફી માંગવી જોઇએ એમ પ્રદેશ ભાજપના પ્રમુખ સુરેન્દ્રને કહ્યું હતું. દરમ્યાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ વામન જયંતિ નિમિત્તે એક ટ્વિટ કરીને વિવાદ ખડો કર્યો હતો. યાદ રહે કે રાજા મહાબલીને હરાવવા વિષ્ણુ ભગવાને વામન સ્વરૂપ ધારણ કર્યું હતું તે પ્રસંગની યાદમાં વામન જયંતિના તહેવારની ઉજવણી કરવામાં આવે છે. રાક્ષસરાજ મહાબલી વર્ષો બાદ પોતાના ઘરે પાછઆ ફર્યા તેની યાદમાં કેરળમાં ઓણમનો તહેવાર ઉજવવામાં આવે છએ અને વામને મલયાયી લોકો સાથે સારું કર્યું નહોતું એવું કેજરીવાલે ટ્વિટ કર્યું હતું જેના પગલે હજારો લોકોએ કેજરીવાલને ટ્રોલ કર્યા હતા.

# ભારતીય રેલવેના યાત્રીઓ માટે સારા સમાચાર : વધુ ટ્રેનો દોડાવવાની યોજના

### કોરોનાના કારણે હાલ નિયમિત સેવા શરૂ કરવામાં આવી નથી ત્યારે રેલવે મંત્રાલય અને રાજ્યો વચ્ચે વધુ ટ્રેનો શરૂ કરવા ચર્ચા ચાલી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભારતીય રેલવેના મુસાફરો માટે એક સારા સામચાર પ્રાપ્ત થયા છે. વધુ ટ્રેનો દોડાવાની જોવાતી રાહનો હવે અંત આવશે. આગામી સમયમાં ભારતીય રેલવે દ્વારા વધુ કેટલીક સ્પેશયલ ટ્રેનો ચલાવાશે. રેલવે મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, વધુ ટ્રેનો દોડાવવા અંગે રાજ્ય સરકારો સાથે વાતચીત ચાલી રહી છે. વર્તમાન કોરોના મહામારીના કારણે રેલવે દ્વારા યાત્રીઓ માટે કેટલીક શ્રમિક સ્પેશયલ ટ્રેનો દોડાવવામાં આવી હતી. કોવિડ-૧૯ના કારણે ટ્રેન સેવાઓ રદ્દ કરવામાં આવી છે ત્યારે હાલ દેશમાં માત્ર ૨૩૦ જેટલી ટ્રેનો જ દોડી રહી છે. કોરોનાના કારણે રેલવેના મુસાફરો માટે મહામારીના નિયમોનું પાલન અને માસ્ક પહેરવું ફરજીયાત છે. કોરોના લોકડાઉન બાદ હાલ દેશમાં ગણતરીની ટ્રેનો શરૂ કરવામાં આવી છે ત્યારે રેલવેના એ.સી કોચના મુસાફરોને અપાતા ઓશિકા, ટુવાલ સહિતની સવલતો બંધ રાખવામાં આવી છે. જો કે આ સુવિધા ક્યારથી શરૂ કરાશે



તે અંગે હજુ કોઈ સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો નથી. ટ્રેનોમાં કેટરિંગ સર્વિસ પણ બંધ છે માત્ર પેકડ ફૂડની જ મંજૂરી આપવામાં આવી છે. એકવાર નિયમિત રીતે ટ્રેન સેવા સ્થાપિત થયા બાદ આ તમામ સેવાઓને પણ પરવાનગી આપવામાં આવશે. રેલવે મંત્રી પીયુષ ગોયલે ચર્ચા બાદ દેશમાં ૨૩૦ શ્રમિક ટ્રેનોને મંજૂરી આપી હતી અને આ સાથે રેલવે સ્ટેશનો પર પણ કોરોના સામે વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

# દિલ્હીમાં રમખાણો માટે ફેસબુક જવાબદાર : દિલ્હી વિધાનસભાની સમિતિનો અહેવાલ : આરોપો અંગે એફબી તરફથી કોઈ પ્રતિક્રિયા નહીં

### ભાજપ સાથે સાંઠગાંઠના અમેરિકન અહેવાલ બાદ ફેસબુક સામે વધુ એક ગંભીર આક્ષેપ : ભારતમાં કોમી હિંસા અને નફરત ફેલાવવા એફબી રાજકીય હાથો બનતું જાય છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

શાંતિ અને સદ્દભાવ માટે બનાવવામાં આવેલી દિલ્હી વિધાનસભાની સમિતિએ જણાવ્યું હતું કે, પ્રથમ નજરે જણાય છે કે, ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણોમાં ફેસબુકે ભૂમિકા ભજવી હતી. આ સાથે સમિતિએ જાહેરાત કરી હતી કે, તે આ હિંસામાં વ્હોટ્સએપની ભૂમિકાની પણ તપાસ કરશે. સમિતિના પ્રમુખ રાઘવ ચઢ્ઢાએ પોતાના આ દાવા માટે છત્તીસગઢના પત્રકાર આવેશ તિવારીને આધાર માન્યા હતા. જેમણે ભારતના ફેસબુકના પ્રમુખ અંખી દાસ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ સાથે તેમણે કૃણાલ પુરોહિત અને સુભાષ ગડકેનો પણ પોતાના દાવાના આધાર માન્યા છે. અલબત્ત આ આરોપો અંગે ફેસબુકે ઈ-મેલ કે મેસેજનો કોઈ જવાબ આપ્યો ન હતો.



**ફેસબુકને સહઆરોપી માની તેની સામે કોર્ટમાં અલગથી ચાર્જશીટ દાખલ થવી જોઈએ : વિધાનસભાની સમિતિ**

આમ આદમી પાર્ટીના નેતા રાઘવે મીડિયાને જણાવ્યું હતું કે, સમિતિએ ફેસબુક સામે કરવામાં આવેલી ફરિયાદ અંગે બેઠક બોલાવી છે. બેઠકમાં સમિતિ સામે ત્રણ સાક્ષી હાજર થશે. જેમાં પત્રકાર અને એક અગ્રણી અખબારના સંપાદક રહેલા આવેશ તિવારી સામેલ છે. બીજા સાક્ષી પત્રકાર કૃણાલ પુરોહિત છે. જેમણે વ્હોટ્સએપ અને ફેસબુક અંગે અનેક મુદ્દે ઘણું સંશોધન કર્યું છે અને તપાસ કરી રિપોર્ટ સુપરત કર્યો છે. ત્રીજા સાક્ષી સુભાષ ગડકે છે, જેમણે અન્ય દેશોમાં સાંપ્રદાયિક સૌહાર્દ બગાડવામાં ફેસબુકની શું ભૂમિકા રહી છે તે અંગે વ્યાપક અભ્યાસ કર્યો છે. રાઘવે જણાવ્યું હતું કે, સમિતિની આગામી બેઠકમાં સામેલ થવા ફેસબુકના અન્ય અધિકારીઓને સમન્સ પાઠવવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, દિલ્હી રમખાણોમાં ફેસબુકની મોટી ભૂમિકા રહી છે. આવી સ્થિતિમાં ફેસબુકને દિલ્હી રમખાણોની તપાસમાં સહઆરોપી માનવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, સ્વતંત્ર તપાસ એજન્સીની તટસ્થ તપાસ બાદ ફેસબુક સામે કોર્ટમાં એક સપ્લીમેન્ટ્રી ચાર્જશીટ દાખલ કરવી જોઈએ. રાઘવે જણાવ્યું હતું કે, ફેસબુક પર જે રીતે દુષ્પ્રચાર કરવામાં આવ્યો હતો તે મુજબ દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા જ રમખાણો કરાવવાનો પ્રયાસ હતો પણ સફળતા મળી નહીં. અત્રે ઉલ્લેખનિય છે કે, આ અગાઉ અમેરિકાના એક અખબારે પણ ફેસબુક સામે ભાજપ સાથે સાંઠગાંઠ હોવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો અને જણાવાયું હતું કે, ફેસબુક ભાજપના નેતાઓની નફરતપૂર્ણ પોસ્ટ સામે આંખઆડા કાન કરે છે. આ મામલે રાજકીય વિવાદ પણ સર્જાયો હતો.

# ભાજપના ઈશારે ફેસબુકે હવે ભીમ આર્મી, રવીશ કુમાર સહિતના ૧૪ પેજ બંધ કર્યા અને પાર્ટીનું સમર્થન કરતાં ૧૭ પેજ શરૂ કર્યા

### કોંગ્રેસનું સમર્થન કરતા અને ધ ટ્રુથ ઓફ ગુજરાત જેવા પેજ પણ બંધ કરાવાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભારતમાં શાસક ભાજપની ફરિયાદના પગલે ફેસબુકે ભીમ આર્મી, રવીશ કુમાર સહિત ૧૪ પેજ બંધ કર્યા હતા. જો કે ફરી ૧૭ પેજ શરૂ પણ કરવામાં આવ્યા હતા. ભાજપે ફેસબુક સમક્ષ કેટલાક પેજ બંધ કરવાની માંગ કરી હતી અને આ માટે અપેક્ષિત માપદંડોનું પાલન નહીં થતું હોવાનું કારણ આગળ ધર્યું હતું. ભાજપે જે પેજ બંધ કરવાની માંગ કરી હતી તેમાં ભીમ આર્મીનું સત્તાવાર એકાઉન્ટ, વી હેટ બીજેપી પેજ, કોંગ્રેસનું સમર્થન કરતાં સત્તાવાર પેજ અને ધ ટ્રુથ ઓફ ગુજરાત જેવા પેજનો સમાવેશ થાય છે. ફરિયાદ મળ્યા બાદ ફેસબુકે જે પેજ બંધ કર્યા હતા તેમાં રવીશ કુમાર અને વિનોદ દુઆના સમર્થનવાળા પેજ સામેલ છે. ગત વર્ષે નવેમ્બરમાં ભાજપે ફેસબુક ઈન્ડિયાને ફેસબુક પરથી દૂર કરવામાં આવેલા ૧૭ પેજ અને બે ન્યુઝ વેબસાઈટને ફરી શરૂ કરવા જણાવ્યું હતું. આ વેબસાઈટોમાં ચૌપાલ અને ઓપઈન્ડિયા સામેલ છે. ભાજપની અપીલ બાદ તમામ ૧૭ પેજ ફરી શરૂ થઈ ગયા છે. ફેસબુકે ભાજપને જણાવ્યું હતું કે, ભૂલથી આ પેજ બંધ થઈ ગયા હતા. જે ન્યુઝ વેબસાઈટો શરૂ કરવામાં આવી છે તેમાં મોટાભાગે પોસ્ટકાર્ડ સંબંધિત ન્યુઝ દર્શાવવામાં આવે છે. અત્રે ઉલ્લેખનિય છે કે, જે પોસ્ટકાર્ડ સંબંધિત ન્યુઝ ફેસબુક પર શેર કરવામાં આવે છે તેના સંસ્થાપક મહેશ વી હેગડેની માર્ચ ૨૦૧૮માં બેંગાલુરૂમાં સાંપ્રદાયિક સદ્દભાવ બગાડવા અને ધાર્મિક લાગણી ઉશ્કેરવાના આરોપો બદલ ધરપકડ કરવામાં આવી હતી. ભાજપના આઈટી સેલના પ્રમુખ અમિત માલવીય દ્વારા ફેસબુક સમક્ષ ભાજપ વિરોધી પેજ બંધ કરવા અને સમર્થનવાળા પેજ ફરી શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી.

# ભારતમાં મુસ્લિમો સામે નફરત ફેલાવવા ફેસબુક સૌથી સરળ અને હાથવગું માધ્યમ : દિલ્હી વિધાનસભાની સમિતિનું તારણ

### દિલ્હી હિંસા અને ફેસબુક : એફબી દોષી હોવા અંગે વધુ કેટલાક પુરાવા મળ્યા છે : વિધાનસભા સમિતિ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

દિલ્હી વિધાનસભાની શાંતિ અને સદ્દભાવ અંગેની સમિતિએ પોતાના અહેવાલમાં જણાવ્યું હતું કે, ફેસબુકના માધ્યમથી રાજધાનીની ચૂંટણી પહેલા મુસ્લિમો વિરૂદ્ધ માહોલ પેદા કરી લાભ ખાટવાનું કાવતરૂ ઘડવામાં આવ્યું હતું. આ સમિતિએ જે ત્રણ પત્રકારોને આધાર બનાવી પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો તેમાં એ વાત પણ જાણવા મળી હતી કે, અમેરિકામાં બ્લેક લાઈવ્સ મુવમેન્ટ દરમ્યાન પણ ફેસબુકે લોકોની માનસિકતા ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ફેસબુક સામાજીક સદ્દભાવ અંગે પોતે બનાવેલા નિયમોનું જ ઉલ્લંઘન કરી રહ્યું છે. દિલ્હી વિધાનસભાની સમિતિએ પોતાની આગામી બેઠકમાં ફેસબુકના ઉચ્ચ અધિકારીઓને હાજર રહેવા સમન્સ પાઠવ્યું છે. આ સમિતિએ ફેસબુકનો ગહન અભ્યાસ કરનારા એક પત્રકાર સાથે કરેલી વાતચીતમાં એવું જાણવા મળ્યું હતું કે માત્ર દિલ્હીના રમખાણો જ નહીં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલા તોફાનો ભડકાવવામાં પણ ફેસબુકની ભૂમિકા જોવા મળી છે. લઘુમતીઓ સામે નફરત ફેલાવવા માટે ફેસબુક એક ખૂબ જ સરળ અને હાથવગું માધ્યમ છે. અન્ય એક પત્રકાર કૃણાલ પુરોહિતે જણાવ્યું હતું કે, ફેસબુક સામુદાયિક નીતિ મૂલ્યો જાળવવામાં નિષ્ફળ રહ્યું છે.

# દેશભરમાં વિદ્યાર્થીઓએ માસ્ક પહેરીને JEEની પરીક્ષા આપી

### દરેક પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓનું થર્મલ ચેકિંગ કરાયું, સેનિટાઈઝરની પ્રક્રિયા કરાઈ અને પરીક્ષા ખંડમાં પ્રવેશતાં પહેલાં નવું માસ્ક અપાયું

(એજન્સી) તા.૧

હાલ ચાલી રહેલી કોરોનાની મહામારી વચ્ચે દેશભરમાં આવેલા વિવિધ પરીક્ષા કેન્દ્રો ઉપર મંગળવારે વિદ્યાર્થીઓ મોંઢે માસ્ક પહેરીને જેઈઈ-મેઈનની પરીક્ષા આપી હતી. ઉલ્લેખનીય છે કે, કોરોના મહામારી દેશના વિવિધ રાજયોમાં આવેલા વિનાશક પૂરના કારણે એન્જિનિયરિંગ શાખામાં પ્રવેશવા માટેની આ પરીક્ષાને અગાઉ બે વાર મોકૂફ રાખવી પડી હતી. ત્યારબાદ સરકારે પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ વિરોધપક્ષોએ અને વિદ્યાર્થીઓએ તેનો ભારે વિરોધ કર્યો હતો. આજે વિદ્યાર્થીઓ જયારે પરીક્ષા કેન્દ્રો ઉપર આવી પરીક્ષા ખંડમાં પ્રવેશ્યા હતા તે પહેલાં તેમનું તાપમાન માપવામાં આવ્યું હતું અને દરેક વિદ્યાર્થીને નવું માસ્ક આપવામાં આવ્યું હતું.





ઝારખંડના હતિયા શહેરની વિદ્યાર્થીની શ્રેયાંશી મિશ્રાએ કહ્યું હતું કે, અગાઉથી જ મને જાણ કરી દેવામાં આવી હતી કે અમારે જાત-તપાસ, થર્મલ ચેકિંગ અને સેનિટાઈઝેશનની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે અને ત્યારબાદ જ મને પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે. અમદાવાદ ખાતે ટીસીએસ-આયોન ડિજિટલ ઝોનને જેઈઈ પરીક્ષાનું કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું અને ત્યાં પણ સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા હતા અને સરકાર દ્વારા જાહેર કરાયેલી ગાઈડલાઈન્સનું પાલન કરાયું હતું. તાજેતરમાં જ જે શહેરમાં વિનાશક પૂરે ભારે તબાહી મચાવી હતી તે બિહારના પટણા શહેરના વિદ્યાર્થી પિયૂશે કહ્યું હતું કે, તેના શહેરમાં પાટલીપુત્રા કોલોનીમાં આવેલા ટીસીએસના સેન્ટરને પરીક્ષા કેન્દ્ર જાહેર કરાયું હતું પરંતુ તેના ઘરેથી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવા કોઈ બસ કે રિક્ષાની સુવિધા ઉપલબ્ધ નહોતી. જો કે, સમાન પરિસ્થિતિમાંથી પસાર થયેલા ઓરિસ્સાના માનસે કહ્યું હતું કે, પરીક્ષા યોજાઈ તે વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે ઘણું જ સારૂં થયું છે. ઘણા વિદ્યાર્થીઓ આતુરતાથી આ પરીક્ષાની રાહ જોઈ રહ્યા હતા. જો કે, આ વખતે એકંદરે વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી નોંધાઈ હતી, એમ ચંદીગઢના વર્ધમાન કોમ્પ્યુટર સેન્ટર ઉપર પરીક્ષા આપવા આવી પહોંચેલી ચંદીગઢની વિદ્યાર્થિનીએ કહ્યું હતું. ચંદીગઢના કાલુચક વિસ્તારમાં આવેલી ચિનાબ કોલેજ ઓફ એજ્યુકેશનના ઉમેદવારે કહ્યું હતું કે, આજે આર્કિટેકના વિદ્યાર્થીઓની પરીક્ષા હોઈ સંખ્યા થોડી ઓછી હતી, પરંતુ પરીક્ષા યોજાઈ એ ઘણું સારૂં થયું. દરમ્યાન કર્ણાટકના મુખ્યમંત્રી બી.એસ.યેદુરપ્પાએ વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી અને તેઓની સલમાતી માટે તમામ સાવચેતીના પગલાં લેવાની ખાતરી આપી હતી.

સોશિયલ મીડિયાથી યુ.પી.ના ઈટાવાની યુવતી અને જૂનાગઢ યુવક વચ્ચે પ્રેમ પાંગર્યો હતો

# લીવ ઈન રિલેશનશીપમાં રહેતાં યુગલને પોલીસે અલગ કર્યા, હાઈકોર્ટે બંનેનું મિલન કરાવ્યું

## યુવતીના પિતાની અપહરણની ફરિયાદના આધારે જૂનાગઢ આવી યુ.પી. પોલીસે યુવતીને લઈ તેના પિતાને સોંપી દેતા વિખુટા પડેલ યુવકે હાઈકોર્ટમાં હેબિયર્સ કોર્પસ દાખલ કરી

જૂનાગઢ, તા.૧

ઉત્તરપ્રદેશ રાજયના ઈટાવા, રતન નગર ખાતે રહેતા સુંદરસિંગ યાદવની ૨૧ વર્ષીય પુત્રી રીંકી પોતાના ઘરેથી કોઈને કહ્યાં વગર નીકળી જતા સુંદરસિંગ દ્વારા રતન નગર, સિવિલ લાઈન પોલીસ સ્ટેશન ઈટાવા ખાતે પોતાની દીકરી રીંકીના અપહરણ અંગે ફરિયાદ કરવામાં આવેલ હતી, જેની તપાસ યુ.પી.ના સિવિલ લાઈન પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. આ અપહરણના ગુનાની તપાસ દરમિયાન રતન નગર ઈટાવા યુ.પી. પોલીસને ટેકનિકલ સોર્સ આધારે મળેલ માહિતી આધારે યુપી પોલીસ અપહૃત રીંકી યાદવના ઘરના સભ્યો સાથે જૂનાગઢ ખાતે તપાસમાં આવી સી ડિવિઝન પોલીસને માહિતી આપતા, જૂનાગઢ ડિવિઝન ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેર સી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફની ટીમ યુપી પોલીસની મદદમાં રહેલ અને તપાસ હાથ ધરી દિપાંજલી સોસાયટી ખાતે રહેતા આરોપી હેમંત વાસુદેવજાની (ઉ.વ.૨૯ રહે. દ્વારકાધીશ એપાર્ટમેન્ટ, દિપાંજલી ૦૧, જૂનાગઢ) તથા ભોગ બનનાર રીંકી સુંદરસિંગ યાદવ (ઉ.વ.૨૧ રહે.રતનનગર, ઈટાવા-ઉત્તરપ્રદેશ) સાથે પકડી પાડી, ધરપકડ કરવામાં આવી હતી. યુવક-યુવતી બંને લિવ ઈન રિલેશનશીપ કરાર કરીને રહેતા હતા. જેની કાર્યવાહી બાદ યુપી પોલીસ દ્વારા અપહૃત દીકરીને તેના પિતાના ઘરે અને હેમંત જાનીને મુક્ત કરવામાં આવેલ હતો. પોતાની પ્રેમિકાને પોતાનાથી વિખૂટી પાડતા, જૂનાગઢ હેમંત જાની દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં હેબિયર્સ કોર્પસ દાખલ કરી પોતાની પ્રેમિકા રીંકી યાદવને સોંપવા માટે વિનંતી કરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવી તેજા વાસમ શેટ્ટી દ્વારા આ કિસ્સામાં સહિષ્ણુતાભરી કાર્યવાહી કરી હાઈકોર્ટના હુકમ આધારે ઉત્તરપ્રદેશ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે જાતે સંકલન કરી જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માગર્દશન હેઠળ સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એસ.ડાંગર સહિતની ટીમ તાત્કાલિક ઉત્તરપ્રદેશ ખાતે મોકલી આપી, મહિલા રીંકી યાદવનો કબજો મેળવી, યુવતીએ હાઈકોર્ટ સમક્ષ પોતાના પ્રેમી હેમંત જાની સાથે જવાની ઈચ્છા વ્યક્ત કરતા ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે તેના પ્રેમી હેમંત જાનીને સોંપવા હુકમ કરતા સી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા યુવતી રીંકી યાદવને જૂનાગઢના હેમંત જાનીને સોંપવામાં આવેલ હતી.




## ઓલ ઈન્ડિયા કાદરી મિશન સુરત દ્વારા સૈયદ સાદાતોને અનાજ કિટનું વિતરણ કરાયું

ઓલ ઈન્ડિયા કાદરી મિશન સુરત તરફથી મોહર્રમના મહિનામાં કરબલાના ૭૨ જાંનિસારોની નિસ્બતથી ગરીબ જરૂરિયાતમંદ ૭૨ સૈયદ સાદાતોની બારગાહમાં અનાજ અને જીવન જરૂરિયાતની વસ્તુની કિટ વહેંચવામાં આવી હતી, અલ્લામા ઝાકીર રઝાની આગેવાનીમાં આદિલ નૂરાની, સૈયદ ભીખાભાઈ, વસીમ રઝા સહિતના ખિદમતગારો આ સેવાકાર્યમાં જોડાયા હતા. આ મિશન તરફથી લોકડાઉનમાં પણ ગરીબ જરૂરિયાતમંદોને નાતજતના ભેદભાવ વિના અનાજ કિટ, ફુડપેકેટ સહિતની ચીજવસ્તુઓનું વિતરણ કરાયું હતું.

અનેક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ વ્યવસ્થા ન કરાતા

# કેશોદના સરોડ ગામના શખ્સનું મોત નિપજતાં ગ્રામજનોમાં રોષની લાગણી

## NDRFની ટીમ પાડોદરથી પરત આવી કેશોદ રવાના થઈ હતી, તંત્ર વાહકોએ રાહ જોવડાવતા ગ્રામજનોએ બીમાર દર્દીને ટ્રેક્ટરમાં લઈ જતા રસ્તામાં મોત નિપજ્યું : જવાબદારો સામે પગલાં ભરવા માગણી

જૂનાગઢ, તા.૧

ભારે વરસાદ અને જળબંબાકાર જેવી સ્થિતિ વચ્ચે કેશોદ તાલુકાનાં સરોડ ગામનાં એક દર્દીને તંત્રનાં દરવાજે અવાર-નવાર રજૂઆતો અને તાત્કાલિક સારવારની જરૂર છે તેવી રજૂઆતો કરવા છતાં પણ કોઈ ઉપાય જવાબદાર તંત્ર દ્વારા કરવામાં ન આવ્યો હોવાના કારણે આખરે ગ્રામજનો આ બીમાર દર્દીને ટ્રેક્ટરમાં સારવાર માટે લઈ જઈ રહ્યાં હતા, આ દર્દી દવાખાને પહોંચે તે પહેલાં જ રસ્તામાં તેનું મૃત્યુ થયાનાં બનાવને પગલે રોષની લાગણી ફેલાણી છે અને ગ્રામજનોએ જવાબદારો સામે પગલાં ભરવાની માગણી કરી છે.

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ઘેડ પંથક બેટમાં ફેરવાયો છે, ગામમાં ફરતે પાણી હોય વાહન વ્યવહાર બંધ હોય પગપાળા પણ ગામ બહાર નીકળી શકાય એમ ન હોય તેવા સમયે સરોડ ગામે એક વ્યક્તિ બીમાર થતા બેભાન અવસ્થામાં હોવાથી સારવાર અર્થે દવાખાને લઈ જઈ શકાય તેવી પરિસ્થિતિ ન હોવાથી સરોડ ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચના પતિ દ્વારા કન્ટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવી હતી અને એનડીઆરએફની ટીમની જરૂરિયાત બાબતે રજૂઆત કરવામાં આવી હતી જે બાબતે તંત્ર દ્વારા એનડીઆરએફની ટીમ સરોડ ગામે રવાના કરવામાં આવી હતી જે ટીમ પાડોદર પહોંચી હતી ત્યાંથી સરોડ જવા રવાના થઈ હતી ત્યાં તાલુકા વિકાસ અધિકારી ટીમ પણ હાજર હતી. એનડીઆફએફની ટીમ પાડોદરથી સરોડ જવા આગળ વધ્યા બાદ સરોડ સુધી પહોંચી શકાય તેવી પરિસ્થિતિ ન હોવાનું જણાવી એનડીઆરએફની ટીમ પાડોદરથી પરત કેશોદ રવાના થઈ હતી. આ બાબતે ગ્રામ પંચાયતનાં હોદ્દેદારોએ તાલુકા વિકાસ અધિકારીને પૂછવામાં આવતા વ્યવસ્થિત જવાબ ન આપ્યો હોવાનો ગ્રામ પંચાયતનાં હોદ્દેદારોએ આક્ષેપ કર્યો હતો. ત્યાર બાદ તંત્રએ એક ટીમની વ્યવસ્થા કરીએ તેથી રાહ જુઓ તેવું જણાવ્યું હતું. ગ્રામ પંચાયત સરપંચ પતિએ મીડિયા સાથેની વાતચીતમાં આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જો આવા સંજોગોમાં સરકાર લોકોની મદદ ના કરી શકે તો શું કામનું વધુમાં મામલતદાર ઉચ્ચતંત્રનાં અધિકારીઓ પૂરગ્રસ્ત ગામડાઓમાં સહાયરૂપ ન થઈ શકે તો તંત્ર શું કામનું. દરમ્યાન આખરે ગ્રામજનોએ જીવના જોખમે આ દર્દીને ટ્રેક્ટરમાં લઈ સારવાર અર્થે પહોંચાડવાનો પ્રયત્ન કરી રહેલ હતાં તે દરમિયાન દવાખાને પહોંચે તે પહેલાં જ સરોડના મસરીભાઈ ખીમાભાઈ રાજતિયાનું મૃત્યુ થતાં ગ્રામજનોમાં ભારે આક્રોશ છવાયો છે. આ બનાવમાં કેશોદ તાલુકાનાં સરોડ ગામનાં દર્દીને સારવાર ઉપલબ્ધ કરવામાં તંત્ર ઉણું ઉતરતા તેનું મૃત્યું થયું છે ત્યારે જે કોઈ જવાબદાર હોય તેની સામે પગલાં લેવાની માગણી ઊઠી છે.

અંકલેશ્વરનાં જૂના દીવા નજીક

# બંધ મકાનમાં ૧૪ લાખથી વધુના માલમત્તાની ચોરી

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વર શહેરના જૂના દીવા રોડ પર આવેલ અંબિકા નિકેતન સોસાયટીના બંધ મકાનમાં તસ્કરે હાથફેરો કર્યો હતો. જેમાં રૂ. ૧૪ લાખથી વધુના માલમત્તાની ચોરી કરી તસ્કર ફરાર થઈ જતાં અંકલેશ્વર શહેર પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, અંકલેશ્વર શહેરના જૂના દીવા રોડ પર આવેલ અંબિકા નિકેતન સોસાયટીના મકાન નં. ૫૩માં રહેતા વિશાલ મોદી પોતાના પરિવાર સાથે સુરત ગયા હતા. જોકે મકાન બંધ હોવાની ગંધ આવી જતાં દરવાજાનો નકૂચો તોડી તસ્કરે મકાનમાં પ્રવેશ કર્યો હતો, ત્યારે તિજોરીમાં મૂકેલા સોના-ચાંદીના ઘરેણાં સહિત રોકડ રકમની ચોરી કરી અજાણ્યો તસ્કર ફરાર થઈ ગયો હતો. દાગીનાની કિંમત આશરે ૧૪,૧૨,૫૦૦ રૂપિયા અને ૫૦ હજારથી વધુની રોકડ રકમ મળી કુલ ૧૪,૬૨,૫૦૦ રૂપિયાના માલમત્તાની ચોરી થઈ હોવાનું મકાન માલિક વિશાલ મોદીએ જણાવ્યુ હતું, પોલીસે તસ્કરનું પગેરું મેળવવા કવાયત હાથ ધરી છે.

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા તાજેતરમાં બહાર પડાયેલ

# જિલ્લામાં નોંધાયેલ પેનલના સી.એ. પાસે ઓડિટ કરાવવાના પરિપત્રથી સંસ્થાઓમાં રોષ

## સંસ્થાના માન્ય સી.એ.ને છોડીને વકફ બોર્ડની પેનલના સી.એ. પાસે ઓડિટ કરાવવા સામે વાંધો, ઉચ્ચકક્ષાએ રજૂઆતની તજવીજ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧

ગુજરાત રાજય વકફ બોર્ડ દ્વારા તાજેતરમાં પરિપત્ર જાહેર કરીને વકફ કમીટીઓએ તેઓનાં જિલ્લામાં નોંધાયેલા સી.એ પેનલ દ્વારા કરાયેલા માન્ય સી.એ પાસે જ ઓડીટ કરાવવું અને માન્ય સી.એ પાસે કરાવેલું ઓડીટ માન્ય રાખવામાં આવશે તેવા કરાયેલા પરિપત્રને લઈને વકફ કમિટીઓનાં હોદ્દેદારોમાં પરિપત્રની વિરૂદ્ધમાં ઉગ્ર રોષ પ્રવર્તી રહ્યો છે,અને જો વકફ બોર્ડ દ્વારા આ પરિપત્ર પરત ખેંચીને પુનઃવિચારણ કરવામાં નહી આવે તો આગામી સમયમાં રાજયની વકફ કમીટીઓ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્સિત કરવામાં આવશે.

રાજયની મુસ્લિમ સમાજની અનેક ધાર્મિક સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ કે જે ગુજરાત રાજય વકફ બોર્ડમાં નોંધણી ધરાવે છે,અને તેઓ વર્ષોથી ચેરીટી કચેરીમાં નોંધાયેલી હતી ત્યારથી જ પોતાનાં ચાર્ટડ એકાઉન્ટ દ્વારા ઓડીટ કરાવે છે,તેમજ ચેરીટી કચેરીમાંથી વકફ બોર્ડમાં ટ્રાન્સફર થયા બાદથી વકફનાં તમામ નિતી નિયમોનું પાલન કરે છે.અને વાર્ષિક હિસાબો ઓડીટ કરાવીને વકફ બોર્ડમાં વાર્ષિક અહેવાલ રજુ કરતા હોય છે,

તાજેતરમાં ગુજરાત રાજય વકફ બોર્ડ દ્વારા રાજયનાં તમામ ધાર્મિક વકફ કમિટીઓ તેમજ સામાજીક કમીટીઓને દરેક જિલ્લામાં નિયત કરેલા પેનલનાં ચાટર્ડ એકાઉન્ટ પાસે જ ઓડીટ કરાવવા માટે પરિપત્ર કર્યો છે,જેને લઈને આણંદ જિલ્લાની વકફ કમીટીઓમાં રોષ પ્રવર્તી ઉઠયો છે.અને સંસ્થાનાં માન્ય સી.એને છોડીને વકફ બોર્ડની પેનલનાં માન્ય સી.એ પાસે ઓડીટ કરાવવા સામે વાંધો વ્યકત કર્યો છે.

આ અંગે આણંદનાં સામાજીક કાર્યકર નિવૃત્ત ઈન્કમટેક્ષ અધિકારી અને નડીયાદ શહેર મુસ્લિમ વકફ એસોસીએશનનાં પ્રમુખ હાજી રીયાઝુદ્દીન કાદરીએ જણાવ્યું હતું કે વકફ બોર્ડ દ્વારા જિલ્લાની સંસ્થાઓને વકફ બોર્ડનાં માન્ય સી.એ પાસે ફરજીયાત ઓડીટ કરાવવા આદેશ આપીને અન્યાય કરવામાં આવ્યો છે.વકફ બોર્ડનો આ પરિપત્ર ગેરકાયદેસર છે,રજીસ્ટર્ડ થયેલી વકફ સંસ્થાઓ પોતાની રીતે સી.એ પાસે ઓડીટ કરાવી શકે છે, આ અંગે તેઓએ મુખ્યમંત્રી સમક્ષ વકફ બોર્ડનાં પરિપત્ર સામે રજુઆતો કરવામાં આવશે તેમ જણાવ્યું હતું, આ અંગે જમીઅતે ઉલેમાએ હિંદનાં જનરલ સેક્રેટરી અને પાલિકાનાં પૂર્વ ઉપપ્રમુખ એમ જી.ગુજરાતીએ જણાવ્યું હતું કે વકફ બોર્ડ દ્વારા આ નિર્ણય મામલે સંસ્થાઓ સાથે ચર્ચા કરવી જરુરી છે,ખાનગી ચાર્ટડ એકાઉન્ટ પાસે ઓડીટ કરાવવાથી સંસ્થાઓને ઓછો ખર્ચ થાય છે.જયારે પેનલ માન્ય સી.એ પાસે ઓડીટ કરાવવામાં વધારે નિયત ફી ચુકવવી પડશે,જેનાંથી સંસ્થાઓને નુકશાન થશે,ત્યારે સંસ્થાઓની સ્વતંત્રતા છીનવાય નહી તે માટે બોર્ડએ પોતાનાં નિર્ણયમાં પુનઃ વિચારણા કરવા અનુરોધ કર્યો હતો.તેમજ સંસ્થાઓને આ અંગે માર્ગદર્શન મળે તે માટે વકફ બોર્ડ દ્વારા યોગ્ય આયોજન કરાય તે જરુરી છે.

આણંદ જિલ્લામાં મસ્જીદ દરગાહ કબ્રસ્તાન સહીત ધાર્મિક સ્થાનોની વકફ કમીટીઓનાં હોદ્દેદારોમાં આ નિર્ણયને લઈને ભારે રોષ પ્રવર્તી રહ્યો છે,અને આ અંગે હોદ્દેદારો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરવાની તૈયારીઓ આરંભવામાં આવી છે.

૬૦૦ એકર જમીનનું ધોવાણ થતાં ખેડૂતોને પડયા પર પાટું

# ગોવાલી-મુલદ અને માંડવા ગામના ખેતરોમાં પૂરના પાણી ફરી વળ્યા

ભરૂચ, તા.૧

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાંથી ૧૧ લાખ કયુસેક જેટલું પાણી છોડવામાં આવતાં ગોવાલી, મુલદ અને માંડવા સહિતના ગામોની ૬૦૦ એકર જમીનમાં થયેલ ખેતી ઉપર પાણી ફરી વળ્યા છે, જેના કારણે ખેતીનો દાટ વળી જતાં ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.

મધ્યપ્રદેશમાં વરસી રહેલા ભારે વરસાદના પગલે સતત બીજા વર્ષે પણ નર્મદા ડેમના દરવાજા ખોલવાની ફરજ પડી હતી. જેના કારણે ભરૂચના ગોલ્ડનબ્રિજ ખાતે નર્મદા નદીની સપાટી ૩૪ ફૂટ સુધી પહોંચી હતી. જોકે નર્મદા નદીએ ભયજનક સપાટી વટાવી દેતાં આસપાસના વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં હતા. નર્મદા ડેમમાંથી છોડવામાં આવી રહેલું પાણી મુલદ, ગોવાલી, માંડવા સહિતના ગામોના ખેડૂતો માટે આફત બનીને આવ્યું છે. ખેડૂતોના ખેતરો નદીની ખૂબ જ નજીક હોવાથી નદીમાં જ્યારે પણ પુર આવે છે, ત્યારે ખેતરો સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ જાય છે.

કોર્ટે ચારેય આરોપીઓને રૂા.૧-૧ લાખનો દંડ ફટકાર્યો

# જૂનાગઢમાં પાંચ વર્ષ અગાઉ યુવકની થયેલી હત્યાના કેસમાં ચાર આરોપીને આજીવન કેદ

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ સુખનાથ ચોકમાં પાંચ વર્ષ પહેલાં થયેલી યુવાનની હત્યાના કેસમાં અદાલતે ચાર શખ્સોને આજીવન કારાવાસની સજા ફટકારી છે. અદાલતે ચારેય આરોપીઓને રૂા.૧-૧ લાખનો દંડ પણ ફટકારેલ છે.

જૂનાગઢના સુખનાથ ચોકમાં તા.૧૦-૫-૨૦૧૫ના રોજ નૂરી મસ્જિદ પાસે રહેતા શબ્બીર હમીરભાઈ સુમરા નામના યુવાનને સુખનાથ ચોકમાં ગભરૂ ઉર્ફે અકીલ સલીમભાઈ ઉર્ફે હનીફભાઈ સુમરા સાથે માથાકૂટ થઈ હતી. અકીલ જાહેરમાં ખેલ કરતો હોવાથી શબ્બીરે તેને ઝાપટ મારી હતી. આ અંગેની જાણ તેણે ઘરે જઈ પોતાના ભાઈ અલ્તાફને કરી હતી. ત્યારબાદ રાત્રે ૧૨:૧૫ કલાકના અરસામાં અલ્તાફ, શબ્બીર, તેમના પડોશી આરીફભાઈ મહંમદભાઈ બાબી સુખનાથ ચોકમાં સમાધાન માટે ગયા હતા. ત્યારે અકીલ મોટરસાઈકલ ઉપર આવ્યો હતો અકીલે છરી કાઢી શબ્બીરને મારી દીધી હતી. દરમ્યાન અકીલના ત્રણ સાગરીતો નૂર મહંમદ ઉર્ફે કાલીયો ઈબ્રાહીમભાઈ શેખ, હમીદ હુસેનભાઈ અબુભાઈ હિંગોરા અને સોહિલ આમદભાઈ કાસમભાઈ દલ ત્રિપલ સવારીમાં આવી પહોંચ્યા હતા. તમામ ભેગા મળી શબ્બીર ઉપર તૂટી પડ્યા હતા. બીજા લોકોએ શબ્બીરને છોડાવી જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો જ્યાં તેને ફરજ ઉપરના તબીબોએ મૃત જાહેર કર્યો હતો. આ બનાવમાં અલ્તાફે ચારેય શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ અંગેનો કેસ જૂનાગઢના પાંચમાં અડિ. સેશન્સ જજ પી.એમ.સાયાણીની કોર્ટમાં ચાલી જતાં સેશન્સ કોર્ટે ચારેય શખ્સોને તકસીરવાન ઠેરવી આજીવન સખ્ત કેદની સજા અને રૂા.૧-૧ લાખનો દંડ અને દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. દંડની રકમમાંથી ૨૫ ટકા મૃતકની પત્નીને, ૨૫ ટકા તેના માતા-પિતાને અને ૫૦ ટકા સગીર પુત્રને ચૂકવવાનો હુકમ પણ કર્યો હતો. અદાલતે તેના ચુકાદામાં એમ પણ જણાવ્યું છે કે, આરોપીઓના આશ્રિતોને સરકાર તરફથી સહાય આપી શકાય. તેઓનું કલ્યાણ થાય અને તેઓ આવા ગુના અને તે પ્રકારની કામગીરી, માનસિકતામાંથી છૂટકારો મેળવે એ માટે રાજ્ય સરકાર તરફથી કામગીરી થાય તે આવશ્યક છે.

## સાબરકાંઠામાં વધુ ૫ કેસ

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લામાં આજરોજ વધુ ૫ કેસ પોઝિટિવ આવ્યા છે. જેમાં હિંમતનગરમાં રાયકાનગરમાં ૭૮ વર્ષિય મહિલા, ઈડરમાં ઈડર શહેરમાં ૪૨ વર્ષીય મહિલા, લબ્ધીગ્રીન સોસાયટીમાં ૫૨ વર્ષીય મહિલા, શેરપુર ગામમાં ૬૦ વર્ષીય અને વડાલીમાં રહેડા ગામમાં ૪૫ વર્ષીય પુરૂષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

## ડીસા બસ સ્ટેન્ડનું પ્રવેશદ્વાર ગંદા પાણીમાં ગરકાવ



ડીસાના અદ્યતન નવીન બસ સ્ટેન્ડના પ્રવેશ દ્વાર આગળ વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યા રોજિંદી બની ગઈ છે. બસ સ્ટેન્ડના પ્રવેશ દ્વાર આગળ પાણી ભરાઈ જતાં મુસાફરો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. આ બાબતે પાલિકા વરસાદી પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા કરે તેવી લોક માંગ ઊઠવા પામી છે.

(તસવીર :- જમીલ મેમણ, ડીસા)

તાત્કાલિક પાકવીમો ચૂકવવા કોંગ્રેસની માગ

# ગીરગઢડા પંથકમાં મગફળીનો પાક સડી જતાં ખેડૂતોની હાલત કફોડી



(તસવીર : ફારૂક કાજી, ઉના)

(સંવાદદાતા દ્વારા)ઉના, તા.૧

ગીરગઢડા પંથકમાં ભારે વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાતા મગફળીનો પાક નિષ્ફળ જતા ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે અને બિયારણ દવા, ખાતર, મજુરી પણ માથે પડી છે. આ મગફળીનો પાક જમીનમાં સડી જતાં અને પશુઓ પણ ચારા રૂપે ચરી ન શકે તેવી પરીસ્થિતિ પાકની થઈ જતાં ખેડૂત પાયમાલ બની ગયો છે. આ ઉપરાંત જીરૂ અને ડુંગળી સહિતના અન્ય પાક નાશ થતાં ભારે મોટી નુકસાની વેઠવી પડી હોવાનું ગીરગઢડા પંથકના ખેડુતોએ જણાવ્યું હતું. આ પંથકમાં ગીર વિસ્તાર આવેલો હોવાથી ચાલુ વર્ષ દરમ્યાન ભારે વરસાદ પડતા અને નદી-નાળાઓ ડેમના પાણી આવી પડતા જમીનોનું ધોવાણ થઈ જતાં મોટા ભાગના પાક અને બાગાયતી પાકોનું નુકસાન થયુ છે, માટે તાત્કાલીક સર્વે કરાવી ખેડૂતોને વળતર આપવા અને પાક વિમો તાત્કાલીક ચુકવવા ગીરગઢડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ બાલુભાઈ હીરપરાએ માંગણી કરી છે.

# ધોળકામાં કરબલાના શહીદોની યાદમાં પાણીની બોટલો અને માસ્કનું વિતરણ



(તસવીર : લિયાકત મનસુરી, ધોળકા)

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૧

શહીદે આઝમ હઝરત ઈમામ હુસૈન (રદિ.) તથા તેમના ૭૨ સાથી શહીદો કે જેઓ ૧૦ મોહર્રમના રોજ કરબલાના મેદાનમાં ૩ દિવસ ભૂખ્યા-તરસ્યા શહીદ થયા હતા. તેમની યાદમાં અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે 'અંજુમને અઝાએ હુસૈન(રદિ.) ધોળકાના નવયુવાનો દ્વારા પુલેન સર્કલ પાસે ૧૧૦૦ જેટલી પાણીની બોટલો તથા માસ્કનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. સાથે સાથે 'માસ્ક પહેરો, સુરક્ષિત રહો'નો પ્રચાર પણ કર્યો.

## કપડવંજ-સાંઢેલીમાં તાજિયા જુલૂસ નીકળતાં ૧૧ સામે ગુનો દાખલ

નડિયાદ, તા.૧

કોરોના મહામારીને પગલે સરકાર દ્વારા ધાર્મિક કાર્યક્રમો પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેમ છતાં કેટલાક ઠેકાણે સરકારી ગાઈડલાઈનનો ભંગ કરી ધાર્મિક તહેવારો ઉજવવામાં આવી રહ્યાં હોવાનો દૃશ્યો સોશ્યલ મીડીયામાં ફરતાં જોવા મળી રહ્યાં છે. કપડવંજ તેમજ ઠાસરા તાલુકાના સાંઢેલી ગામમાં પણ સરકારી ગાઈડલાઈનનો ભંગ કરી સોશ્યલ ડિસ્ટન્સીંગના ધજાગરા ઉડાવી તાજીયા મનાવાતાં હોવાના વિડીયો સોશ્યલ મિડીયામાં વાઈરલ થયાં હતાં. જેના આધારે સ્થાનિક પોલીસે વીડિયોમાં દેખાતાં ઈસમોની ઓળખ હાથ ધરી ઓળખાયેલા ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

છ દિવસ પાલિકા બંધ રાખવાનો નિર્ણય

# ખેડબ્રહ્મા પાલિકાના ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમિત

પોશીના, તા.૧

ખેડબ્રહ્મા નગરપાલિકાના સ્ટાફના ત્રણ કર્મચારીઓને કોરોના પોઝિટિવ આવતા નગરપાલિકાના અધિકારીઓ તેમજ કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. કોરોના કહેરના લીધે નગરપાલિકા છ દિવસ બંધ રાખવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે આમ દિવસે-દિવસે કોરોનાના કેસો વધતા તા.૧/૯/૨૦૨૦થી તા.૬/૯/૨૦૨૦ સુધી પાલિકા સદંતર બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

## ખેડબ્રહ્મા તાલુકા સેવા સદનના કર્મચારીઓના કોવિડ-૧૯ ટેસ્ટ કરાયા

પોશીના, તા.૧

ખેડબ્રહ્મા તાલુકામાં દિવસે-દિવસે કોરોનાનો કહેર વધી રહ્યો છે. સરકારી કર્મચારીઓ પ્રજાના સંપર્કમાં રહેતો હોય છે. તેના અનુસંધાનમાં ખેડબ્રહ્મા સેવા સદનના તમામ વિભાગની કચેરીઓના કર્મચારીઓના કોવિડ-૧૯ ટેસ્ટ કરાયા હતા.

# અબુધાબી, દુબઈની રેસ્ટોરન્ટોમાં થયેલા બે જુદા જુદા વિસ્ફોટોમાં ત્રણનાં મોત, અનેક ઘાયલ

## આ વિસ્ફોટો એવા સમયે થયા છે જ્યારે અમેરિકા અને ઈઝરાયેલના ઉચ્ચ અધિકારીઓ અબુધાબી પહોંચ્યા છે

(એજન્સી) તા.૧

યુનાઈટેડ અરબ અમિરાત (યુએઈ)ની રાજધાની અબુધાબી અને તેનું પ્રવાસન કેન્દ્ર ગણાતા દુબઈમાં સોમવારે થયેલા બે જુદા જુદા વિસ્ફોટોમાં ૩ લોકોએ જીવ ગુમાવ્યા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. અબુધાબીની મીડિયા ઓફિસે કહ્યું હતું કે યુએઈની રાજધાનીમાં થયેલા વિસ્ફોટમાં બે લોકોએ જીવ ગુમાવ્યો હતો. એક સ્થાનિક સમાચાર પત્રના અહેવાલ મુજબ અબુધાબીના રશીદ બિન સઈદ માર્ગ પર થયેલા આ વિસ્ફોટમાં કેએફસી અને હરદીસ રેસ્ટોરન્ટને નુકસાન પહોચ્યું હતું. આ માર્ગ એરપોર્ટ જવાનો મુખ્ય રસ્તો છે જ્યાંથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલી વડાપ્રધાન નેતાન્યાહૂના સહયોગીઓ પસાર થવાના હતા. પોલીસે જણાવ્યું હતું કે અબુધાબીમાં થયેલા આ વિસ્ફોટના કારણે અનેક લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી છે. જે બિલ્ડીંગમાં આ વિસ્ફોટ થયો તેની આસપાસની બિલ્ડીંગો ખાલી કરાવી દેવામાં આવી છે. અબુધાબીની વહીવટીતંત્રે જણાવ્યું હતું કે ગેસ કન્ટેઈનરમાં રહેલી ખામીના કારણે આ વિસ્ફોટ થયો હતો. જ્યારે દુબઈમાં એક



રેસ્ટોરન્ટમાં ગેસ સિલિન્ડર ફાટવાના કારણે એક શખ્સનું મૃત્યુ થયું હતું. એક ન્યૂઝ વેબસાઈટે આ વિસ્ફોટો અંગે અહેવાલ પ્રકાશિત કરતા જણાવ્યું હતું કે આ વિસ્ફોટો એવા સમયે થયા હતા જ્યારે ઈઝરાયેલી પ્રથમ ફલાઈટ અબુધાબી પહોંચી છે આ ફલાઈટમાં અમેરિકા અને ઈઝરાયેલના ઉચ્ચ અધિકારો મુસાફરી કરી રહ્યા છે.

# મુસ્તફા અલઅદીબને લેબેનોનની સંસદમાંથી મળ્યો વિશ્વાસમત, વચગાળાની સરકારની રચના કરશે

(એજન્સી) તા.૧

મુસ્તફા અલઅદીબને લેબેનોનની સંસદમાંથી વિશ્વાસ મત મળ્યા પછી રાષ્ટ્રપતિએ તેમને વડાપ્રધાન તરીકે નિમણૂક કર્યા છે અને સરકાર રચવાનું આમંત્રણ આપ્યું છે. સોમવારે લેબેનોનની સંસદમાં ચર્ચા પછી આ દેશના રાષ્ટ્રપતિ મિશલ ઓન એ મુસ્તફા અલઅદીબને વચગાળાની સરકાર રચવાનું કાર્ય સોંપ્યું છે. સંસદમાં હિઝબુલ્લાહ અને અલમુસ્તકબલ ધડોએ તેમનું સમર્થન કર્યું. તેમણે પોતાના પ્રથમ ભાષણમાં આશા વ્યકત કરી કે નવી સરકાર જલ્દી રચવામાં



આવશે. લેબેનોનના બંધારણ મુજબ રાષ્ટ્રપતિ, સાંસદો સાથે ચર્ચા પછી તે વ્યકિતને વડાપ્રધાન તરીકે નિયુકત કરે છે જેને સંસદના વધુ સાંસદોનું સમર્થન મળે છે. લેબેનોનની રાજધાની બૈરૂતમાં ચાર ઓગસ્ટે ભીષણ વિસ્ફોટ પછી વડાપ્રધાન હસ્સાન દિયાબે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. નવા વડાપ્રધાન મુસ્તફા અલઅદીબના જન્મ ૧૯૭૨માં ત્રિપોલીમાં થયો હતો અને તેમણે કાયદો અને રાજકારણ શાસ્ત્રમાં ડોકટ્રેટ કર્યું છે. તેમણે લેબેનોન તેમજ ફ્રાન્સની યુનિવર્સિટીઓમાં આંતરરાષ્ટ્રીય કાયદાના પ્રોફેસર તરીકે કામ કર્યું અને ઈ.સ. ૨૦૦૦માં પૂર્વ વડાપ્રધાન નજીબ મીકાતીના સલાહકાર રહ્યા. જુલાઈ ૨૦૧૩થી તે જર્મનીમાં લેબેનોનના રાજદ્વારી તરીકે કામ કરી રહ્યા હતા.

# અમેરિકન પ્રતિબંધો છતાં જુલાઈમાં ચીને ઈરાન પાસેથી દરરોજ ૧ લાખ ૨૦ હજાર બેરલ તેલ આયાત કર્યું



(એજન્સી) તા.૧

ચીનના સત્તાવાર આંકડા દર્શાવે છે કે, બેઈઝીંગે જુલાઈ મહિનામાં ઈરાન પાસેથી દરરોજ ૧ લાખ ૨૦ હજાર બેરલ તેલ આયાત કર્યું છે. જો કે ચીને જૂનમાં ઈરાન પાસેથી તેલ આયાત વિશે રિપોર્ટ જાહેર કર્યો ન હતો. ચીનના કસ્ટમ ડ્યૂડી આંકડાઓ મુજબ આ વર્ષે જાન્યુઆરી અને જુલાઈની વચ્ચે ચીને ઈરાન પાસેથી દરરોજ ૭૭૦૦૦ બેરલ તેલ આયાત કર્યું જે ઈરાન પર અમેરિકન પ્રતિબંધો પહેલા આયાત કરવામાં આવેલ તેલની સરખામણીમાં ૯ ગણું ઓછું હતું. રિપોર્ટમાં આ પણ દાવો કરવામાં આવ્યો છે કે ચીન સત્તાવાર આંકડાઓથી અનેક વધુ ઈરાન પાસેથી તેલ આયાત કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે મે ૨૦૧૮એ ઈરાનના પરમાણુ સમજૂતીમાંથી બહાર નીકળ્યા પછી, અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તહેરાનની વિરૂદ્ધ એકપક્ષીય સખ્ત પ્રતિબંધ લગાવી દીધા હતા અને પોતાની મહત્તમ દબાણની નીતિની જાહેરાત કરતા દાવો કર્યો હતો કે તે ઈરાનની તેલ નિકાસને શૂન્ય સુધી પહોંચાડી દેશે. જો કે પાછલા કેટલાક મહિનાના આંકડાઓથી જાણવા મળ્યું છે કે ફરી એક વખત ઈરાનના તેલ નિકાસમાં વૃધ્ધિ નોંધવામાં આવી રહી છે.

# સહયોગ સંધિ પર હસ્તાક્ષર કરવા માટે ઈઝરાયેલી-US પ્રતિનિધિ મંડળ પ્રથમ સીધી ફ્લાઈટ દ્વારા UAE જવા રવાના

(એજન્સી) તા.૧

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સહિત ઈઝરાયેલી-અમેરિકન ડેલિગેશન તેલઅવીવથી અબુધાબીની પ્રથમ કોમર્શિયલ ફલાઈટ દ્વારા સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) જવા રવાના થયું છે. ઈઝરાયેલી ફ્લેગ કેરીયર એલ અલ દ્વારા સંચાલિત ડાયરેક્ટ ફ્લાઈટ સવારે ૧૦.૩૦ કલાકે રવાના થઈ હતી.

બે દિવસની મુલાકાતમાં સંયુક્ત ટીમની કાર્યકારી બેઠકનો પણ સમાવેશ થાય છે ત્યાર બાદ ઈઝરાયેલ અને યુએઈ વચ્ચે સંબંધો સામાન્ય કરવા માટે યુએઈ અને ઈઝરાયેલ વચ્ચે સંયુક્ત સહકારની ત્રિપક્ષીય ઘોષણા સાથે સમજૂતી થશે. રવાના થતાં પહેલા ઈઝરાયેલી વડાપ્રધાનના કાર્યાલયે એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે આ બેઠકમાં સિવિલ અને આર્થિક ક્ષેત્રને લગતા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરાશે. આ મુલાકાતમાં ડેલિગેશનના વડાઓ વચ્ચે અબુધાબીમાં ત્રિપક્ષીય બેઠક યોજાશે. આ ડેલીગેશનમાં ઈઝરાયેલના નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના વડા મેર બેન શાબાત, અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર



રોબર્ટ ઓ બ્રાયન, વ્હાઈટ હાઉસના વરિષ્ઠ સલાહકાર અને ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ કુશનેર અને યુએઈના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શેખ તાહનાઉન બિન ઝાયદ અલ-નાહીયનનો સમાવેશ થાય છે. ઈઝરાયેલી અમીરાત અને અમેરિકન પ્રતિનિધિઓના બનેલ વર્કિંગ ગ્રુપમાં ડિપ્લોમસી, ફાઈનાન્સ, ઉડ્ડયન અને એન્ટ્રી વિઝા, આરોગ્ય, સંસ્કૃતિ અને પ્રવાસન, અંતરીક્ષ, વિજ્ઞાન અને મૂડીરોકાણ, નવીનીકરણ અને વ્યાપારના ક્ષેત્રમાં ચર્ચાઓ યોજાશે એવું ઈઝરાયેલી વડા પ્રધાનના કાર્યાલય દ્વારા જણાવાયું હતું. રવાના થતાં પહેલા શબાતે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમારું ધ્યેય વિવિધ ક્ષેત્રોમાં સંબંધોને વધુ સુદ્રઢ કરવા માટે એક સંયુક્ત વર્ક પ્લાન ઘડી કાઢવાનું છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ રવિવારે જણાવ્યું હતું કે તેમના દેશે સંબંધો સામાન્ય બનાવવા પર ઘણા વધુ આરબ રાષ્ટ્રો સાથે ગુપ્ત વાટાઘાટ યોજી હતી. અહેવાલો અનુસાર ૨૫ વર્ષમાં ઈઝરાયેલ અને આરબ દેશ વચ્ચે આ પ્રકારની પ્રથમ શાંતિ સંધિ થશે.

# બૈરૂત બંદર વિસ્ફોટથી મૃત્યુ પામનારાઓની સંખ્યા વધીને ૧૯૦ થઈ ગઈ

(એજન્સી) તા.૧

લેબેનોનની કાર્યવાહક સરકારે રવિવારે એક રિપોર્ટમાં જણાવ્યું કે, આ મહિને બૈરૂત બંદર વિસ્ફોટમાં ૧૯૦ લોકોના મૃત્યુ થયા છે તેમજ ૬૫૦૦થી વધુ ઘાયલ થયા છે અને ૩ લોકો ગુમ થયા છે.



લેબેનોનના અધિકારીઓને જાણવા મળ્યું છે કે વર્ષોથી કારણવિના વિસ્ફોટ સામગ્રી ભેગી થવાના કારણે શહેરની બદહાલી અને રાજનૈતિક વર્ગ પર ગુસ્સો ફુટવો દેશની આર્થિક મંદીનું કારણ બન્યું. સેનાએ શનિવારે જણાવ્યું કે સાત લોકો અત્યારે પણ ગુમ છે. ૪ ઓગસ્ટે થયેલા વિસ્ફોટમાં ૩૦૦૦૦૦ લોકો બેઘર થઈ ગયા અને ૫ બિલીયન ડોલરનું નુકસાન થયું. આ રિપોર્ટ રવિવારે મંત્રી પરિષદની અધ્યક્ષતામાં જારી કરવામાં આવ્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું છે કે ૫૦,૦૦૦ ઘર, નવ મોટા હોસ્પિટલ અને ૧૭૮ સ્કૂલને નુકસાન પહોંચ્યું છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેનુઅલ મેક્રોનના નેતાઓને પ્રેસ કરવા માટે એક દિવસ પહેલા એક નવા વડાપ્રધાનને નામિત કરવા માટે રાષ્ટ્રપતિ પદ માટે સંસદીય નેતાઓ સાથે વાત કરશે, દેશને ઘોર આર્થિક સંકટ અને ખરાબ મેનેજમેન્ટમાં નીહોત એક ગંભીર સંકટથી બચાવવા માટે નેતાઓ પર કાર્યવાહી કરશે.

# જોર્ડને UAEના કાર્ટૂન મુદ્દે ધરપકડ કરાયેલા કાર્ટૂનિસ્ટને મુક્ત કર્યો

(એજન્સી) તા.૧

એક ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ જોર્ડને રવિવારે કાર્ટુન વડે ઈઝરાયેલ-યુએઈ વચ્ચે થયેલી સમજૂતીની મજાક કરનાર કાર્ટુનિસ્ટને જેલમાંથી છોડી મુકવાનો નિર્ણય કર્યો હતો. એમાદ હજજાજ નામના આ કાર્ટુનિસ્ટે યુએઈના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન ઝાયેદ અલ-નહયાનનો કાર્ટુન બનાવ્યો હતો આ કાર્ટુનમાં યુએઈને એફ-૩૫ યુદ્ધવિમાનો આપવા સામે ઈઝરાયેલે નોંધાવેલા પ્રચંડ વિરોધને દર્શાવવામાં આવ્યું હતું. નોંધનીય છે કે અબુધાબી અને તેલ અવિવ વચ્ચે સંબંધો સામાન્ય બનાવવા અંગે સમજૂતી થઈ હોવા છતાં ઈઝરાયેલ યુએઈને આધુનિક એફ-૩૬ યુદ્ધવિમાનો આપવાનો વિરોધ કરે છે. કાર્ટુનિસ્ટના વકીલ મરવાન સાલેમે કહ્યું હતું કે કોર્ટે હજજાજને મુકત કરવાનો આદેશ આપ્યો હતો. જો કે જોર્ડનના વહીવટીતંત્રે આ ચુકાદા પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. શુક્રવારે હ્યુમન રાઈટસ વોચ (એચઆરડબ્લયુ) એ જોર્ડનના વહીવટીતંત્રને અપીલ કરી હતી કે હજજાજને તાત્કાલિક મુકત કરવામાં આવે.



# બગદાદના ગ્રીન ઝોનની અંદર રોકેટ હુમલો, કોઈ જાનહાનિ નહીં

(એજન્સી) તા.૧

ઈરાકી પોલીસ સૂત્રોએ જણાવ્યું કે એક કય્યુષા રોકેટ બગદાદના ભારે કિલ્લાવાળા ગ્રીન ઝોનમાં ઉતર્યા જેનાથી એક ખાલી ઈમારતને નુકસાન પહોંચ્યું અને કોઈ જાનહાનિ થઈ નથી. સૂત્રોએ જણાવ્યું કે વિસ્તારની અંદર અમેરિકન વાણિજ્યવાસથી વિસ્ફોટ થયો જે સરકારી ઈમારતો અને વિદેશ મશીનો અને હેલિકોપ્ટરોની ઉપર ઉડી રહ્યા હતા. ગુરૂવારે ગ્રીન ઝોનમાં ત્રણ રોકેટના ઉતર્યા પછી આ આઠવાડિયે બીજો હુમલો હતો જેનાથી કોઈ જાનહાનિ થઈ નથી. વોશિંગ્ટન ઈરાની સમર્થિત મિલીશીયા સમૂહો પર આવા હુમલાનો આરોપ લાગે છે. ઈરાને સીધી રીતે ઘટનાઓ પર ટિપ્પણી કરી નથી, પરંતુ માનવામાં આવે છે કે અલ્પ-જ્ઞાત સમૂહ ઈરાનથી જોડાયેલા મીલીશિયાથી જોડાયા છે જેમણે થોડાક હુમલાનો દાવો કર્યો છે. ઈરાક, સામાન્ય રીતે અમેરિકન-ઈરાન તણાવથી ફેલાનારી હિંસાનું દષ્ય કોઈપણ ક્ષેત્રીય સંઘર્ષમાં સામેલ હોવાથી બચવા ઈચ્છે છે, અમેરિકાના બગદાદ એરપોર્ટ પર અમેરિકના બગદાદ એરપોર્ટ પર અમેરિકન જેનરલ કાસિમ સોલેમાની અમે ઈરાકી અર્ધસૈનિક પ્રમુખ અબુ મહદી અલ-મુહાંડિસની હત્યા પછી મધ્ય પૂર્વ જાન્યુઆરીમાં એક પૂર્ણ સંઘર્ષની નજીક આવી ગયા. તેમના મૃત્યુનો બદલો લેવા માટે ઈરાન-ગઠબંધનના મીલીશિયાએ શપથ લીધી છે.



# UAEએ હવાલા સેવા પુરી પાડનારાઓ માટે નોંધણી ફરજિયાત બનાવી

(એજન્સી) અબુધાબી, તા. ૧

યુએઈની સેન્ટ્રલ બેંકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દેશ મની લોન્ડ્રીંગ વિરોધી અને આતંકવાદી ભંડોળ વિરોધી કાયદો બનાવવા જઈ રહ્યો હોવાથી દેશમાં હવે હવાલા કારોબારીઓએ પણ ફરજિયાત નોંધણી કરાવવી પડશે. અબુધાબીમાં નેશનલ કમિટી ફોર કોમ્બેટિંગ મની લોન્ડ્રીંગ અને ફાઈનાન્સિંગ ઓફ ટેરરિઝમ એન્જ ઈલ્લીગલ ઓર્ગેનાઈઝેશન્સ (એનએએમએલસીએફટીસી)ની છઠ્ઠી બેઠક બાદ આ જાહેરાત કરાઈ હતી.હવાલા અથવા હુંડી બિનસત્તાવાર અને



અનૌપચારિક ચેનલ છે જે મુખ્ય રીતે દક્ષિણ એશિયાના દેશોમાં નાણા પહોંચાડવાની ચેઈન છે અને તેના એજન્ટો ગમે તે દેશમાં રહેતા તેમના સાથીદારોને ગ્રાહકના ઘર સુધી નાણા કે સામાન પહોંચાડવાની વ્યવસ્થા કરી આપે છે. એક અંદાજ પ્રમાણે દર વર્ષે વિશ્વભરમાં ૧૦૦થી ૩૦૦ બિલિયન નાણાનો બિન નોંધાયેલો પ્રવાહ એક દેશમાંથી બીજા દેશમાં જાય છે. યુએઈ આવા એજન્ટો માટે મોટું માર્કેટ છે. આ અનૌપચારિક પદ્ધતિને પદ્ધતિસર કરવાથી મની લોન્ડ્રીંગ અને આતંકવાદી ફંડિંગ પર મોટાપાયે રોક લગાવવામાં મદદ મળશે. સેન્ટ્રલ બેંકના ગવર્નર અને કમિટીના ચેરમેન એમ. સઈદ અલઅહમદીની અધ્યક્ષતામાં બોલાવાયેલી બેઠકમાં દેશની આર્થિક સ્થિતિ મજબૂત કરવા પર પણ ભાર મુકાયો હતો.

# બગદાદ એરપોર્ટની નજીક ફરી મિસાઈલ હુમલા



(એજન્સી) તા.૧

સમાચાર મુજબ ઈરાકના સુરક્ષા સૂત્રોએ બગદાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક બે કેટ્યૂશા મિસાઈલ પાડવાની સૂચના આપી છે. ઈરાકના સુરક્ષા કેન્દ્ર તરફથી જારી થનારા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, બે મિસાઈલ બગદાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે પડ્યા. નિવેદનમાં અત્યાર સુધી આ બતાવવામાં આવ્યું નથી કે, આ હુમલાથી કેટલું માલી નુકસાન થયું છે, જ્યારે આ જણાવવામાં આવ્યું છે કે, હુમલાથી કોઈ જાનહાની થઈ નથી.

# નસરલ્લાહે ઈઝરાયેલને ચેતવણી આપી હિઝબુલ્લાહ તેના લડવૈયાની હત્યાનો બદલો લેશે

## લેબેનોન-ઈઝરાયેલ સરહદ પર ચાલી રહેલા સંઘર્ષ સાથે અમારો સંબંધ નથી : હિઝબુલ્લાહના નેતા



(એજન્સી) તા.૧

હિઝબુલ્લાહના નેતા સૈયદ નસરલ્લાહે રવિવારે કહ્યું હતું કે અમે સીરિયામાં અમારા લડવૈયાની હત્યાનો બદલો લેવા માટે ઈઝરાયેલી સૈનિકની હત્યા કરી હતી. અમારી આ કાર્યવાહી લેબેનોન ઈઝરાયેલ સરહદ પર ચાલતા સંઘર્ષ સાથે કોઈ સંબંધ નથી. નસરલ્લાહે ટેલિવિઝન પર આપેલા એક ભાષણમાં કહ્યું હતું કે ઈઝરાયેલે આ સમજવાની જરૂર છે કે જયારે તે અમારા કોઈ મુજાહિદ્દીનની હત્યા કરશે તો અમે પણ તેના એક સૈનિકની હત્યા કરીશું. આ જ સમીકરણ યોગ્ય છે. તેમણે કહ્યું હતું કે ઈઝરાયેલ ઈચ્છે છે કે અમે સામ-સામા ગોળીબારમાં સામેલ થઈએ, પરંતુ અમે આવું નહીં કરીએ. ઈઝરાયેલ જાણે છે કે અમને કોઈ પ્રસિદ્ધિ જોઈતી નથી પરંતુ અમે તેના સૈનિકોને મારવા માગીએ છીએ અને તેઓ ઉંદરની જેમ સંતાઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લે વર્ષે ૨૦૦૬માં ઈઝરાયેલ અને ઈરાનનું પીઠબળ ધરાવતા હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધ થયું હતું.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ..........
ગુજરાત ટુડે
બુધવાર ૨ સપ્ટેમ્બર ૨૦૨૦
૧૩ મોહર્રમ હિજરી ૧૪૪૨
ભાદરવા સુદ પૂનમ સંવત ૨૦૭૬

# ભ્રષ્ટાચારની નદીમાં વહી જતાં પુલ

**મ**ધ્યપ્રદેશના સિવની જિલ્લામાં એક પુલના નદીમાં વહી જવાની ઘટનાએ ફરી એક વખત નિર્માણ કાર્યોમાં યોજનાઓને તૈયાર કરવા અને તેના પર અમલમાં બહુસ્તરીય ખામીઓ અને વ્યાપ્ત ભ્રષ્ટાચારને સપાટી પર લાવી દીધો છે. આ પુલ ખત્યારે હાલમાં જ બનીને પૂરો થયો હતો અને થોડાક દિવસ પછી તેનું ઉદ્‌ઘાટન થવાનું હતું. પરંતુ સિવની જિલ્લાના સુનવારા ગામમાં વેનગંગા નદી પર બનેલો ૧૫૦ મીટરનો પુલ પૂરના પ્રથમ વહેણને પણ સહન કરી શકયો નહીં અને સંપૂર્ણપણે ધ્વસ્ત થઈને પડી ગયો. સારી વાત એ છે કે જે સમયે પુલ તૂટ્યો ત્યારે પાણી ઉપરથી વહી રહ્યું હતું. આ કારણે અવરજવર બંધ હતી અને કોઈ જાનહાનિ થઈ ન હતી.

બનવાના માત્ર બે મહિનાની અંદર તેનું તૂટી પડવું પુલોના નિર્માણ કાર્ય દરમ્યાન દાખવવામાં આવતી અનિયમિતતાની પોલ ખોલી દે છે. પ્રશ્ન છે કે, પુલના નિર્માણ પહેલાં શું આ વાતનો અંદાજો નહતો કે, જો ભારે વરસાદ થયો તો વેનગંગા નદીના પાણી ઉપરાંત તેમાં ભીમગઢ ડેમમાંથી જો પાણી છોડવામાં આવશે તો નદીમાં વહેણની ગતિનું સ્તર શું હશે અને તે મુજબ પુલની મજબૂતીનો અંદાજ કેવી રીતે કરવો જોઈએ ?

સામાન્ય રીતે કોઈપણ પુલના નિર્માણના કામમાં આ પ્રકારના તમામ પાસાઓને કેન્દ્રમાં રાખવામાં આવે છે. પરંતુ આ સમજવું મુશ્કેલ છે કે, આ પુલને કેવી રીતે બનાવવામાં આવ્યો હતો કે નદીના વહેણનો પ્રથમ આંચકો પણ આ સહન કરી શક્યો નહીં ! જાહેર છે, તેના નિર્માણના ક્રમમાં અંદાજામાં બેદરકારીથી લઈને નિર્માણ કાર્યોમાં ઉપયોગ કરવામાં આવેલી સામગ્રીના મામલામાં વ્યાપક ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હશે.

નદીમાં બનતા પુલ અને તેના સ્તંભોની ઊંડાઈ અને મજબૂતી કેટલી હોવી જોઈએ, વસ્તુની ગુણવત્તા અને પ્રમાણ શું અને કેટલો હોય જેવા પક્ષ નિર્માણ કાર્યના શરૂ થતા પહેલાં જ નક્કી થઈ ગયા હશે. પરંતુ જે સ્થિતિમાં પુલ ધસી ગયો, તેનાથી સ્પષ્ટ છે કે આ ખરાબ ગુણવત્તાની નિર્માણ સામગ્રીનું પરિણામ છે. સરકાર માટે એક અસુવિધાજનક સ્થિતિ એ ઉદ્‌ભવી છે કે તેનું ઉદ્‌ઘાટન થોડાક જ દિવસ પછી થવાનું હતું. તો હવે તેની પર થતા પ્રશ્નોને તે કેવી રીતે જોશે. હવે સંભવ છે કે, આ ઔપચારિકતા હેઠળ ફરી તપાસ કરાવવાની જાહેરાત કરી દેવામાં આવે. પરંતુ થોડાક સમય પછી કદાચ ફરી બધું પહેલાની જેમ ચાલતું રહેશે.

એવું નથી કે નવા બનેલા પુલના ધસી પડવાની આ કોઈ એકમાત્ર ઘટના છે. હાલમાં જ વરસાદ અને પૂર દરમ્યાન બિહારથી પણ પુલોના ધસી પડવાના આવા જ સમાચારો સામે આવ્યા. આવી દરેક ઘટના પછી સરકારો તરફથી તપાસ કરાવવાનું ગોખેલું નિવેદન આવી જાય છે. પરંતુ તેનાથી શું મળે છે તે જગજાહેર છે. કોઈપણ પુલ બનાવવાથી લઈને બીજા નિર્માણ કાર્યો માટે કોન્ટ્રાક્ટ જારી કરવાથી લઈને બાકી તબક્કાઓમાં કયા પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવે છે, તે પણ કોઈનાથી છૂપાયું નથી. તેની સીધી અસર કામમાં બેદરકારી અને ભ્રષ્ટાચાર તરીકે જોવામાં આવે છે.

જે કંપની અથવા સમૂહને પુલ બનાવવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે તેના કામ અને સામગ્રીઓનું નિરીક્ષણ કરવાથી લઈને તેની ગુણવત્તા સુનિશ્ચિત કરાવવાની જવાબદારી અંતે કોની છે ? કોઈપણ સ્તર પર થયેલી સાંઠગાંઠથી થયેલી બેદરકારી અને ભ્રષ્ટાચારના પરિણામમાં પુલના ધસી પડ્યા પછી સરકારને કઠેડામાં ઊભું થવું પડે છે. પરંતુ સરકારો આ સુનિશ્ચિત કેમ નથી કરતી કે, તેની હેઠળ એકમો પોતાના કામકાજમાં પારદર્શિતા, પ્રામાણિકતા અને ગુણવત્તા અંગે કોઈ ચુક ના કરે.

# NEP રાઈટ ટુ એજ્યુકેશનના વર્તમાન બંધારણથી પણ વિપરીત

"જ્યારે મગજમાં કોઈ ડર હોતો નથી
અને માથુ ઉન્મુક્તતાથી ઊંચું હોય છે
જ્યારે જ્ઞાનનો પ્રવાહ મુક્તમને વહેતો હોય છે
જ્યારે વિશ્વ જુદા-જુદા ભાગોમાં વિભાજીત હોતું નથી
સાંકડી સ્થાનિક દીવાલો
જ્યાંથી શબ્દો સત્યની ઊંડાઈએથી આવે છે
જ્યા સંપૂર્ણતા માટે થાક્યા વગર અવિરત
ધોરણે કામ કરવામાં આવે છે
જ્યાં તર્કના શુદ્ધ પ્રવાહે હજી સુધી તેનો માર્ગ ખોયો નથી
એકદમ સૂકાભઠ્ઠ રણ જેવી ટેવોમાં
જ્યાં મગજ આ બધાને
વ્યાપક વિચાર અને પગલા દ્વારા આગળ લઈ જાય છે
સ્વતંત્રતાના આ સ્વર્ગમાં, હે મારા પિતા, મારા દેશને જગાડ."
- રબીન્દ્રનાથ ટાગોર, કવિતા ૩૫, ગીતાંજલિ, ૧૯૧૨



શાળાકીય શિક્ષણની પુર્નરચના કહેવાતી આ નીતિની મહત્ત્વની દરખાસ્તો પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે, (ફોટોઃ પ્રોજેક્ટ ટ્રસ્ટ, ફ્લિકર, સીસી બીવાય ૨.૦) શિક્ષણ માટે વૈશ્વિક ભાગીદારીઃ ફોટો- ફ્લિકર (સીસી બીવાય-એનસી-એનડીર.૦)

## ભાગ-૧

શિક્ષણ નીતિ
અનિતા રામપાલ

**ભા**રતની લાંબા સમયથી રાહ જોવાતી શિક્ષણ નીતિ ઘણી અપેક્ષાઓ પર સવાર હતી, તેની સાથે કરોડો બાળકોના સ્વપ્નાઓ, આશાઓ અને યુવાનોની મહત્ત્વાકાંક્ષા જોડાયેલી છે. તે દેશના પોતાના બંધારણને આપેલા વચનો પૂરા કરવાની રાહ જોઈને બેઠેલી છે.

છેલ્લા ૬૦ વર્ષના સમયગાળા દરમિયાન શિક્ષણના યુનિવર્સલ એક્સેસની બધી સ્કીમ્સ છતાં પણ સમાજના મોટા હિસ્સાને શિક્ષણ એક સાહસિક પ્રયત્ન જ બનીને રહી ગયું છે. આટલા સમય પછી પણ અને આટલા પ્રયત્નો પછી પણ શિક્ષણ ક્ષેત્ર આજે પણ સંસાધનોની રીતે પછાત છે, તેમા સરકારોને બહુ ખાસ રસ જોવા મળ્યો નથી. શાળાઓ વસતીના મોટા હિસ્સાને પ્રાપ્ય નથી, જ્યારે કોલેજ સુધી તો અમુક લોકો જ પહોંચી શકે છે.

પહેલી એપ્રિલ ૨૦૧૦થી છથી ૧૪ વર્ષના બાળકો માટે શિક્ષણને એક મૂળભૂત અધિકારનો દરજ્જો આપવામાં આવ્યો. જો કે આ વાત પણ એક વચન જ બનીને રહી ગઈ છે, કારણ કે તેનો અમલ તો રાજ્યોએ કરવાનો છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં કહેવામાં આવ્યું છે કે છથી ૧૪ વર્ષના દરેક બાળકને નજીકની શાળામાં મુક્ત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર છે. આ અધિકાર તે માધ્યમિક સ્તર સુધી ભણી રહે ત્યાં સુધી લાગુ પડે છે. (ક્લોઝ ૩.૧)

વધુમાં આ એક્ટમાં ફરજિયાત શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેથી અહીં રાજ્યએ તે સુનિશ્ચિત કરવાનું છે કે નબળા વર્ગનો કે વંચિત જૂથના બાળકને શાળામાં પ્રવેશ, હાજરી અને સારી ગુણવત્તાવાળુ શિક્ષણ મળે. તેની સાથે ભેદભાવ આચરવામાં ન આવે. તેને કોઈપણ આધારે પ્રારંભિક સ્તરનું શિક્ષણ પૂરું કરતો અટકાવવામાં ન આવે. (ક્લોઝ ૮)

વધારામાં દરેક બાળકને ગુણવત્તાસભર શિક્ષણ મળે તેની તલસ્પર્શી વિગતો આલેખવામાં આવી છે. તેના આધારે બાળક સામાન્ય જ્ઞાન મેળવતુ થાય, તેની પ્રતિભા નીખરે, તે પ્રવૃત્તિઓ અંગે શીખે, ડિસ્કવરી અને એક્સ્પ્લોરેશન ચાઈલ્ડ ફ્રેન્ડલી ધોરણે થવુ જોઈએ. તે એવું હોવું જોઈએ કે બાળક ડર , ભય અને ચિંતા વગર શિક્ષણ મેળવી શકે અને બાળકને તેના વિચારો મુક્ત રીતે અભિવ્યક્ત કરવા દેવામાં મદદ કરવી જોઈએ. (ક્લોઝ ૨૯). ભારતીય બાળક માટે આ અધિકાર વાસ્તવમાં સ્વતંત્રતાના સ્વર્ગનો માર્ગ કહી શકાય જેના માટે ટાગોરે ૧૯૦૧ના પ્રારંભમાં બંગાળીમાં કવિતા લખી હતી. પછી તેમની આ બંગાળી કવિતાનું અંગ્રેજીમાં રૂપાંતર થયું હતું, તે ગીતાંજલિમાં પ્રકાશિત કરવામાં આવી હતી.

પણ નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦માં કમનસીબે બંધારણે બાળકો માટે જે ફરજિયાત બનાવ્યું તેમાનું કશું નથી. વણકલ્પ્યા રોગચાળાના સમયમાં દરરોજે હજારો કેસો નોંધાઈ રહ્યા છે, લોકડાઉનના લીધે કરોડો લોકોએ આજીવિકા ગુમાવી છે અને બાળકો પણ શાળાએ જઈ શકતા નથી અને તે મધ્યાહન ભોજન યોજનાથી વંચિત છે, તે ભૂખથી મરી રહ્યા છે, તે પોતાના વતન હજારો કિલોમીટર ભૂખ્યા પેટે ચાલીને અત્યંત ખરાબ સ્થિતિમાં પોતાના વતન એવા ગામડે પહોંચ્યા છે. તે નિસહાય સ્થિતિમાં છે.આ સંજોગોમાં નવી શિક્ષણ નીતિ લવાઈ છે.

અર્થતંત્ર હાલમાં કટોકટીની સ્થિતિમાં છે અને શૈક્ષણિક સંસ્થાઓ મહિનાઓથી બંધ છે. આ સંજોગોમાં એનઈપીને કેબિનેટે મંજૂરી આપી દીધી છે. સંસદમાં તેના પર કોઈ ચર્ચા થઈ નથી. આ નીતિ બનાવવામાં સમય લાગ્યો છે, તેના વિવિધ સમિતિઓ અને અહેવાલો છે, એનઈપીનો ૫૦૦ પાનાનો ડ્રાફ્ટ (ડીએનઈપી) છે. તે જુન ૨૦૧૯માં જારી કરવામાં આવ્યો હતો. તેમા સમિતિના સભ્યોના નામ અને સહી હતી. તેની જોડે રીવ્યુઅરો પણ હતા. આમ હવે આ પાંચ વર્ષની સ્ક્રિટ લગભગ ત્રણ દાયકા જૂની શૈક્ષણિક નીતિનું સ્થાન લેશે, આ પોલિસી કરતા એવી કઈ જરૂરત ઊભી થઈ હતી કે વર્તમાન સંજોગોમાં તેના પર તાકીદે અમલ કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો?

આ સિવાય ફાઈનલ પોલિસી અંગે ગૂંચવાડો પ્રવર્તી રહ્યો છે તેની પાછળનું કારણ શું છે? વિવિધ એનઈપી દસ્તાવોજોને મંજૂરી આપવામાં આવી છે, આ દસ્તાવેજોના જુદા-જુદા રાઉન્ડ છે. તેમા એક ૬૦ પાનાનો દસ્તાવેજ છે. તેના ફાઈલ નામમાં ફોર સરક્યુલેશન લખ્યુ છે અને તેની વિગતો ઘણા વિશ્વસનીય સ્રોતો પાસેથી મેળવાઈ હોવાનું કહેવાયું છે. આ સિવાય ૭૧ પાનાનો દસ્તાવેજ મે ૨૦૨૦માં પ્રેસમા ગયો હતો અથવા તો ૨૦૧૯માં ૪૮૪ પાનાનો ડ્રાફ્ટ મંત્રાલયની સાઈટ પર હતો, આના લીધે નીતિ અંગે ગૂંચવણ થાય છે, આમાથી કઈ નીતિ છે. આવું હોય તો પછી શા માટે વાસ્તવિક અંતિમ ૬૬ પાનાનો દસ્તાવેજ બે દિવસ પછી સત્તાવાર વેબસાઈટ પર જારી કરવામાં આવ્યો?

૨૯મી જુલાઈના રોજ કેબિનેટની મંજૂરી મળ્યા પછી ઘણા મીડિયા અને એન્કરો અને રાજકીય વિવેચકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમનું વિશ્લેષણ બીજા ડ્રાફ્ટના આધારે રજૂ કરાયો છે, તે કંઈ અંતિમ દસ્તાવેજ નથી. અગ્રણી રાજકીય વિજ્ઞાની યોગેન્દ્ર યાદવ સક્રિય રીતે શિક્ષણ સાથે જોડાયેલા છે, તેમણે ફિઝિકલી ૬૦ પાનાનો એનઈપી દસ્તાવેજ પ્રદર્શિત કર્યો હતો અને રાઈટ ટુ એજ્યુકેશનને ૬થી ૧૪ વર્ષથી લંબાવીને ત્રણથી ૧૮ વર્ષ કરવામા આવ્યુ તેની પ્રશંસા કરી હતી. તેમણે રાષ્ટ્રીય શિક્ષા આયોગ પર પણ ટિપ્પણી કરી હતી, તે વડાપ્રધાનની આગેવાની હેઠળનું ટોચનું સંચાલકીય એકમ છે, જેણે ૨૦૧૯નો ડ્રાફ્ટ બનાવ્યો હતો (૨૩.૧). તેમણે જણાવ્યું હતું કે આરએસએના વિચારનો ઘણા લોકોએ વિરોધ કર્યો છે અને નીતિમાં હવે દર્શાવાયું છે કે શિક્ષણ પ્રધાન તેના ચેરપર્સન હશે. પણ આ બંને મહત્ત્વની હકીકતો સાચી નથી. અંતિમ નીતિગત દસ્તાવેજમાં ક્યાંય આ વાત જણાવવામાં આવી નથી, જેને બે દિવસ પછી સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવ્યો છે.

આમ પછી શું થયું? કોઈ આ ક્ષતિને સમજાવી શકશે. અનેકવિધ દસ્તાવેજોમાં આટલા મોટા તફાવત શા માટે? વધુમાં અંતિમ દસ્તાવેજમાં તો કોઈના નામ જ નથી, કમસેકમ સમિતિના સભ્યોના નામ તો હોવા જોઈતા હતા જેની સરકાર દ્વારા સત્તાવાર રીતે નિમણૂક કરવામાં આવી છે અને હંમેશા નીતિગત અહેવાલોમાં તેને શા માટે આગળ દર્શાવાતા હતા? તેનો ડ્રાફ્ટ જેણે તૈયાર કર્યો તેનું શું અને કોણે ૨૦૧૯ના આ અત્યંત લાંબો દસ્તાવેજ સમરાઇઝ કર્યો? શું તે શક્ય છે કે અંતિમ દસ્તાવેજોને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યુ હતુ ત્યારે જ તેને મંજૂરી આપી દેવાઈ હતી?

વ્યૂહાત્મક રીતે તૈયાર રાખવામાં વૈકલ્પિક ડ્રાફ્ટ અંગે શા માટે કોઈ ફોડ પાડવામાં આવતો નથી. તમિલનાડુમાં હિન્દીનો મોટાપાયા પર વિરોધ કરવામાં આવ્યો હતો, કારણ કે ૨૦૧૯માં ડીએનઈપીમાં હિન્દી ફરજિયાત કરવામાં આવ્યુ હતુ. પછી આ કલમ તાકીદે બદલવામાં આવી અને સમિતિની બેઠક વગર બીજો ડ્રાફ્ટ જારી કરી દેવાયો.

આમ આવા કેટલાય સવાલો છે જે અનુત્તરીત છે, વાસ્તવમાં આ દસ્તાવેજે જેટલો લાંબો પ્રવાસ ખેડ્યો છે તે જોતાં તેના અંગે વ્યાપક રીતે અભિયાન ચલાવવાની જરૂર છે, કદાચ વિવિધ હિત ધરાવતા જૂથો વચ્ચે ચાલતી આંતરિક વાટાઘાટમાં નીતિગત બાબતોને લઈને તનાવ જાહેર થાય. આ પ્રકારનીઈનસાઈડર સાઈટ્સ નીતિગત વિશ્લેષણમાં મહત્ત્વનું પ્રદાન આપી શકે અને પુસ્તક તરીકે આપણે હજી પણ શિક્ષણ પંચ ચલાવતા શૈક્ષણિક અભ્યાસક્રમોનો જ અભ્યાસ કરીએ છીએ અને જેને જાણીતા શિક્ષણવિદ અને વિચારક જે.પી. નાઈકે ૨૫ વર્ષ પહેલા બનાવ્યા હતા, પછી તેનું પ્રતિબિંબ કોઠારી કમિશનમાં પડ્યુ હતુ. તેઓ તેના મેમ્બર સેક્રેટરી હતા.

**એનઈપીમાં ત્રીજા, પાંચમાં અને આઠમાં ધોરણમાં આવતી રાજ્યની પરીક્ષાઓ અને તેની સાથે દસ અને બારમા ધોરણની બોર્ડની પરીક્ષાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જે રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઈ)થી વિપરીત છે**

પણ વર્તમાન સમિતિમાં તો કોઈ શિક્ષણવિદ છે જ નહી, જે તેના મહત્ત્વના સંદર્ભો પૂરા પાડી શકે, જેના લીધે તે પ્રતિપાદિત કરી શકાય કે શા માટે દસ્તાવેજ ભૂતકાળની નીતિગત દરમિયાનગિરીઓના સામાજિક-ઐતિહાસિક વિશ્લેષણથી અલગ છે, આમ વર્તમાન નીતિ માટે મોટો પડકાર શિક્ષણની સાથે તેના વિઝનનો ફેલાવો કરવાનો છે.

બીજા નીતિગત દસ્તાવેજોથી વિપરીત જેમા સામાજિક ન્યાયનું બંધારણ સાથે સંલગ્ન પરિવર્તનકારી વિઝન દર્શાવવામાં આવ્યુ છે તેના બદલે આ દસ્તાવેજમાં ઉતાવળે તેનો ઈરાદો કહેવાયો છે (પેજ-૬). શૈક્ષણિક પ્રણાલિ ભારતીય મૂલ્યોમાં વહે છે, તેણે ભારતમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી છે. આજે ભારતને વાઈબ્રન્ટ નોલેજ સોસાયટી બનાવવા, તે માટે બધાને ઉચ્ચસ્તરની ગુણવત્તાવાળુ શિક્ષણ પૂરુ પાડવા અને ભારતને વૈશ્વિક નોલેજ સુપર પાવર બનાવવા તથા ભારતીયોને ખરા અર્થમાં વૈશ્વિક નાગરિક બનાવવા આ નીતિ લાવવામાં આવી છે.

આ નીતિનો પ્રારંભ તેમ કહેવાની સાથે થાય છે કે ભારતે ૨૦૧૫માં એજન્ડા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સ્વીકાર્યો અને તેમા પણ ખાસ કરીને ધ્યેય-૪ મુજબ (એસડીજી-૪) બધા માટે સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાવાળુ શિક્ષણ પૂરુ પાડવા માટે સમગ્ર શૈક્ષણિક પ્રણાલિને અને શીખવાની પદ્ધતિને નવેસરથી નવો ઓપ આપવામાં આવી રહ્યો છે. (પેજ-૪). પણ વાસ્તવમાં આ નવી કાર્યપ્રણાલિના લીધે શિક્ષણની એક્સ્લુઝિવ ડિઝાઈનને વેગ મળે તેમ છે. વાસ્તવમાં આ પોલિસી આરટીઈના વર્તમાન બંધારણીય ધ્યેયથી પણ વિપરીત જાય છે. તેમા તેના માટે કોઈપણ પ્રકારની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી નથી.

બંધારણ અને તેના મૂલ્યો પ્રસ્તાવિત છે અને તેમા મૂળભૂત ફરજો કે નીતિગત અને માનવીય મૂલ્યો પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમા જાહેર સંપદા પ્રત્યે સન્માનની વાત કહેવાઈ છે, બધા માટે સમાનતા કે ન્યાયની વાત કહેવાય છે. મૂળફૂદ સિદ્ધાંતોની આવી ઘણી લાંબી યાદી છે જે એનઈપી (પેજ-૫)ને માર્ગદર્શન આપી શકે છે. તેમાની એક જ બુલેટ ઘણુ બધુ કહી જાય છે.

"નીતિમત્તા અને માનવીય તથા બંધારણ મૂલ્યો જેવા કે કરૂણા, બીજા પ્રત્યે સન્માન, સ્વચ્છતા, વિનય, લોકશાહી જુસ્સો, સેવાની ભાવના, જાહેર સંપદા પ્રત્યે સન્માન, વૈજ્ઞાનિક વલણ, સ્વતંત્રતા, જવાબદેહિતા, બહુલતા, સમાનતા અને ન્યાયની વાત તેમા કહેવાઈ છે."

રસપ્રદ વાત એ છે કે દસ્તાવેજના ૬૦ના પેજમાં કહેવાયું છે કે (૪.૨૩) વિદ્યાર્થીઓ પાસે તેમનો અભ્યાસ પસંદ કરવાની લવચીકતા હશે. કેટલાક વિષયો અને કૌશલ્ય બધા શીખે તે સારુ છે, તેની સ્વીકાર્યતા અને રચનાત્મકતા ઝડપથી બદલાતા વિશ્વમાં માનવીને વધુ સ્વીકાર્ય બનાવે છે. યોગાનુયોગ એ છે કે ઘણા દેશોએ નવ ઉદાર આર્થિકવાદ અપનાવ્યો હતો તેઓ પણ તેમના શિક્ષણ પ્રત્યેના ધ્યેય અંગે આમ જ કહેતા હતા કે તેઓ ઝડપથી બદલાતા વિશ્વમાં સ્વીકૃત બનવા માટે સમાજને બદલી રહ્યા છે.

તેમા વિષયો અને કૌશલ્યોની લાંબી યાદી છે, અવિરત ધોરણે એક વાક્ય કહેવાયુ છે, વૈજ્ઞાનિક ટેમ્પર અને પુરાવા આધારિત વિચારસરણી, સર્જનાત્મકતા અને ઈનોવેટિવનેસ, સૌંદર્ય અને કલાની સમજ, માનવ અને બંધારણીય મૂલ્યોમાં જ્ઞાન અને પ્રેક્ટિસ (જેમકે દેશપ્રેમ, બલિદાન, અહિંસા, સત્યા, પ્રામાણિકતા, શાંતિ, યોગ્ય વ્યવહાર, માફી, સહિષ્ણુતા, દયા, લાગણી, મદદ, સ્વચ્છતા, વિનય, બહુલતા, જવાબદેહિતા, ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને સમાવેશિતા) વગેરે. પણ અંતિમ દસ્તાવેજમાં આ સેક્શનમાંથી વીસેક મૂલ્યો જ બ્રેકેટમાં દર્શાવાયા છે.

વાસ્તવમાં આ કેન્દ્રીકરણની દિશામાં મહત્ત્વનું પગલું છે. તેમા વર્તમાન કે પ્રસ્તાવિત સંસ્થાઓ જેવી કે એનસીઈઆરટી, નેશનલ રિસર્ચ ફંડ, નેશનલ એસેસમેન્ટ સેન્ટર (હવે પરખ નામ) નેશનલ ટેસ્ટિંગ એજન્સી, નેશનલ એજ્યુકેશનલ ટેક્નોલોજી ફોરમ, હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયા અને બીજા બધાનો સમાવેશ થાય છે. આમ અહીં શિક્ષણના વર્તમાન દરજ્જાની બંધારણીય સ્થિતિ કોરાણે મૂકી દેવાય છે, જેના અંગે રાજ્યો નીતિગત નિર્ણય કરેછે, અભ્યાસક્રમ વિકસાવે છે, એસેસમેન્ટ કરે છે, શિક્ષકોની ભરતીના નિયમો ઘડે છે વગેરે. વાસ્તવમાં આ બાબત સંચાલનના સંઘીય માળખાનો હિસ્સો છે. વાસ્તવમાં આ જ આધારે કાયદાકીય નિષ્ણાતોનોમત છે કે આરએસએ પ્રસ્તાવિત જ ન કરવી જોઈએ અને ઘણા રાજ્યોએ તેની સામે વાંધો પણ ઉઠાવ્યો હતો.

શાળાકીય શિક્ષણની પુર્નરચનાના નામે આ નીતિમાં જે મહત્ત્વની દરખાસ્તો મૂકવામાં આવી છે તેની તલસ્પર્શી કાયદાકીય સમીક્ષા થવી જરૂરી છે. પહેલા તો નેપમાં યુનિવર્સલ એક્સેસની ટર્મિનોલોજીને લઈને મૌન સેવાયુ છે, તેમા તેના અધિકાર તરીકે સમાવેશ અને પૂર્ણતાની ખાતરી આપવામાં આવી નથી. વધારે નુકસાનકારક બાબત એ છે કે તેમા ગુણવત્તા સાથે સમાધાન કરવામાં આવ્યુ છે અને તેને શિક્ષણના વૈકલ્પિક મોડેલનું નામ આપવામાં આવ્યુ છે. તેમા અનેકવિધ માર્ગો છે, જેમા નોન-ફોર્મલ અને ઓપન સ્કૂલિંગ છે. (એ, બી અને સીના અભ્યાસને ધોરણ, ત્રણ, પાંચ અને આઠની સમકક્ષ કરાયા છે) આ ઓપન સ્કૂલિંગ માટેના રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના એકમો દ્વારા કરવામાં આવશે.

આ નીતિમાં ગુરુકુળો, મદરેસાઓ, હોમ સ્કૂલિંગ વગેરેને વ્યાપક રીતે ટાંકવામાં આવ્યા છે. પણ તેણે ઉતરતી ગુણવત્તાવાળી નીચી-ફીવાળી ખાનગી સ્કૂલો અંગે મૌન સેવ્યુ છે અને જમણેરી પાંખના સંગઠનો ઘણી એકલવ્ય સ્કૂલો ચલાવે છે. આ બાબત સુગમતાપૂર્વક વૈકલ્પિક મોડેલમાં આવે છે, જે આરટીઈને પૂરક છે. તે કોઈપણ બોર્ડ સાથે જોડાયેલ નથી અને બાળકે તેમા ફક્ત પ્રાથમિક સ્તરે ઓપન સ્કૂલ પરીક્ષામાં હાજર થવાનું હોય છે. નિરાશાજનક બાબત એ છે નીતિગત ધોરણે આ પ્રકારની બાબતને હવે માન્યતા આપી દેવાઈ છે. આમ ઓપન સ્કૂલિંગ ઈન્સ્ટિટ્યુટ હવે સરકારી શાળાકીય કાર્યપ્રણાલિનું સ્થાન લેશે. દિલ્હીમાં નબળા વિદ્યાર્થીઓ આઠ અને નવમા ધોરણે પછી દેખાતા નથી, કારણ કે સીબીએસઈ પરિણામમાં બોર્ડની પરીક્ષાના માર્ક દેખાડાતા નથી અને રાજ્ય સરકાર અખબારોના મુખ્ય પાનાઓ પર જાહેરખબર આપી આપને મૂર્ખ બનાવે છે.

આ નીતિમાં વારંવાર નવી સ્કૂલ શરૂ કરવા અંગે રેગ્યુલેટરી ફ્રેમવર્ક સામે સંરક્ષણ અપાયુ છે અને આમ તેની પક્કડ હળવી બનાવાઈ છે. આ રીતે બધા વિદ્યાર્થીઓ અને તેમા પણ ખાસ કરીને વંચિત અને નબળા વર્ગના વિદ્યાર્થીઓ ઉચ્ચસ્તરીય ગુણવત્તા અને બીજા બાળકોની જેમ સમાન ધોરણે ચાઈલ્ડહૂડ કેર અને શિક્ષણ મેળવી શકશે તેમ કહેવાયું છે. આમ છેક ત્રણ વર્ષની વયથી તે ઉચ્ચતર શિક્ષણ એટલે કે બારમા ધોરણ સુધી તે શિક્ષણ મેળવવા પાત્ર બનશે (સેક્શન ૮.૮)

આમ અહીં ફરીથી આ પોલિસી આરટીઈથી દૂર જાય છે, તે અહીં પરિણામ પર ભાર મૂકે છે, ઈનપુટ પર નહી. એટલે કે વિદ્યાર્થી શું શીખે છે તેના પર ભાર મૂકતી નથી. આ જરૂરિયાત હળવી કરી દેવાઈ છે. દરેક સ્કૂલને તેની સ્થાનિક જરૂરિયાતો અને સંજોગો અનુસાર નિર્ણય લેવાની છૂટ આપવામાં આવી છે. વાસ્તવમાં આ સ્વૈચ્છિક સખાવતી સંગઠનોને પબ્લિક, ફિલાન્થ્રોપિક પાર્ટનરશિપ દ્વારા સ્કૂલ શરૂ કરવાનું આમંત્રણ છે. આમ હવે ઉદ્યોગો પછી શિક્ષણ ક્ષેત્રે પણ પીપીપી મોડેલ જોવા મળશે. આમ અહીં સિફતતાપૂર્વક ખાનગી શબ્દ ટાળવામાં આવ્યો છે, આ રીતે શિક્ષણ નફા માટે નથી તે પણ દર્શાવી શકાય છે, જે કાયદાકીય રીતે ફરજિયાત છે. તેની સાથે શિક્ષણના બજારને આ રીતે ખુલ્લમ ખુલ્લા વિસ્તારી શકાય છે.

અહીં મૂળભૂત સાક્ષરતા અને પ્રારંભિક સાક્ષરતા (ત્રણથી આઠ વર્ષની વય) એવું વિભાજન કરવામાં આવ્યુ છે. અર્લી ચાઈલ્ડહૂડ કેર અને એજ્યુકેશન (ત્રણથી છ વર્ષની વય આંગણવાડી કાર્યકરોના નેજા હેઠળ)ને પણ તેમા આવરી લેવાયું છે. તેમા પ્રાથમિક શાળાના એકથી બે ધોરણનો સમાવેશ થાય છે. તમા ઓછામાં ઓછા અભ્યાસક્રમની વાત છે. તેના લીધે અહીં ઓછી તાલીમવાળા સ્વયંસેવકો અને કમ્યુનિટી મેમ્બરો તથા તે જ સ્કૂલમાંથી બાળકના ટ્યુટરોને આવવાનો પૂરો અવકાશ રહેલો છે.

**(ક્રમશઃ)**

# 'એક પોસ્ટકાર્ડ જેટલી જમીનનો શું ભાવ છે ?'

ખોટું ન લાગે તો કહું!

જગદીપ ઉપાધ્યાય

**ક**વિ અનિલ જોષી એક કવિતામાં લખે છે, એક દિવસ માણસો પૂછશે શબને દફનાવવું છે. એક પોસ્ટકાર્ડ જેટલી જમીનનો શું ભાવ છે ? કૂદકેને ભૂસકે વધતી જતી વસ્તીનો આ કાવ્ય પંક્તિમાં ખળભળાવી દેતો ચિતાર છે. પચાસ માણસોની વહનશક્તિવાળી નાવમાં બસ્સો માણસો પાર જવા નીકળે તો એ નાવની દશા શું થાય ? એવી દશા મારા દેશની નાવની છે. કાંઈ કમાતો નથી એ છોકરાને ત્યાં છોકરો જન્મે ને એની મા પેંડા વહેંચવા નીકળે છે. અમારી પાછલી શેરીમાં જાનુમાસી રહેતા. એ કાયમ ધોખો કરતા હોય, નાની વહુની સુવાવડ માંડ પતી ત્યાં મોટી વહુ તૈયાર થઈ ગઈ. એનો વાંધો નથી પણ પછી મારી સુવાવડ વેળાએ એ બેમાંથી એક વહુએ ન આવવું જોઈએ ?



વસ્તી પણ કેવી ? આળસુ, અજ્ઞાન, અશિક્ષિત, જડ, ડરપોક ! દેશની સુંદરતાને હણે એવી ! એક નગરના વિસ્તારમાં એક સાચકલા કાર્યકરે એ વિસ્તારમાં પ્રદૂષણ ફેલાવતા એક માથાભારે માણસનો વિરોધ કરવા લોકોને આહ્‌વાન આપ્યુંફ લોકો સાથ આપવાની ના પાડતા કહે, અમે એ માણસનો વિરોધ ના કરીએ. કેમ કે વિરોધ કરીએ તો એ માણસ અમને જીવવા ના દે ! તે કાર્યકરે કહ્યું, આમેય તમે ક્યાં જીવો છો ? આ વાક્ય આમ તો લગભગ કસ્બાઓને લાગુ પડે છે.

વીજળીનો કડાકો થાય ને આંખો મિંચી જનારા માણસોના સમાજમાં જાજા સંતાનોવાળો મૂછાળો ગણાય છે. પછી ભલે પાલવવાની ત્રેવડ ન હોય પેરન્ટસ વીધાઉટ ચાઈલ્ડની કલ્પના આવા લોકોને કેવી ? ખરેખર તો નિઃસંતાનપણું એ આજની તારીખે આશીર્વાદરૂપ હોવા છતાં એવા દંપતીને વાંઝિયામેણાથી લોકો સતાવે. ને કોઈ પુરૂષ તો સ્ત્રીને છૂટી કરીને દેશમાં સવા અબજ લોકો ઓછા હોય તેમ સંતાન માટે ધામધૂમથી ફરી પરણવા નીકળી પડે ને ત્રસ્ત ભીડ વચ્ચે એના વરઘોડાઓ પરસેવે રેબઝેબ જાનૈયાઓ નાચતા હોય !

ખોટું ન લાગે તો કહું ! જેને હુંને તમે પૂજીએ છીએ એ રાંદલમાં એટલા મૂર્ખ હશે કે તેઓ સ્ત્રી હોવા છતાં માણસો એની પાસે નફટાઈથી દીકરીને બદલે દીકરો માંગે અને એ પાછા એને આપે ! દીકરો માગવાના કારણોય કેવા ? ઘેર દીકરો જન્મે તો, એ પુરૂષ પોતે મરદમાં ખપે, દીકરો જણે એ સ્ત્રી ભાગ્યશાળી ગણાય, દીકરો હોય તો વંશ ટકે, દીકરો મુક્તિ અપાવે, દીકરો નરકમાંથી છોડાવે ! રાંદલમાં આવા બધા કારણો વળી ધ્યાનમાંય લે ! દીકરાની આ લાલસા એ વસ્તી વધારાનું દયનીય, નીંદનીય અને શોચનીય કારણ છે.

માણસની સ્વાર્થી ગણતરીઓ તો જુઓ. ઝાઝા સંતાનો અને એય પાછા દીકરા થાય તો એ બધા કમાવા જાય અને પોતે સંપત્તિવાળો થઈ જાય ! હકીકત તો એ છે કે યોગ્ય પાલન વગરના, શિક્ષણ વગરના, કૌશલ્ય વગરના આવા સંતાનો સરવાળે રઝળે છે. બાળ મજૂરી કરે છે. ભીખ માંગે છે કે ગુનેગારીમાં સપડાય છે ! આમ તો સંતાનની સંખ્યા અને તેની માવજત વિશે લગભગ સમાજ પછાત છે. મારી પાસે એક આગેવાન છોકરીને સ્કૂલમાં દાખલ કરવા આવેલા. મેં એમને પૂછ્યું કે, છોકરીનું નામ શું ? તો તેઓ પોતે જણાવવાને બદલે છોકરીને કહેવા લાગ્યા, તારૂં નામ આચાર્ય સાહેબને કહે, છોકરી શરમાય. મેં એ આગેવાનને કહ્યું, એ નથી કહેતી તો તમે પોતે જ કહોને ! આપને આંચકો લાગશે. એ આગેવાન સંકોચ સાથે બોલ્યા. 'સાહેબ ! 'નથી આવડતું, આગેવાનની દશા આ હોય તો સામાન્ય માણસની તો વાત ક્યાં કરવી ? નામ તો બાજુએ રહ્યું, બાઈઓ છોકરાનો ક્રમ ભૂલી જાય છે.

લગ્નજીવન એ સમાધિ માટે હતું. નહીં કે સંભોગ માટે. એ અધ્યાત્મ દર્શન તો બાજુએ રાખીએ. આજના વૈજ્ઞાનિક યુગમાં પણ જાતીય મનોવિજ્ઞાનની લોકોને જાણકારી નથી ! લોકોની દલીલની વિચિત્રતા તો જુઓ, સંતતિ નિયમન ન કરાવાય કેમ કે માતાજીની આડીવાડી નડે છે! બિચારી સરકારી દવાખાનાની નર્સ લોકોને સમજાવીને હાંફી જાય !

સરકાર શું કામ અનામતનું પોટલું માથે લઈને ફરે છે. એક જ સંતાનને અનામતનું રક્ષણ આપો. બીજું સંતાન જોઈતું હોય તો એના ઉછેરની જવાબદારી એના માવતરની ! અનામતનો પ્રશ્ન હમણા પતી જાય ! પણ નડે છે મતનું કારણ જે સમાજની વસ્તી વધે તે સમાજનો શાસનમાં પ્રભાવ વધે અને એથી જ જે તે સમાજના આગેવાનો જ ઈચ્છે છે કે પોતાના સમાજની વસ્તી વધે !

**વસ્તી વધારાનું એક રસપ્રદ તારણ બહાર આવેલું, રેલવે સ્ટેશનની આસપાસ વસતા લોકો મોડી રાત્રે ધસમસતી ને સીટી વગાડતી ટ્રેન આવે ને જાગી જાય, પછી જાગી ગયેલા લોકો કરે શું ? શિક્ષણનો અભાવ, નાની ઉંમરમાં વિવાહ, બહુપત્ની પ્રથા, પરિવાર નિયોજનની શિથિલ યોજનાઓ ને ઊંચો જન્મદર, ધાર્મિક માન્યતાઓ વગેરે વસ્તી વધારાના કારણો તો અકળાવનારા છે જ પણ વસ્તી વધારાના પરિણામો તો એથીય વધુ હચમચાવી નાખનારા છે ! ખેતીના ટુકડા, સંપત્તિના ટુકડા, રહેવાની જગ્યાના ટુકડા...! માણસ પોતે તો ટૂંપાઈ ટૂંપાઈને જીવે પણ વારસામાંય એ વારસને દેવું આપતો જાય, પણ અભાવમાં ઉછરેલો એનો વારસ પોતેય નથી વિચારતો કે તે પોતાના સંતાનને વારસામાં શું આપી શકશે ! બધું સાવ ઈશ્વર ભરોસે ?** વસ્તી વધારાને પરિણામે નોકરી, રોજગાર, વ્યવસાય, નિરક્ષરતા, ગરીબી અને ભૂખમરો, રહેઠાણ કે વસવાટના પ્રશ્નો, અન્ન અને અન્ય સુવિધાના પ્રશ્નો એથીય વિશેષ ભ્રષ્ટાચાર, આતંકવાદ તરફ ધકેલાતા યુવાનો એમ પ્રશ્નોની હારમાળા સર્જાઈ છે. બુલેશા શિષ્યોને કહેતા, માણસનો સિક્કો ખોવાયો હોય ફળિયામાં ને માણસ ગોતતો હોય શેરીમાં ! સરકાર, સમાજશાસ્ત્રીઓ, સંશોધકો આવી બધી સમસ્યાઓને દૂર કરવા મથે છે. વિશ્લેષણો કરે છે પણ આ બધી સમસ્યાનું મૂળ વસ્તી વધારામાં છે તેને તો અધ્યાહાર જ રાખે છે. રાષ્ટ્ર વસ્તીને નભાવવાના પ્રશ્નોમાંથી ઊંચું આવે તો મૂડીરોકાણ, સંશોધન અને ટેકનોલોજી, ઉત્પાદન, સંસાધનો, શિક્ષણ, પાણી સ્વચ્છતા વગેરેના પ્રયાસો કરી શકેને ! ઉન્નતિ કે વિકાસ થાય છે પણ તેનો લાભ લોકોને મળતો નથી.

દીકરીનું સન્માન થાય, બધા પક્ષો વોટબેંક બાજુએ મૂકી આ પ્રશ્ને એક થાય. દેવસ્થાનો, સંતતિ નિયમનના ઉપદેશ દ્વારા ભ્રામક ધાર્મિક માન્યતાઓ દૂર કરવા પ્રયત્ન કરે, શિક્ષણ, સામાજિક વિજ્ઞાનમાં આ પ્રશ્નને પ્રાધાન્યતા આપે, ખાસ કરીને યુવક યુવતીઓ આ પ્રશ્ને કટિબદ્ધ બને તો કદાચ ગરીબીની રેખા નીચે જીવતા ચાલીશ ટકા લોકો જેની રાહ જોઈએને બેઠા છે એ રામરાજ્ય દેશમાં આવે !

## સંસ્કાર સૌરભ

વિદાય લેતા મહેમાનને ઘરના ઉંબરા સુધી વળાવવા જવું એ સારૂં આચરણ છે.
(હદીસ બોધ)

**બોધ વચન**

જ્ઞાની એક કલાકમાં જેટલા પ્રશ્નોના જવાબ આપી શકે છે તેના કરતાં વધારે પ્રશ્ન મૂરખ વ્યક્તિ એક મિનિટમાં પૂછી શકે છે. -લેનિન

**આજની આરસી**

૨ સપ્ટેમ્બર બુધવાર ૨૦૨૦
૧૩ મોહર્રમ હિજરી ૧૪૪૨
ભાદરવા સુદ પૂનમ સંવત ૨૦૭૬

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૦૬ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૦ |
| તુલૂએઆફતાબ (સૂર્યોદય) | ૬-૨૨ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૫૭ |

## ગુફ્તગુ

પતિ : (પત્નીને) અરે ગાંડી ! આ ફોનના જમાનામાં તે લેટર કેમ લખ્યો ?
પત્ની : (પતિને) પહેલા તો મેં ફોન જ કર્યો.....પણ ફોનમાંથી પેલીએ કીધું કે પ્લીઝ ટ્રાય લેટર એટલે પછી મેં લેટર લખ્યો...!!

## સુરતમાં કોરોનાના અજગરી ભરડામાં નવા ૧૧૦ સપડાયા : એકનું મોત

સુરત, તા.૧
સુરત શહેર સહિત જિલ્લામાં કોરોના વાયરસના હાહાકાર વચ્ચે ૧૧૦ કેસ નોધાયા છે. આ સાથે શહેર - જીલ્લામાં કુલ પોઝિટિવની સંખ્યા ૨૧ હજારને પાર થઈ ગઈ છે. કોરોનાને કારણે બે ના મોત થતાં કુલ મૃતાંક ૮૧૭ થયો છે. કોરોનાને મ્હાત આપી અત્યાર સુધીમાં ૧૭,૩૧૧ લોકો ઘરે પરત ફર્યા છે.

સુરત શહેર અને જિલ્લામાં કોરોના વાયરસના કેસો ધીમે ધીમે ઓછા થઈ રહ્યા છે. પરંતુ રોજના સરેરાશ ૨૦૦ કેસો નોધાઈ રહ્યા છે. આ સંખ્યા ઘટાડવા માટે તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને શહેરના કતારગામ , અઠવા અને રાંદેર ઝોનમાં કેસોની સંખ્યા ઓછી થવાના બદલે વધી રહી છે. તે માટે પાલિકાએ ફરીથી એકશનમાં આવી અનેક પગલાઓ લેવા માંડ્યા છે. તે દરમ્યાન મંગળવારે બપોર સુધી સુરત શહેરમાં ૭૫ કેસ નોધાયા છે. આ સાથે શહેરમાં ૧૬,૫૪૦ કેસો નોધાઈ ચુકયા છે. જયારે જીલ્લામાં પણ કેસો ઘટી રહ્યા છે. બપોર સુધીમાં ૩૫ કેસ નોધાયા છે. આ સાથે જીલ્લામાં પણ કોરોનાનો પોઝીટીવ આંક ૪,૫૫૩ કેસો નોધાયા છે. આમ સુરતમાં અત્યાર સુધી કુલ પોઝીટીવ આંક ૨૧,૦૯૩ પર પહોચ્યો છે. જયારે બે ના મોત નિપજતા અત્યાર સુધી ૮૧૭ ના મોત નિપજયા છે. આ ઉપરાંત કોરોનાને મ્હાત આપી મોટી સંખ્યામાં દર્દીઓ સાજા થઈ રહ્યા છે. અત્યાર સુધી કોરોનાને મ્હાત આપી ૧૭,૩૧૧ દર્દીઓ સાજા થઈ ઘરે પરત ફર્યા છે. આ ઉપરાંત સુરત મહાનગર પાલિકા સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનાર , માસ્ક ન પહેરનારા અને સેનેટાઇઝરનો ઉપયોગ ન કરનારાઓને રોજેરોજ દંડ કરી રહી છે. અત્યાર સુધી પાલિકાએ લગભગ ૪૦ હજારથી વધુ લોકો પાસેથી ૧.૭૫ કરોડથી વધુનો દંડ વસુલ કર્યો છે. નવા નોધાયેલા કેસોમાં સરકારી કર્મચારીઓ, કાપડના વેપારી સહિત ટેક્ષટાઈલ સાથે સંકળાયેલા કર્મચારીઓ, રત્નકલાકાર તેમજ અન્ય ધંધા વ્યવસાઈઓ સહિત અનેકના કોરોનાના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા.

## જૂનાગઢ શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૩૫ કેસો

જૂનાગઢ, તા.૧
જૂનાગઢ શહેર અને જિલ્લામાં કોરોનાના વધુ ૩૫ કેસ નોંધાયા છે. જે પૈકી જૂનાગઢ શહેર ૧૮, જૂનાગઢ ગ્રામ્ય ૫, કેશોદ ૩, માળિયાહાટીના અને વિસાવદરમાં ૨-૨ તથા ભેંસાણ, માણાવદર, મેંદરડા, માંગરોળ અને વંથલીમાં ૧-૧ કેસ કોરોનાનો નોંધાયેલ છે. ગઈકાલે જૂનાગઢ શહેર અને જિલ્લામાં કુલ ૪૭ દર્દીઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે.

## સુરેન્દ્રનગરમાં જર્જરિત દીવાલ તૂટી પડવાની ભીંતિ

સુરેન્દ્રનગર, તા.૧
સુરેન્દ્રનગર શહેરના પાળીયાદવાળા કંદોઈના ડેલાની અંદર મોટી દીવાલમાં ગાબડું અને દીવાલ નમી જતા આ વિસ્તારના રહેવાસીઓમાં ભય પ્રસરી જવા પામ્યો છે. આ ડેલામાં સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ નગરપાલિકા દ્વારા કોઈ જ પ્રકારની સવલત ન આપવામાં આવતી હોવાનું આ વિસ્તારના ૧૫ જેટલા ઘરના પરિવાર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. આ ડેલાની અંદર રોડ રસ્તા કે ગટર કે લાઈટની સુવિધા આજ દિન સુધી ઉપલબ્ધ કરવામાં આવી નથી. સતત વરસાદ વરસવાના કારણે દિવાલ ધસી પડે અને કોઈ માનવ જિંદગી હણાય તે પહેલા સુરેન્દ્રનગર શહેરનું વહીવટી તંત્ર આ અંગે પગલાં ભરે તેવી આ ડેલાના ૧૫ મકાનોના રહેવાસીઓની માંગ ઉઠવા પામેલ છે.

## વઢવાણ ખાતે ૮૦ ફૂટના રોડ ઉપર બેફામ ગંદકી

વઢવાણ, તા.૧
વઢવાણના ૮૦ ફૂટ રોડ ઉપર આવેલા પ્રજાપતિ બ્રહ્માકુમારી વિદ્યાલયની પાસે ગંદકી લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા અવાર નવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ નિકાલ ન આવતા રામેશ્વર નગરના જે.જે રાણાની એ રજૂઆત કરી છે. આ વિસ્તારમાં ઘરે ઘરે માંદગીના ખાટલા ખડકાયા છે અને સતત વરસાદ વરસી રહ્યો છે અને પ્લોટમાં છાણ અને ગંદકીના ખડકલા થવાના કારણે વરસાદ થતાની સાથે જ આ ગંદકી ચારેકોર ફેલાય ગઈ છે. આ વિસ્તારમાં પસાર થવું પણ ભારે મુશ્કેલ બન્યું છે. આ સમસ્યાને લઈ વઢવાણ નગરપાલિકામાં આવાર નવાર રજૂઆત કરી હોવાનું પણ જણાવી રહ્યા છે. ૮૦ ફુટના રોડ ઉપર કોર્નર ઉપર ગંદકીના ગંજ ખડકાયા છે.

## લાંબડિયા-ખેરોજ માર્ગ પર વૃક્ષ પડતાં લોકો અટવાયા

પોશીના, તા.૧
ખેડબ્રહ્મા ખેરોજથી લાંબડિયા તરફ આવેલ નવા મોટા ગામ પાસે વિશાળ બાવળનું ઝાડ પડી જતા ખેડબ્રહ્માથી લાંબડિયા ખેરોજ તરફ પસાર થતા વાહનોની વહેલી સવારથી જ લાંબી કતારો લાગી ગઈ હતી. અપડાઉન કરતા વેપારીઓ, પ્રાથમિક સહિત દૂધની ગાડીઓ અટવાઈ જતા સ્થાનિક લોકોની મદદથી આ ઝાડને કાપી રસ્તો ખૂલ્લો કરાયો હતો.

## મોરબી જિલ્લા સેવા સદનમાં સ્વચ્છતાનો અભાવ

મોરબી, તા.૧
મોરબી જિલ્લાના વડા અધિકારી જે કચેરીમાં બેસે છે અને આખા જિલ્લાનું સરકારી સંચાલન, મોનીટરીંગ કરે છે. એ સેવા સદન કચેરીની હાલત સ્વચ્છતાની બાબતે દયનિય છે. સ્વચ્છતા જાળવવા માટેના બેનરો અને અન્યથા દંડનીય કાર્યવાહીના હુકમોના બેનરો પણ ઠેર ઠેર લાગેલા છે. જો કે ખાટલે મોટી ખોટ હોય એમ આવા બેનરો લગાવીને જ તંત્ર સંતુષ્ઠ છે અને પોતાની જવાબદારી પુરી થઈ ગઈ છે એવું માનીને ચાલી રહી છે. સેવા સદનમાં સ્વચ્છતાની જાળવણી માટે કોઈ સુયોગ્ય મોનીટરીંગ ન હોય એવું ઠેર ઠેર પાન-ફાકી ખાનારાઓએ મારેલી પિચકારીઓ અને તેને કારણે થતી ગંદકી જોઈને લાગી રહ્યું છે. સેવા સદનની દીવાલો પર ચિતરી ચડે એવા દ્રશ્યો મુલાકાતીઓને રોજ જોવા પડે છે.

## ખેડા જિલ્લા પંચાયતની સામાન્ય સભા સંપન્ન

નડિયાદ, તા.૩૧
ખેડા જિલ્લા પંચાયત નડિયાદની મળેલી સામાન્ય સભામાં એજન્ડા મુજબના સાત કામો લીધાં હતાં. જેમાં જુલાઈની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધની બહાલી આપવાનું કામ, ગત સામાન્ય સભામાં લીધેલા નિર્ણયની અમલવારીનું કામ, જિ.પંચાયતની વિવિધ સમિતીઓની મળેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવાનું કામ, ૧૫ મા નાણાં પંચના અમલીકરણ તેમજ આયોજનની રૂપરેખાની સભ્યોને વિસ્તૃત સમજ આપવાની જેવા કામો લીધાં હતાં. એજન્ડા મુજબના કામો સભ્યોએ મંજુર રાખ્યાં હતાં.

પ્રમુખ નયનાબેને જણાવ્યું હતું કે અઢી વર્ષના કામગીરીમાં સભ્યોએ મને ખુબ જ સાથ સહકાર આપ્યો છે અને આવી રીતે એકબીજાના સહકારથી કામ થાય તો જ પ્રજાના કામો થઈ શકે.

## ભાલોદ પૂરના પાણી ફરી વળતા નાવડીઓ ફરતી થઈ

ભરૂચ, તા.૧
સરદાર સરોવર ડેમમાંથી સતત પાણી છોડવામાં આવતા નર્મદા નદી ત્રીજા દિવસે પણ બે કાંઠે વહી રહી છે. પુરના પાણી ભાલોદ ગામના ભાગોળ વિસ્તારમા પ્રવેશ્યા હતા , જેથી ભાલોદ ગામના હનુમાનજી મંદિરના પગથિયા પાણીમાં ગરકાવ થયા છે અને દત્ત મંદિર પાસે નાવડીઓ ફરતી નજરે પડી હતી ત્યારે ભાલોદથી ઓર-પટાર, જુનાટોથીદ્રા અને જુનાતરસાલી ગામને જોડતા એકમાત્ર રસ્તાા પર નર્મદા નદીના પુરના પણી ફરીવળતા આ ત્રાણેય ગામોના સંપર્ક કપાયા હતા તો બીજી બાજુ ભાલોદ, ઓર પટાર, ટોથીદ્રા અને જુના તરસાલીના ખેતરો બેટમાં ફેરવાતા લોકો પોતાના ઘરો છોડવા મજબૂર બન્યા છે.

## જંબુસરના નોંધણાની મરણજનાર બે બાળકીના પિતાને ચેક અર્પણ

જંબુસર, તા.૧
જંબુસર તાલુકાના નોંધણા ગામના અર્જુનસિંહ છત્રસિંહ પરમારના મકાન પર પાડોશીના મકાનની દિવાલ ધરાશયી થતાં તેમની બે દીકરીનાં મોત નિપજ્યા હતા. તે બનાવની જાણ નોધણા તલાટી પારસ દવે દ્વારા મામલતદાર જંબુસર તથા ટીડીઓ જંબુસર કરશનભાઇ પટેલને કરાતાં ટીડીઓએ જિલ્લા વહીવટી તંત્રને બનાવની જાણ કરેલ તે બાબતે જિલ્લા પંચાયત ભરૂચ દ્વારા અકસ્માત રાહત ફંડમાંથી રૂપિયા આઠ લાખ ફાળવવામાં આવતાં ટીડીઓ કરસનભાઇ પટેલ તથા નોંધણાના તલાટી પારસભાઇ દવે નોંધાણા જઈ અર્જુનસિંહ પરમારને રૂપિયા આઠ લાખનો ચેક અર્પણ કરી સાંત્વના આપવામાં આવી હતી.

## સિદ્ધપુરના મેત્રાણા ખાતે કોવિડ હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવ્યું



સિદ્ધપુર તાલુકાના મેત્રાણા ગામ ખાતે થરાદી મેમણ હોલ સમાજવાડી ખાતે નૂર ટ્રસ્ટ મુસ્લિમ સમાજ દ્વારા કોવિડ હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ૧૮ બેડની સુવિધા ઉપલબ્ધ છે. ડો.અનીસ મન્સૂરી (ફીજીસીયન )ની નિગરાનીમાં દરેક જ્ઞાતિના લોકો માટે કોવિડ હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવ્યું જેમાં દર્દીઓ માટે ચા નાસ્તા અને જમવાની સગવડ પણ રાખેલ છે. ડો.અનીસભાઈ મન્સૂરી પોઝિટિવ દર્દીઓને કેવી રીતે ટ્રીટમેન્ટ આપવી અને કોરોના સામે કેવી રીતે લડવું તેવી સમજ આપી હતી. માસ્ક પહેરવું, સેનેટાઈઝરનો ઉપયોગ કરવો અને ઘણી બધી માર્ગદર્શન આપ્યું હતુ.

### ઉપરવાસમાં પડેલ વરસાદને લીધે

## પ્રાંતિજના ૧૫ ગામોની જીવાદોરી સમાન બોખ ભરાતા ખેડૂતોમાં ખુશી

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૧
સાબરકાંઠા જિલ્લાના અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે ૮ને અડીને પ્રાંતિજ ખાતે મોટી અને નાની એમ બે બોખ આવેલ છે. જે પ્રાંતિજ સહિત આજુબાજુના પંદરથી પણ વધારે ગામોની જીવનદોરી સમાન છે .તે બોખમાં પાણી ભરાતા ખેડૂતો સહિત નગરજનોમાં ખુશી જોવા મળે છે .પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્કંડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ મોટી બોખમાં ઉપરવાસમાં પડેલ વરસાદને લઈને કેનાલ મારફતે પાણી આવેલ છે. હાલ મોટી બોખ છલોછલ ભરાઈ જતા અને ખાલી રહેલ બોખમાં નવાનીર આવતા આજુબાજુના પંદરથી પણ વધારે ગામના ખેડૂતોમાં હર્ષની લાગણી પ્રવર્તે છે. હાલ મોટી બોખમાં ભરાયેલ પાણીનો નજારો જોવા નગરજનો ઉમટી પડે છે . આ પાણીના ભરાવાથી પ્રાતિજ તથા આજુબાજુમાં અડીને આવેલ પંદરથી પણ વધારે ગામના ખેડૂતોને આગામી દિવસોમાં ખેતીમાં મોટો ફાયદો થશે . હવે લિમલા અને કરોલ ડેમમાં પાણી ભરાય તેની સૌ આતૂરતાથી રાહ જોઈ રહ્યાં છે.

### NDRF બચાવ કામગીરી માટે તૈનાત

## ડભોઈના ચાંદોદ સહિત પાંચ ગામોમાં છેલ્લા ત્રણ દિવસથી પૂરની સ્થિતિ

ડભોઈ, તા.૧
ડભોઇ તાલુકાના ચાંદોદ સહિતના ૫ ગામો માં છેલ્લા ત્રણ દિવસ થી પૂર ની પરીસ્થીતી સર્જાઈ છે ત્યારે ત્રીજા દિવસે પણ ચાંદોદ ના દયારામ ચાર રસ્તા સુધી પાણીનું જળસ્તર આવી ગયું છે. જયારે ઉપરવાસ માં વરસાદ વધુ ફરતા નર્મદા ડેમની હાલ ની સપાટી ૧૩૨.૯૯મીટર નોંધાઈ છે અને પ્રશાશન દ્વારા ૧૧ લાખ ક્યુસેક પાણી નર્મદા નદી માં છોડવામાં આવી રહ્યું છે ત્યારે નર્મદા નદીકિનારા ના ગામો માં પૂર ની પરીસ્થીતી ઊભી થઈ છે તો ડભોઇ તાલુકાનાં યાત્રા ધામ ચાંદોદ સહિત કરનાળી,નંદેરીયા, ભીમપૂરા સહિત ના ગામો માં નર્મદાનદી ના પાણી ફરી વળતા લોકોના જનજીવન પ્રભાવીત થયું છે. ત્યારે ડભોઇ તાલુકા ના ચાંદોદ ગામ માં દયારામ ચોક ચાર રસ્તા સુધી નર્મદા ના પાણી આવી પહોચ્યા છે જયારે નીચાણવાળા વિસ્તારો માં પણ ભારે તારાજી સર્જાઈ છે તો આવી પરીસ્થીતી માં લોકો દ્વારા પ્રશાશન વિરુધ્ધ રોષ ઠાલવતાં જણાવી રહ્યા હતા કે ચાંદોદ માં જયારે પણ પૂર ની પરીસ્થીતી ઊભી થાય છે ત્યારે સ્થાનીક નાવીકો દ્વારા બચાવ કામગીરી સાથે નીચાણવાળા વિસ્તારો માં દુકાનો તેમજ ઘરવખરી ના સામાન નું સ્થળાંતર કરવા માટે મદદ રૂપ થતાં હતા પણ હાલ ની પરીસ્થીતી માં પ્રશાશન દ્વારા નાવીકો પર રોક લાગવામાં આવી હોય તંત્ર સામે લોકો નો ભારે રોષ છે જ્યારે તંત્ર દ્વારા એન.ડી.આર.એફ.ને ટીમો તૈનાત કરવામાં આવી છે. અને હાલ બચાવ કામગીરી કરવામાં આવી રહી છે તંત્ર ના અધીકારીઓનું માનવું છે કે હાલ ની પરીસ્થીતી ને ધ્યાનમાં લઈ કોઈ ના જીવ ને જોખમ થાય તેવા નિર્ણય લઈ શકાય નહીં જેથી નાવીકો પર રોક લાગવામાં આવી છે. જયારે માજી ધારાસભ્ય બાલકૃષ્ણ ભાઈ પટેલ પણ ચાંદોદ ખાતે આવી ગ્રામજનોને બે ત્રણ નાવડી મૂકવા પ્રસાશન સાથે વાત કરશે ની હૈયાધારણ આપી છે.

## છાપી ખાતે બનાસ બેંકમાં ATM મશીનનું લોકાર્પણ

છાપી, તા.૧
બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ બેક્નની છાપી શાખામાં એટીએમ મશીનનું ગ્રાહકોની સુવિધા માટે બેંકના યુવા ડિરેકટર કેશરભાઈ વાયડાના હસ્તે સોમવાર રીબીન કાપી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

હવે વેપારીઓ સહિત બેક્નના હજારો ખાતેદારોને એટીએમ કાર્ડ દ્વારા તાત્કાલિક નાણાંનો ઉપાડ કરી શકશે. આ ઉદ્‌ઘાટન સમારોહમાં બનાસ ડેરીના ડિરેક્ટર ફલજીભાઈ પટેલ છાપી સરપંચ ભરતભાઈ, છાપી નાગરિક બેક્નના ચેરમેન સુરેશભાઈ પ્રજાપતિ, એમડી શાંતિલાલ મહેશ્વરી, છાપી વેપારી મંડળના પ્રમુખ સુરેશભાઈ અગ્રવાલ, પોપટલાલ મહેશ્વરી, છાપી બેક્નના સી.ઇ.ઓ. ગીરીશભાઈ બનાસ બેક્ન બ્રાન્ચ મેનેજર તેમજ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



**મોહદ્દિષે આઝમ મિશન દ્વારા હિંમતનગર સબજેલમાં બિસ્કિટ વિતરણ**

મોહદ્દીસે આઝમ મિશન દ્વારા હિંમતનગર સબજેલ ખાતે બિસ્કીટના પેકેટ વિતરણ કરી સબજેલમાં બંધ કેદી ભાઈઓ સાથે મોહર્રમ પર્વની ઉજવણી કરી સમાજ માં એક સ્તુતિય નેક પ્રવૃત્તિ કરી છે. આ પ્રસંગે જેલ સત્તાવાળાઓ સાથે રહી કોરોના ની ગાઈડલાઈન ને અનુસરી નિયમો અનુસાર કેદી ભાઈઓને બિસ્કીટ વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે હિંમતનગર સર્વોદય બેંકના ડિરેક્ટર અને મોહદ્દીસે આઝમ મિશનના આગેવાનો મકબુલભાઈ ડોઈ સહિત આગેવાનો હાજર રહ્યા હતા.
(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

## સ્પોર્ટ્સ ટુડે

### IPL છોડીને ભારત આવેલા રૈનાએ મૌન તોડ્યું

## પંજાબમાં મારા ફોઈના પરિવાર પર થયેલો હુમલો ભયાવહથી વધુ ખતરનાક : રૈના

મુંબઈ, તા.૧
ભારતના પૂર્વ ક્રિકેટર અને ચેન્નઈ સુપર કિંગ્સના ટોચના ખેલાડી સુરેશ રૈના આ વર્ષે આઈપીએલ સીઝનની શરૂઆત અગાઉ જ દુબઈથી પરત ભારત આવી ગયો હોવાથી અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હોટેલનો રૂમ બરોબર નહીં મળતા રૈનાને ફ્રેન્ચાઈઝ માલિક અને કેપ્ટન કુલ ધોની સાથે વાંધો પડતા તે ટૂર્નામેન્ટ છોડીને ભરાત પરત ફર્યો છે. બીજીતરફ સુરેશ રૈનાના પંજાબના પઠાણકોટમાં રહેતા ફોઈ-ફૂવાના પરિવાર પર થયેલા હિચકારા હુમલા મામલે પણ ક્રિકેટરે મૌન તોડ્યું છે. રૈનાએ તેના ફૂવા અને ભાઈની લૂંટારાઓ દ્વારા હત્યાના મામલે ન્યાયની માગણી કરી છે. રૈનાએ જણાવ્યું કે મારા ફૂવાની કરપીણ હત્યા કરવામાં આવી. મારી ફોઈ તેમજ ભાઈને પણ ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી. દુર્ભાગ્યપૂર્ણ રીતે મારા ભાઈનું પણ ગત રાત્રે મોત થયું છે અને ફોઈની હાલત ગંભીર છે અને તેમને લાઈફ સપોર્ટ સિસ્ટમ પર રખાયા છે. ૧૯ અને ૨૦ ઓગસ્ટની વચ્ચે પંજાબના પઠાણકોટ જિલ્લાના થરિયલ ગામમાં રહેતા રૈનાના ફોઈ-ફુવાના ઘરે હુમલાની ઘટના બની હતી.

સુરેશ રૈનાએ આ ઘટનામાં ન્યાયની માગ કરી છે અને જણાવ્યું કે આ હુમલો કોણે કર્યો અને શા માટે કર્યો તે જાણવા મળ્યું નથી. પૂર્વ ભારતીય ક્રિકેટરે પંજાબ પોલીસને આ મામલે તપાસ કરી હત્યારાઓને પકડી લેવા અપીલ કરી હતી. રૈનાએ આ મામલે પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહને પણ ટેગ કર્યા હતા.

## ધોનીના શાંત રહેવાને કારણે CSK કેમ્પમાં વિશ્વાસ ઊભો થયો : શ્રીનિવાસન

ચેન્નાઈ, તા.૧
આઈપીએલ-૨૦૨૦ પહેલાં ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) કેમ્પમાં બધુ બરાબર ચાલી રહ્યું નથી. આઈપીએલ માટે દુબઈમાં રોકાયેલી ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના ૧૩ સભ્યો કોરોના પોઝિટિવ આવ્યા છે. જેમાંથી બે ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે. તો બીજી તરફ કેપ્ટન કૂલ ધોનીએ આઈપીએલમાં ટીમને સંભાળવા માટે પોતાનો અલગ જ પ્લાન તૈયાર કરી લીધો છે. અને તેણે સીએસકેના માલિક એન.શ્રીનિવાસનને ભરોસો અપાવ્યો છે કે ચિંતાનું કોઈ કારણ નથી.

શ્રીનિવાસને ખુલાસો કર્યો છે કે ધોનીના શાંત રહેવાને કારણે ચેન્નાઈ સુપર કિંગ્સના કેમ્પમાં વિશ્વાસ ઉભો થયો છે. ૧૯ સપ્ટેમ્બરે આઈપીએલ શરૂ થતાંની સાથે જ તમામ ચિંતાઓ પણ ખતમ થઈ જશે. શ્રીનિવાસને કહ્યું કે, મેં ધોની સાથે વાત કરી છે અને તે કોઈપણ વાતથી હેરાન નથી. આ ઉપરાંત ધોનીએ કહ્યું છે કે, જો સંખ્યા વધે છે તો પણ ચિંતાની કોઈ વાત નથી.

શ્રીનિવાસને કહ્યું કે, મને એક સોલિડ કેપ્ટન મળ્યો છે. ધોની ચિતિંત નથી, તેનાથી ટીમમાં તમામ લોકોનો આત્મવિશ્વાસ વધ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ વખતે ધોનીની ટીમ ચોથી વખત ચેમ્પિયન બનવા માટે મેદાનમાં ઉતરશે. ગત વર્ષે તે ફક્ત ૧ રનથી ચૂકી ગઈ હતી. તે ફાઈનલમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે હારી ગઈ હતી.

## પિતાના કેન્સરના નિદાનના કારણે સ્ટોક IPLમાંથી ખસી જાય તેવી શક્યતા

લંડન, તા.૧
ઈંગ્લેન્ડનો ધરખમ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ આ વખતની આઈપીએલ સ્પર્ધામાં રમે એ વિશે પ્રશ્નાર્થ સર્જાયો છે. આનું કારણ એ છે કે સ્ટોક્સના પિતાને બ્રેન કેન્સર હોવાનું નિદાન થયું છે. સ્ટોક્સ હાલ એના પિતા પાસે ગયો છે જે ન્યૂઝીલેન્ડમાં એમના નિવાસસ્થાને રહે છે. સ્ટોક્સ આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ ટીમનો સભ્ય છે. આ વખતની આઈપીએલ, જે ૧૩મી આવૃત્તિ હશે એ યૂએઈમાં રમાવાની છે અને એનો આરંભ ૧૯ સપ્ટેંબરથી થવાનો છે. સ્ટોક્સ હાલ ઉપલબ્ધ ન હોવાથી એને ઈંગ્લેન્ડ-ઓસ્ટ્રેલિયા સામેની આગામી ટ્વેન્ટી-૨૦ સિરીઝ માટેની ઈંગ્લેન્ડ ટીમમાં પણ સામેલ કરાયો નથી. ઓસ્ટ્રેલિયાની ટીમ ઈંગ્લેન્ડ પહોંચી ગઈ છે. આ વખતની આઈપીએલમાંથી ચેન્નાઈ સુપર કિંગ્સનો ઓલરાઉન્ડર સુરેશ રૈના પણ અંગત કારણોસર ખસી ગયો છે. એવી જ રીતે, ઓસ્ટ્રેલિયાનો ફાસ્ટ બોલર કેન રિચર્ડસન પણ એની પત્ની એમના પ્રથમ સંતાનને જન્મ આપવાની હોવાથી એની પાસે રહેવા માગે છે તેથી આઈપીએલમાં મોડો જોડાશે અથવા આખી સ્પર્ધામાંથી ખસી જાય એવી પણ ધારણા છે.

### મિસ્બાહની હતાશા દર્શાવતી પ્રતિક્રિયા ઉપર ઈન્ઝમામની ટીકા

લાહોર, તા.૧
રવિવારે પાકિસ્તાનના ભૂતપૂર્વ સુકાની ઈન્ઝમામ-ઉલ-હકે ઈંગ્લેન્ડ સામેની બીજી ટી -૨૦ આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન નકારાત્મક હરકતો બતાવવા બદલ મુખ્ય કોચ મિસબાહ-ઉલ-હકની ટીકા કરી હતી. ઈંગ્લેન્ડે પાંચ વિકેટ ગુમાવીને ૧૯૬ રનનો વિજેતા લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. ઈન્ઝમામે કહ્યું કે, જયારે ટીમ મેદાનમાં સંઘર્ષ કરી રહી છે ત્યારે આવી પ્રતિક્રિયાઓ ટીમને નકારાત્મક સંદેશ આપે છે. ઈન્ઝમામે તેની યુટ્યુબ ચેનલ પર કહ્યું, 'ઈંગ્લેન્ડની ઈનિંગ્સની પાંચમી ઓવર દરમિયાન, જયારે પાકિસ્તાન તેમની પાવરપ્લે ઓવર બોલ્ડ કરી રહ્યો હતો અને ૪૦-૪૫ રન બનાવ્યો હતો, ત્યારે મિસબાહ ટીવી પર જોવા મળ્યો હતો જેણે માથું પકડ્યું હતું. અને તે નિરાશ લાગ્યો. તેમને જોતાં એવું લાગ્યું કે કંઈક ખરાબ થયું છે. તેમણે કહ્યું, બીજી ટીમ હજી ૧૫૫-૧૬૦ રન બનાવવાની બાકી છે, આવી સ્થિતિમાં મેચ કોઈની પણ તરફેણમાં આવી શકે છે પરંતુ તમે સંદેશ આપી રહ્યા છો કે જાણે કંઈક ખોટું કર્યું હોય. પૂર્વ કેપ્ટન ઈન્ઝમામે કહ્યું કે, તમે મેચ પછી તેની યોગ્ય ચર્ચા કરી શકો છો પરંતુ મેચ દરમિયાન આવી પ્રતિક્રિયા આપવાથી ટીમ પર તેની ખરાબ અસર પડે છે.

## ચાલુ વર્ષની IPLમાં ટીવી રેટિંગ્સ રેકોર્ડ બ્રેકિંગ હશે : BCCI અધ્યક્ષ

મુંબઈ, તા.૧
બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI)ના પ્રેસિડેન્ટ સૌરવ ગાંગુલીએ કહ્યું કે, આ વખતે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ટીવી રેટિંગ્સ ઓલ ટાઈમ હાઈ હશે અને આ સીઝનને અત્યાર સુધીની સૌથી વધુ વ્યૂઅરશિપ મળશે. તેમજ ટૂર્નામેન્ટ શરૂ થાય તેના થોડા સમય પછી ૩૦% દર્શકોને સ્ટેડિયમમાં એન્ટ્રી આપવામાં આવશે. ગાંગુલીએ સિમ્બાયોસીસ ગોલ્ડન જ્યૂબલી લેક્ચર સીરિઝમાં કહ્યું કે, "બ્રોડકાસ્ટર્સનું માનવું છે કે આ સીઝનને સૌથી વધુ ટીવી રેટિંગ્સ મળશે કારણકે ફેન્સ સ્ટેડિયમમાં મેચ જોવા નહિ આવી શકે. તેથી તેઓ ટીવી પર ટૂર્નામેન્ટને ફોલો કરશે." કોરોના વાઈરસને કારણે આ વખતે IPL ભારતની જગ્યાએ UAEમાં રમાવવાની છે. ટૂર્નામેન્ટ ૧૯ સપ્ટેમ્બરે શરૂ થશે, પરંતુ લીગની ૧૩મી સીઝનનું શેડ્યૂલ હજી જાહેર કરવામાં આવ્યું નથી. ગાંગુલીએ કહ્યું કે, કોવિડ-૧૯ને કારણે તમે નથી ઈચ્છતા કે બહુ બધા લોકો એકસાથે ભેગા થાય. તેમજ આટલા બધા લોકો એકસાથે એકબીજાની નજીક આવે.


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**વેચવાનું છે**

**વેચવાનું છે**
NANOC ટાઈટલ ક્લિયર Duplex 100 % Loan Papers available સોસાયટીમાં સીસી કેમેરા, કોમન પ્લોટ. મસીરા સોસાયટી, સોનલ સિનેમા રોડ, વેજલપુર રોડ, 9974593572

**ફ્લેટ વેચવાનો છે**
ગ્રાઉન્ડ ફ્લોર 2 BHK રાયખડમાં સારી કન્ડીશનમાં
9925916903
6351671802

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**શાયન હિલ્સમાં FLAT ભાડે આપવાનો છે**
સારણી મસ્જિદ પાસે 2 BEDROOM-HALL-KITCHEN-FULL VENTILATION GARDEN-24 HOURS LIFT-CCTV-FULL PARKING-PRIME LOCATION 9227200413

**મકાન વેચવાનું છે**
કાલુપુરમાં આશરે 80 વાર RCCનું નવું બાંધકામ, 9879786770

**ગોડાઉન/શેડ ભાડે આપવાનું છે**
૪૦૦૦ સ્કે. ફીટ, નારોલ
7874455600

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ. સરખેજ-જુહાપુરા.
8141837313 ગુલુચાચા

**લગ્ન વિષયક**

**અલ નિકાહ મેરેજ બ્યુરો**
કુંવારે લડકે, લડકિયાં, બેવા, તલાકશુદા મર્દ ઔર ઔરતોં કો અપના જીવનસાથી બનાયેં.
અમદાવાદ
મો.9624445207

# જમ્મુ-કાશ્મીર : ધીમું ઈન્ટરનેટ અધિવાસ પ્રમાણપત્ર ઈસ્યૂ કરવાની કામગીરીને અવરોધે છે

## 2G સ્પીડ ઉપરાંત અનેક ફરજો બજાવતાં અતિ કાર્યભાર ધરાવતાં અધિકારીઓ દ્વારા પણ આ પ્રક્રિયાને વિલંબીત કરવામાં આવી રહી છે એવું અંદરના વર્તુળોએ જણાવ્યું હતું

(એજન્સી) તા.૧

સરકાર એક બાજુ જમ્મુ અને કાશ્મીરમાં અધિવાસ પ્રમાણપત્ર માટેની અરજીઓની ચકાસણી ઝડપથી કરવા માટે મહેસૂલ વિભાગ પર દબાણ લાવી રહી છે પરંતુ અંદરના વર્તુળોનું કહેવું છે કે ૨-જી ઈન્ટરનેટ સેવાની ધીમી ઝડપ અને વધુ પડતો કાર્યભાર ધરાવતાં મહેસૂલ અધિકારીઓએ આ પ્રક્રિયાને વધુ મુશ્કેલ બનાવી છે. જમ્મુ અને કાશ્મીર સરકારે ગત સપ્તાહે અગાઉની ૧૫ દિવસની સમયમર્યાદા સામે પરમેનન્ટ રેસિડેન્ટ સર્ટિફીકેટ (પીઆરસી) હોલ્ડર્સ અને માઈગ્રન્ટ્સને માત્ર પાંચ જ દિવસમાં અધિવાસનું પ્રમાણપત્ર આપવા જણાવ્યું છે.



દ.કાશ્મીરમાં તૈનાત કાશ્મીર એડમેનિસ્ટ્રેટીવ ઓફિસરે જણાવ્યું છે કે પાંચ દિવસની અંદર અધિવાસ પ્રમાણપત્ર ઈસ્યૂ કરવો એ વિરાટ કાર્ય છે. અમે અનેક કાર્યબોજ તળે છીએ. જાહેર પ્રશ્નો ઉકેલવા ઉપરાંત બેઠકોનું આયોજન, કોવિડ-૧૯નું એસાઈનમેન્ટ, લોકોને જુદા જુદા પ્રમાણપત્રો આપવા અધિકાર ક્ષેત્રમાં કાયદો-વ્યવસ્થા જાળવવા સહિતની કામગીરી ઉપરાંત અધિવાસ પ્રમાણપત્ર ઈસ્યૂ કરવાની વધારાની કામગીરી સોંપવામાં આવી છે. અમે આખરે માણસો છીએ મશીન નથી. અધિવાસ કાયદા અનુસાર જમ્મુ અને કાશ્મીરમાં અધિવાસ પ્રમાણપત્ર લેવા માટે ઓછામાં ઓછા ૧૫ વર્ષના વસવાટની સાબિતી ધરાવતાં પીઆરસી ધારકો અને બિન-કાયમી નિવાસીઓને અધિવાસ પ્રમાણપત્ર મેળવવાનો હક છે. એક વરિષ્ઠ અધિકારીએ અધિવાસ પ્રમાણપત્ર સમયસર ઈસ્યૂ કરવા માટે હાઈ સ્પીડ ઈન્ટરનેટ સર્વિસના અભાવને મુખ્ય અવરોધક પરિબળ ગણાવ્યું છે. પ્રત્યેક વ્યક્તિની માહિતીની ચકાસણી કરવા માટે, વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) મેળવવા અને ઈ-સિગ્નેચર અપલોડ કરવાની કાર્યવાહી માટે ૨-જી ઈન્ટરનેટ સર્વિસ પર ભરોસો રાખવાથી કલાકો લાગે છે. આ સંજોગોમાં માત્ર થોડા દિવસમાં અધિવાસ પ્રમાણપત્ર ઈસ્યૂ કરવું કઈ રીતે શક્ય છે? એવું તેમણે પૂછ્યું હતું.

# ભૂષણને સજા સંભળાવતાં જસ્ટિસ અરૂણ મિશ્રાએ ૨૦૧૮ની સુપ્રીમ કોર્ટના જજોની પ્રેસ કોન્ફરન્સને પણ વખોડી

## સુપ્રીમ કોર્ટની બેંચે જણાવ્યું હતું કે આ પ્રથમ અને છેલ્લી ઘટના છે કે જેમાં જજ પ્રેસ સમક્ષ ગયા છે

(એજન્સી) તા.૧

સિનિયર એડવોકેટ પ્રશાંત ભૂષણના બે ટ્વીટ્સ પર સુપ્રીમ કોર્ટે તેમને અદાલતની અવમાનનાના કેસમાં દોષિત ગણ્યાં હતાં અને આ માટે પ્રશાંત ભૂષણનો સજા સંભળાવતાં જસ્ટીસ અરૂણ મિશ્રાના વડપણ હેઠળની બેંચે તત્કાલીન ચીફ જસ્ટીસ દ્વારા રાજકીય રીતે સંવેદનશીલ કેસોની અપારદર્શક રીતે થતી ફાળવણી સહિતના મુદ્દાઓ પર જાન્યુ.૨૦૧૮માં સુપ્રીમ કોર્ટના ચાર સિનિયર જજ દ્વારા યોજાયેલ અભૂતપૂર્વ પત્રકાર પરિષદ પર વિપરીત ટિપ્પણી કરી હતી. ખાસ કરીને ચાર જજોએ



સીબીઆઈના સ્પેશિયલ જજ બી એચ લોયાના રહસ્યમય મૃત્યુને લગતા કેસ સાથે કામ લેવાની બાબતમાં ચારેય જજોએ સવાલો ઉઠાવ્યાં હતાં. જસ્ટીસ અરૂણ મિશ્રા, બી આર ગવઈ અને ક્રિષ્ના મુરારીની બનેલી બેંચે ભૂષણ અવમાનના કેસમાં ચાર સિનિયર જજ દ્વારા કરવામાં આવેલ આ કાર્યવાહીની સખત આલોચના કરી હતી. બેંચે એવું પણ નોંધ્યું હતું કે જજ પોતાના ચુકાદા દ્વારા જ પોતાને વાચા આપી શકે છે. જજ કોઈ મીડિયાને ઈન્ટરવ્યૂ આપશે નહીં. એવું પણ જણાવ્યું હતું કે નકારાત્મક સમાનતાનો દાવો કરી શકાય નહીં કારણ કે નકારાત્મક સમાનતા જેવો કોઈ ખ્યાલ પ્રવર્તતો નથી. સત્ય જજ માટે પણ બચાવરુપ થઈ શકે છે પરંતુ તેઓ ન્યાયિક ધોરણો, નીતિઓ અને આચારસંહિતા દ્વારા બંધાયેલા છે. એ જ રીતે એડવોકેટ માટેની આચારસંહિતા વકીલોને પણ સિસ્ટમના ભાગરૂપ હોવાના નાતે સરખી રીતે લાગુ પડે છે. બેંચે વધુમાં ઠરાવ્યું હતું કે વકીલ એ અદાલતની ગરીમાનું હનન થાય એવી કોઈ કાર્યવાહી નહીં કરવા માટે જવાબદાર છે. સુપ્રીમ કોર્ટની બેંચે જણાવ્યું હતું કે આ પ્રથમ અને છેલ્લી ઘટના છે કે જેમાં જજ પ્રેસ સમક્ષ ગયા છે.

# ચીન સાથે નવા ઘર્ષણ બાદ હવે ચીન અને પાકિસ્તાન એમ બે મોરચે યુદ્ધ થવાનું ભારતનું દુઃસ્વપ્ન કદાચ સાચું પડી શકે છે

## અત્યાર સુધી ભારત અને ચીનના લશ્કરી કમાન્ડરો વચ્ચે યોજાયેલ વાટાઘાટના પાંચ દૌરનું કોઈ નક્કર પરિણામ આવ્યું નથી અને LAC પર ચીનના સૈન્ય PLAની ઘેરાબંધી યથાવત છે

(એજન્સી) તા.૧

ભારત ચીન સરહદી વિવાદના મામલે ૨૯-૩૦ ઓગસ્ટની રાત્રે ભારતના સૈન્ય અને ચીનના સૈન્ય વચ્ચે થયેલ વધુ એક અથડામણ પરથી હવે એવું જણાય છે કે સરહદી મોરચે બે યુદ્ધ છેડાવાનું દુઃસ્વપ્ન કદાચ સાચું પડશે.

આમ લશ્કરી અને પરમાણુ સાથીઓ પાકિસ્તાન અને ચીન વિરુદ્ધ બે મોરચે યુદ્ધની શક્યતા હવે ધીમે ધીમે આગળ વધી રહી છે. ભારત-ચીન મામલે બંને સૈન્યોના કમાન્ડરોની બેઠકો યોજાઈ રહી છે પરંતુ ૩૧, ઓગસ્ટના રોજ સંરક્ષણ મંત્રાલયના નિવેદને એવો નિર્દેશ આપ્યો છે કે બંને સૈન્યો વચ્ચે ફરીથી ઘર્ષણ થયું હતું અને તેના પગલે મડાગાંઠ વધુ ગુંચવાઈ છે. આ અગાઉ ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ જનરલ બીપીન રાવતે પણ ૨૪,



ઓગસ્ટના રોજ સ્પષ્ટપણે જાહેર કર્યુ હતું કે પૂર્વીય લદ્દાખમાં ચીની સૈન્ય પીએલએ સાથે જો રાજદ્વારી અને સૈન્ય સ્તરની વાટાઘાટો, મડાગાંઠને ઉકેલવામાં નિષ્ફળ જશે તો ભારત સમક્ષ લશ્કરી વિકલ્પ પણ ખુલ્લો છે. તેના બે દિવસ બાદ ૨૬, ઓગસ્ટે વિદેશ પ્રધાન એસ જયશંકરે જણાવ્યું હતું કે એલએસી પર ૧૯૬૨ બાદ સરહદની સ્થિતિ વધુ ગંભીર છે. જયશંકરે એક મુલાકાતમાં એવું જાહેર કર્યુ હતું કે ૪૫ વર્ષ બાદ આ બોર્ડર પર આપણી લશ્કરી ખુવારી થઈ છે. દરમિયાન મધ્ય જૂનથી ઓગસ્ટના પ્રારંભ સુધી ભારત અને ચીનના લશ્કરી કમાન્ડરો વચ્ચે યોજાયેલ વાટાઘાટના પાંચ દૌરનું પરિણામ ભાગ્યે જ કંઈ આવ્યું છે અને પીએલએની ઘેરાબંધી હજુ દૂર થઈ નથી. પૂર્વ વિદેશ સચિવ શ્યામ શરને ૧૯૮૭માં ભારતીય સૈન્ય અને પીએલએ વચ્ચે થયેલા આ જ પ્રકારના ઘર્ષણને ટાંકીને સંયમ અને ધીરજ રાખવા સલાહ આપી છે.

જનરલ રાવતે ડોકલામમાં ૭૩ દિવસની મડાગાંઠનો અંત આવ્યાના થોડા દિવસ પછી જણાવ્યું હતું કે ચીન એક એવો દેશ છે જેના અંગે ભારતે સતર્ક રહેવાની જરુર છે અને સંઘર્ષમાં પરિણમી શકે એવી સ્થિતિ માટે સુસજ્જ રહેવાની પણ જરુર છે. બીજી બાજુ હાલ ભારત ચીન સરહદે સુરક્ષાની બાબતમાં વ્યસ્ત હોવાથી ભારતની આ સ્થિતિનો પાકિસ્તાન પણ લાભ ઉઠાવી શકે છે. આમ બે મોરચે યુદ્ધ લડાવાનું દુઃસ્વપ્ન કદાચ સાચું પડી શકે છે.

(સૌ. : ધ વાયર.ઈન)

# ભાજપના ઊભરતા મુસ્લિમ ચહેરા ઝફર ઈસ્લામે એક વખત કોંગ્રેસ સાથે નિકટ રહીને કામ કર્યું હતું



## યુપીના રાજ્યસભા માટેના ભાજપના ઉમેદવાર ઝફર ઈસ્લામે એવો દાવો કર્યો હતો કે મોદી સાથેની આકસ્મિક મુલાકાતને કારણે રાજનીતિમાં તેમનો પ્રવેશ થયો હતો, પરંતુ ઝફર ઈસ્લામના પરિચિતો તેનાથી તદ્દન વિરોધાભાસી વાત કરે છે

(એજન્સી) તા.૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૬૮માં જન્મદિને ઈન્ડિયન એક્સપ્રેસ માટે એક લેખમાં ભાજપના નવા મુસ્લિમ ચહેરા અને આગામી પેટા ચૂંટણીમાં ઉ.પ્ર.માંથી ભાજપના રાજ્યસભાના ઉમેદવાર સૈયદ ઝફર ઈસ્લામે એવો દાવો કર્યો હતો કે ભાજપમાં જોડાતાં પહેલા કોંગ્રેસ સહિત કેટલાક રાજકીય પક્ષોએ મારો સંપર્ક કર્યો હતો. હું પક્ષના કેટલાક વરિષ્ઠ નેતાઓને મળ્યો હતો પરંતુ ત્યારે મારી ભ્રમણા ભાંગી ગઈ હતી.

સૈયદ ઝફર ઈસ્લામના જણાવ્યા અનુસાર અન્ય પક્ષોમાં સત્તાની લાલસા સિવાય ભાગ્યે જ કઈ જોવા મળતું હતું. દરમિયાન મોદી સાથે મારી મુલાકાત થઈ હતી. તેમણે મને ઉષ્માભર્યો આવકાર આપીને જો મને રાષ્ટ્ર નિર્માણના તેમના પ્રોજેક્ટમાં રસ હોય તો ભાજપમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું. મોદીએ એવું પણ કહ્યું હતું કે જો હું ટિકિટવાંચ્છુ હોઉં તો હું તેમના માટે યોગ્ય માણસ નથી.

જો કે સૈયદ ઝફર ઈસ્લામને જે લોકો સારી રીતે ઓળખે છે તેઓ જણાવે છે કે ઝફરનો દાવો સંપૂર્ણપણે સાચો નથી. ઝફર ઈસ્લામના એક જૂના પરિચિતે જણાવ્યું હતું કે તેઓ કોંગ્રેસ નેતાઓને માત્ર મળ્યાં જ ન હતાં પરંતુ ભાજપમાં જોડાતાં પહેલા ઝફર ઈસ્લામે કોંગ્રેસ પક્ષમાં થોડો સમય કામ પણ કર્યુ હતું. આ માહિતીને છેલ્લા એક દાયકાથી સૈયદ ઝફર ઈસ્લામને ઓળખતાં ઓછામાં ઓછા ત્રણથી વધુ લોકોએ સમર્થન આપ્યું છે.

ઝારખંડના વરિષ્ઠ કોંગ્રેસ નેતાના સંબંધી અને ઝફર ઈસ્લામના મિત્રના જણાવ્યા પ્રમાણે ભાજપમાં જોડાતાં પહેલા સૈયદ ઝફર ઈસ્લામે રાહુલ ગાંધીની બેક રૂમ ટીમમાં અજય માકન સાથે નિકટતાથી કામ કર્યુ હતું, એટલું જ નહીં તેમણે દિગ્વિજયસિંહ સાથે પણ કામ કર્યુ હતું. પરંતુ તેને બહુ પ્રાધાન્ય નહીં આપવામાં આવતા મારા અનુમાન મુજબ ઝફર ઈસ્લામ ભાજપમાં જોડાયાં હતાં કારણ કે ટિકિટ નહીં તો તેમને કોઈ પદ જોઈતું હતું એવું ટીમના એક પૂર્વ સભ્યએ ઉમેર્યુ હતું.

કોંગ્રેસ ઉપરાંત ઝફર ઈસ્લામ આમ આદમી પાર્ટીના પણ કેટલાક નેતાઓને મળ્યાં હતાં એવું એક વરિષ્ઠ પત્રકારે ધ વાયરને જણાવ્યું હતું. એક મિત્રના જણાવ્યા પ્રમાણે ઝફરે મને એક વખત એવું કહ્યું હતું કે તેઓ ભાજપમાં જોડાયાં હતાં કારણ કે પરેશ રાવલે તેમને આ માટે સમજાવ્યું હતું. પરેશ રાવલ અને ઝફર ઈસ્લામ મુંબઈમાં એક બીજાના પડોશી હતા. યુપીના રાજ્યસભા માટેના ભાજપના ઉમેદવાર ઝફર ઈસ્લામે એવો દાવો કર્યો હતો કે મોદી સાથેની આકસ્મિક મુલાકાતને કારણે રાજનીતિમાં તેમનો પ્રવેશ થયો હતો પરંતુ ઝફર ઈસ્લામના પરિચિતો તેનાથી તદ્દન વિરોધાભાસી વાત કરે છે.

(સૌ. : ધ વાયર.ઈન)

# આસામનું NRC સામાજિક અને આર્થિક ચિંતાઓનું નિરાકરણ લાવવામાં કેમ નિષ્ફળ રહ્યું ?



## NRCમાં હવે આમ તો શોક અને આઘાતનો ઈતિહાસ આલેખાયેલ છે કે જેમને સંકુચિત બ્યુરોક્રેટીક પ્રક્રિયામાં કોઈ રાહત મળી નથી

(એજન્સી) તા.૧

આસામમાં પ્રસિદ્ધ થયેલ નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન્સના (એનઆરસી) એક વર્ષ બાદ રાજ્યમાં કોઈ પણ સમુદાય તેના પરિણામથી સંતુષ્ટ નથી. આસામના એનઆરસીનો ઘોષિત હેતુ દસ્તાવેજ વગરના હિજરતી અને નિર્વાસિતોમાંથી ભારતીયોને અલગ તારવવાનો હતો. આ યાદીમાં સ્થાન મેળવવા માટે અરજદારોએ એવું પુરવાર કરવાનું હતું કે તેઓ અથવા તેમના પૂર્વજો બાંગ્લાદેશ યુદ્ધની પૂર્વ સંધ્યાએ ૨૪, માર્ચ ૧૯૭૧ની મધરાત પૂર્વે દેશમાં રહેતાં હતાં. આસામના ૧૯ લાખ કરતાં વધુ નિવાસીઓ સત્તાવાળાઓને વાત ગળે ઉતારવામાં નિષ્ફળ ગયાં છે અને હવે તેઓ નાગરિકત્વ વિહીનતાનો સામનો કરી રહ્યાં છે. આમ એનઆરસી કવાયત સામાજિક અને આર્થિક ચિંતાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં નિષ્ફળ ગઈ છે કે જેનું નિરાકરણ લાવવું એ તેનો હેતુ હતો. આસામમાં બંગાળી મૂળ ધરાવતાં મુસ્લિમોએ એનઆરસીને સમર્થન આપ્યું હતું કારણ કે દાયકાઓથી તેમને ગેરકાયદે બાંગ્લાદેશીઓ એવા મેણા ટોણાનો સામનો કરવો પડતો હતો અને પોતાની ઓળખને કારણે તેમને હિંસાનો પણ સામનો કરવો પડતો હતો. પરંતુ આજે એક વર્ષ બાદ પણ તેમના જીવનમાં કોઈ બદલાવ આવ્યો નથી. એ જ રીતે આસામમાં બંગાળીભાષી હિંદુઓ મોટી સંખ્યામાં એનઆરસીની યાદીમાંથી બાકાત રહી ગયાં છે કારણ કે તેઓ નાગરિકત્વના પરીક્ષણમાં નિષ્ફળ રહ્યાં છે. આ સમુદાયમાં એનઆરસી રીજેક્ટ શબ્દ હવે તેમના માટે અપમાનજનક બની ગયો છે. આજકાલ હિંદુ બાંગ્લાદેશી શબ્દ વારંવાર આસામમાં સાંભળવા મળે છે. આમ ભાજપે વચન આપવા છતાં બંગાળી ભાષી હિંદુઓને પણ કોઈ રાહત થઈ નથી. આસામમાં અત્યાર સુધીની સરકારોએ સામાજિક અને વંશીય તિરાડ વધુ વ્યાપક બનાવી છે. દરેક સરકાર વોટ બેંકને ધ્યાનમાં રાખીને વચનો આપતી હતી. તમે જો અમને વોટ આપશો તો અમે તમને અહીં રહેવા દઈશું, જો તમે અમને વોટ આપશો તો તમને નાગરિક બનાવીશું, પરંતુ આ વચનોનો કોઈ અમલ થયો નથી. એનઆરસીમાં હવે આમ તો શોક અને આઘાતનો ઈતિહાસ આલેખાયેલ છે કે જેમને સંકુચિત બ્યુરોક્રેટીક પ્રક્રિયામાં કોઈ રાહત મળી નથી.

# યુ.પી. સરકારે બ્રાહ્મણોને અપાયેલ ફક્ત બંદૂકના લાયસન્સોની વિગતો માટે પૂછ્યું હતું, માહિતી માંગતો પત્ર પાછો ખેંચશે

(એજન્સી) લખનૌ, તા.૧

એક અપ્રત્યાશિત ઘટના સ્વરૂપે ઉત્તર પ્રદેશ સરકારે જીલ્લા મેજીસ્ટ્રેટોને પત્ર લખી પૂછ્યું હતું કે રાજ્યમાં બ્રાહ્મણોને અપાયેલ બંદૂકોના લાયસન્સોની વિગતો મોકલવામાં આવે. ઈન્ડિયન એક્સપ્રેસ મુજબ આ માહિતી ભાજપના ધારાસભ્ય દેવમણી દ્વિવેદી દ્વારા પૂછાયેલ પ્રશ્નના જવાબમાં આપી હતી. દ્વિવેદીએ બ્રાહ્મણોની હત્યાઓ, એમની અસુરક્ષા અને બંદૂકોની માલિકીને લઈ પૂછી હતી.

અધિકારીએ જણાવ્યું કે શરૂઆતમાં પત્ર બધા મેજીસ્ટ્રેટોને મોકલવામાં આવ્યું પણ પછીથી સરકારે એ પત્ર પાછો ખેંચ્યો હતો. એમણે કહ્યું કે, અમને વિગતો મળી ન હતી. ગૃહ મંત્રાલયના ઉપ સચિવ પ્રકાશચંદ્ર અગ્રવાલે ૧૮મી ઓગસ્ટે પત્ર લખ્યું હતું અને ૨૧ ઓગસ્ટ સુધી જવાબ માંગ્યો હતો. જો કે સરકારે જણાવ્યું હતું કે અમે પત્ર પાછો ખેંચ્યો છે તેમ છતાંય ઓછામાં ઓછા એક જિલ્લા મેજીસ્ટ્રેટે માહિતી મોકલી હતી. દ્વિવેદી સુલ્તાનપુરના લામભુઆ મત વિસ્તારમાંથી ચૂંટાયેલ ભાજપના ધારાસભ્ય છે. એમણે ૧૬મી ઓગસ્ટે યુપી વિધાન સભાના સચિવ પ્રદીપ દુબેને પત્ર લખી વિધાનસભાના નિયમો અને પ્રક્રિયા સામે પ્રશ્ન કર્યો હતો. એમણે પોતાન પત્રમાં પૂછ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં




કેટલા બ્રાહ્મણોની હત્યા થઈ છે, કેટલા આરોપીઓ પકડાયા છે, એમને સજા થઈ કે કેમ અને સરકારે બ્રાહ્મણોના રક્ષણ માટે શું પગલાં લીધા છે. શું સરકાર બ્રાહ્મણોને હથિયારોના લાયસન્સ આપવા વિચારી રહી છે. કેટલાએ અરજી કરી અને કેટલા બ્રાહ્મણોને લાયસન્સ અપાયા છે. જો કે પછીથી દ્વિવેદી એ કહ્યું હતું કે મને કોઈ માહિતી નથી અને હું સંપર્કમાં નથી. આ કોઈ એક જ ઘટના નથી. છેલ્લા કેટલાક મહિનાઓમાં અમુક વિરોધ પક્ષના નેતાઓ રાજ્ય સરકારના બ્રાહ્મણો સાથે સંબંધ વધારવા બદલ આલોચના કરી રહ્યા છે. આ મુદ્દાએ વિકાસ દુબેની હત્યા પછી જોર પકડ્યું છે. દુબે અને એમના પાંચ સાથીઓ બ્રાહ્મણો હતા.

# કોવિડ-૧૯ લોકડાઉન : રિવર્સ માઈગ્રેશનના પગલે ગ્રામીણ કૃષિ ક્ષેત્ર ખુશખુશાલ

## સારા ચોમાસાને કારણે વધુ કૃષિ શ્રમિકોની ઉપલબ્ધિના પગલે કેટલાક રાજ્યોમાં કૃષિ જમીનમાં મોટા પાયે વાવેતર થયું છે. સત્તાવાર આંકડા અનુસાર ભારતમાં આ વર્ષે ખરીફ પાકનું વાવેતર ગઈ સાલની તુલનાએ ૨૧ ટકા વધુ છે



(એજન્સી) તા.૧

ચોળાયેલ કૂર્તા-પાયજામા પહેરીને અજયકુમાર ઉ.પ્ર.ના ગ્રામીણ વિસ્તારમાં પોતાના હરિયાળા ખેતરની સારસંભાળ લઈ રહ્યો છે. છેલ્લા કેટલાક મહિનાથી પ્રવર્તતી અનિશ્ચિતતાનું સ્થાન હવે ઉજળી આશા લઈ રહી છે. જમીન હવે હરિયાળી છે અને સારા ચોમાસાને કારણે અજયકુમારને બમ્પર પાકની આશા છે.

હમીરપુર જિલ્લામાં વાપસી પહેલા અજયકુમાર નોઈડામાં એક એપાર્ટમેન્ટ સોસાયટીમાં નોકરી કરતો હતો. કુમારની જેમ હજારો પ્રવાસી શ્રમિકોએ કોરોના વાયરસ લોકડાઉન બાદ ભારતભરમાં ઘરવાપસી કરી હતી. આ પ્રકારનું રીવર્સ માઈગ્રેશન એટલે કે પ્રતિગામી સ્થળાંતરને અર્થતંત્ર માટે ગંભીર ખતરા તરીકે જોવામાં આવતું હતું. પરંતુ કુમાર જેવા અનેક ખેડૂતો છે કે જેમના માટે હવે સારા ચોમાસાને કારણે આશાનું નવું કિરણ ઊભું થયું છે. સત્તાવાર આંકડા અનુસાર જુલાઈ, ૧૭ના રોજ આ વર્ષે ગઈ સાલ કરતાં ખરીફ પાકનું ૨૧ ટકા વધુ વાવેતર થયું છે. આમ વધુ વાવેતરને કારણે આ વખતે બમ્પર પાક થવાની પણ શક્યતા છે. અત્યાર સુધી બિહારની ફળદ્રુપ જમીનમાં આર્થિક સ્થળાંતરને કારણે કૃષિ શ્રમિકોની સમસ્યા હતી, પરંતુ આ વખતે મહામારીને કારણે રીવર્સ માઈગ્રેશન થવાથી કૃષિ પ્રવૃત્તિને વેગ મળ્યો છે. બિહારના મધુબની જિલ્લાના ખેડૂત શ્યામ સાહુએ જણાવ્યું હતું કે આ વખતે શહેરમાંથી સારી એવી સંખ્યામાં લોકો પરત આવ્યા હોવાથી તેઓ હવે ખેડૂત અથવા ખેત મજૂર તરીકે કામ કરી રહ્યાં છે. ભારતમાં મધુબની સહિત ૧૫ જિલ્લાઓમાં પ્રત્યેક જિલ્લામાં ૧ લાખ પ્રવાસી શ્રમિકો પરત આવ્યાં છે જ્યારે મધુબનીમાં ૧૨૫૦૦૦ પ્રવાસી શ્રમિકો પરત આવ્યાં છે. ઉ.પ્ર., મ.પ્ર., બિહારમાં શરૂઆતમાં રીવર્સ માઈગ્રેશન પડકારરૂપ લાગ્યું હતું પરંતુ હવે કૃષિ પ્રવૃત્તિના વધવાથી ગ્રામીણ કૃષિ ક્ષેત્રમાં એક પ્રકારના આનંદ ઉલ્લાસનું વાતાવરણ છે. મધુબનીના સાહુએ જણાવ્યું હતું કે બમ્પર પાક થવાની આશાથી ખેડૂતો ખુશખુશાલ છે પરંતુ સત્તવાળાઓએ લઘુત્તમ સમર્થન મૂલ્ય ચૂકવીનેર, સ્ટોરેજ માટે સારા વેર હાઉસ સુનિશ્ચિત કરીને અને જિલ્લા સ્તરે ફૂડ પ્રોસેસિંગ યુનિટનું નિર્માણ કરીને કૃષિ પાક સમયસર લેવાના પ્રયાસોને સઘન બનાવવાની જરુર છે કે જેથી ખેડૂતો અને ખેત મજૂરોની આવકમાં વધારો થાય.

(સૌ. : ધ વાયર.ઈન)

# GSTની ઘટ પૂર્ણ કરવા રાજ્યોએ ઉછીના નાણાં લેવાના કેન્દ્રના પ્રસ્તાવને કેરળે નકારી કાઢ્યો



## આત્મનિર્ભર સાથેનું કોઈ રાજ્ય તેમને સ્વીકારી શકે નહીં, GST વળતર અમારો બંધારણીય અધિકાર

(એજન્સી)

તિરુવનંતપુરમ, તા.૧

જીએસટીની ઘટને પહોંચી વળવા કેન્દ્ર સરકારના ઉછીના નાણા લેવાના પ્રસ્તાવને કેરળ સંપૂર્ણપણે નકારી કાઢે છે, રાજ્યના નાણા મંત્રી થોમસ આઈસેકે આજે કહ્યું હતું. કેન્દ્ર સરકાર અને વિરોધ પક્ષો દ્વારા શાસિત રાજ્યો જેમ કે પંજાબ, કેરલ, દિલ્હી અને પશ્ચિમ બંગાળ જીએસટીમાં આ વર્ષે થયેલ ૨.૩૫ લાખ કરોડની ખોટને લઈ સામ સામે આવી ગયા છે. એમાંથી ૯૭૦૦૦ કરોડ રૂપિયા જીએસટીની ઘટ છે અને ૧.૩૮ લાખ કરોડ રૂપિયા કોરોના વાયરસના લીધે પડેલ ઘટ છે. કેન્દ્ર સરકારે ગયા અઠવાડિયે રાજ્યોને બે વિકલ્પો આપ્યા હતા. પ્રથમ, રાજ્યો રિઝર્વ બેંક પાસેથી અથવા બજારમાંથી લોન લે અથવા લકઝરી વસ્તુઓ, અને દારૂ સિગારેટ જેવી વસ્તુઓ ઉપર સેસ વધારે. નાણામંત્રીએ કહ્યું કે જીએસટીના નુકસાની વળતર માટે સરકાર દ્વારા સૂચવાયેલ વિકલ્પોને નકારવા સિવાય અમારી પાસે કોઈ વિકલ્પ નથી. સરકારના આત્મનિર્ભર વચન સાથે કોઈ રાજ્ય સ્વીકારશે નહિ. હવે બહુ થયું. રાજ્યના અધિકારો માટે વધુ સમર્પણ નહિ કરીએ. જીએસટી વળતર અમારો બંધારણીય અધિકાર છે . અઈસેકે કહ્યું કે અમે કેન્દ્રના પ્રસ્તાવ બાબતે ખોટા પડ્યા. ૫ કલાકની મીટીંગ પછી ચેરપર્સને આ પ્રસ્તાવ આપ્યો. જે સંપૂર્ણપણે નકારવા યોગ્ય હોય.કેન્દ્ર સરકારે આ પ્રસ્તાવ રજુ કરતા કહ્યું હતું કે અમે કોવિડની પરિસ્થિતિને લઈ મોટા પાયે ઉછીના નાણા લેવાથી મુશ્કેલીમાં છીએ. બિન ભાજપ શાસિત રાજ્યો પંજાબ, કેરલ, દિલ્હી અને પશ્ચિમ બંગાળે પહેલેથી કહ્યું હતું કે ઉછીના નાણા લેવા એ કોઈ વિકલ્પ નથી. જીએસટીનું વળતર કેન્દ્ર પાસેથી મેળવવા રાજ્યો માટે અઘરું થઈ પડ્યું છે.

### સુરત શહેર પો.કમિશ્નરના જાહેરનામાની ઐસીતૈસી

# ઉધના રામનગર સોસાયટીમાં મહિલાઓએ વાજતે ગાજતે ગણેશ વિસર્જન યાત્રા કાઢી

## સોશિયલ ડિસ્ટન્સનો ભંગ, પોલીસ કાર્યવાહી કરશે ?

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

ઉધનાની એક સોસાયટીમાં ગણેશ વિસર્જન વખતે લોકો સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યા વગર જ કોરોનાનો ડર ભૂલી ગયા હોય તેવું જોવા મળ્યું હતું.એટલું જ નહીં પણ ૨૬ વર્ષથી ગણેશની સ્થાપના કરતી મહિલાઓ એ ઢોલ નગારા પર વાજતે-ગાજતે વિસર્જન યાત્રા કાઢતા ચર્ચાનો વિષય બન્યો છે. સુરત શહેરમાં ગણેશ વિસર્જનની ધામધુમપુવર્ક ઉજવણી કરાઇ રહી છે. ત્યારે પોલીસ કમિશનરે તે માટે જાહેરનામું બહાર પાડીને જાહેરમાં સરઘસ કે વિસર્જન યાત્રા પર પ્રતિબંધ લગાવ્યો છે. વિસર્જન પણ લોકોએ ઘરે જ કરવા માટે જાહેરનામું બહાર પાડ્યું છે. જેના પગલે સુરતમાં મોટા ભાગની સોસાયટીઓમાં હોજ બનાવી ઘરે જ ગણેશ વિસર્જન કરવાની શરૂઆત કરવામાં આવી છે. જોકે, ઉધના રામનગર સોસાયટીમાં ગણેશ વિસર્જનમાં પણ સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થયો હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં પણ ૨૬ વર્ષથી ગણેશની સ્થાપના કરતી મહિલાઓ એ ઢોલ નગારા પર વાજતે-ગાજતે વિસર્જન યાત્રા કાઢતા ચર્ચાનો વિષય બન્યો છે.સોસાયટીમાં વિસર્જન વખતે લોકો ડ્રેસકોડમાં હતા, માસ્ક પહેર્યા હતા, પરંતુ સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યું નહોતું.

### જૂનાગઢના રઈશભાઈ કાદરીની પ્રામાણિકતા

# ATM કાઉન્ટર પરથી મળેલા રૂા.૧૦ હજાર મૂળ માલિકને પરત કરી દીધા

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧



(તસવીર : એસ.આઈ.બુખારી, જૂનાગઢ)

એટીએમની મુલાકાત લઈએ અને તેમાંથી રૂા.૧૦ હજાર રોકડા મળી આવે તેવી ઘટના બની હોય અને તે રકમ પોતે રાખી લેવાના બદલે જેની હોય તેને પરત પહોંચાડવામાં આવે તે બાબત આજના કળીયુગમાં વિચારવી પણ અશકય છે. પણ પ્રામાણિકતા આજે પણ જીવંત છે. તેનું તાદ્રશ ઉદાહરણ જૂનાગઢ શહેરમાં સુખનાથચોક વિસ્તારમાં કોલ્ડ્રીંકસની દુકાન ધરાવતા પ્રામાણિક યુવાન કાદરી રઈશ મહમદ અમીનભાઈએ પૂરૂં પાડ્યું છે. આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ કાદરી રઈશ દિવાનચોક ખાતે આવેલ પંજાબ નેશનલ બેંકના એટીએમમાં ગયેલ. જયાંથી એક વૃદ્ધ વ્યક્તિ બહાર આવી રહી હતી. અંદર એટીએમમાં જતા એટીએમના કાઉન્ટરમાં રૂા.૧૦ હજાર રોકડા યથાવત હતા જેનો સીધો અર્થ એવો હતો કે કોઈ વ્યક્તિ રૂા.૧૦ હજાર લીધા વગર જતી રહેલ છે. રૂા.૧૦ હજારની રોકડ રકમ એમને એક કેમ આપી દેવી તેમ વિચારી કાદરી રઈશભાઈએ પંજાબ નેશનલ બેંકના મેનેજરનો સંપર્ક સાધી જે તે સમય પીએનબીના એટીએમમાંથી રૂા.૧૦ હજારની રકમ કોઈ વ્યક્તિ દ્વારા ઉપાડવામાં આવે છે. તેની માહિતી મેળવી તે વ્યક્તિને શોધી કાઢી પંજાબ નેશનલ બેંકના મેનેજરની ઉપસ્થિતિમાં આ વ્યક્તિને બોલાવી પૂરેપૂરી રકમ આપી દીધી હતી. જે વયોવૃદ્ધ વ્યક્તિ એટીએમમાં પોતાની રકમ લીધા વગર નીકળી ગયેલ તેમનું નામ ભરતભાઈ રસીકદાસ પારેખ છે. જેઓ જૂનાગઢ શહેરના માંગનાથ મંદિર પાસે આવેલ વડફળિયામાં આવેલ માર્વેલ એપાર્ટમેન્ટમાં રહે છે. આ વ્યક્તિને સંપૂર્ણ રકમ પરત આપી ઈમાનદારીનું જવલંત ઉદાહરણ પૂરૂં પાડેલ છે.

# ભાણિયાના જન્મદિવસની ઉજવણીમાં જઈ રહેલ ડિંડોલીના બુટલેગરની કરપીણ હત્યા

## મધુરમ સર્કલ નજીક ત્રણ જણાએ હુમલો કરી ડઝન જેટલા ઘા મારી પતાવી નાંખ્યો

### પિતાને માર માર્યાની અદાવતમાં દીકરાએ હત્યા કરી : એસીપી અમિત પરમાર

એસીપી અમિત પરમારએ જણાવ્યું હતું કે, ડીંડોલીમાં મધુરમ સર્કલ પાસે જ પલ્સર પર ડીંડોલી જતા અજય પટેલને મોતને ઘાટ ઉતારવાના પ્રકરણમાં પોલીસે ઉંડી તપાસ કરી જેમાં કેટલાક તથ્યો ઉડીને બહાર આવ્યા છે. હત્યારાઓ પૈકી ધીરજના પિતાને રૂપિયાની લેતી દેતીમાં મૃતક અજયે માર માર્યો હતો જેની અદાવત રાખીને ધીરજે અજયની ગેમ કરી નાંખી છે. મૃતક અજય ડીડોલી પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાયેલો લિસ્ટેટ બૂટલેગર હતો અને દારૂની હેરાફેરીના અનેક ગુના તેના નામે રજિસ્ટર્ડ છે.

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

સુરત શહેરમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. ડીંડોલી વિસ્તારમાં આવેલા મધુરમ સર્કલ નજીક સોમવારની રાત્રે પલ્સર ચાલક બૂટલેગર પર ત્રણ જણાએ જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. મૃતક બૂટલેગર ભાણીયાના જન્મદિવસની ઉજવણીમાં જતો હતો. તે દરમિયાન તેની હત્યા થઈ હતી.

ડીંડોલી અજની નંદનમાં રહેતો ૩૨ વર્ષિય અજય અરુણભાઈ પટેલ નામનો બુટલેગર મધરાત્રે ભાણીયાના જન્મદિવસની ઉજવણી માટે ડીંડોલીની સાઈ રેવન્યુમાં રહેતા બનેવી નિતેશ રાઠોડેના ઘરે જઈ રહયો હતો. ત્યારે ડીંડોલી વિસ્તારમાં આવેલા મધુરમ સર્કલ નજીક ધીરજ વાણી, અમોલ બારી અને વાલ્મિકી ઉર્ફે ગાવડીએ અજલો ઉર્ફે અજય અર્ફે અરુણ પટેલ આંતરી લીધો હતો. ત્યારબાદ અજય ઉપર ત્રણેય જણા તીક્ષ્ણ હથિયાર વડે તુટી પડી ઉપરા છાપરી ગળા, અને છાતીના ભાગે ૧૦થી ૧૨ ઝીંકી ભાગી છુટયા હતા. આ હુમલા બાદ અજલો ગંભીર રીતે ઘાયલ થયો હતો. બાદમાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલ ખાતે તબીબોએ અજલાને મૃત જાહેર કર્યો હતો.આ મામલે પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. આ બનાવ અંગેમૃતકના સાળા નિતેશે જણાવ્યું હતું કે,સોમવારે મારા દીકરાનો જન્મદિવસ હતો એટલે મારા ઘરેથી સતત ફોન આવી રહ્યા હતા. અજય પણ ઉજવણીમાં આવી રહ્યા હતો. જેને લઈ હું સોસાયટીમાં પ્રવેશ કરતી વખતે ધીરજ અને એના ત્રણ મિત્રો અજયને શોધી રહ્યા હતા. જોકે અજય સાંઈ રેવન્યુમાં ન મળતા તેઓ ત્યાંથી નીકળીને ૫૦૦ મીટર દૂર મધુરમ સર્કલ પાસે જ પલ્સર પર જતા અજય અરુણભાઈ પટેલને આંતરી ઉપરા ઉપરી ચપ્પુના ઘા મારી ભાગી ગયા હતા. રોડ ઉપર લોહીના ખાબોચિયામાં પડેલા અજયને જોઈ નિતેશ કાર લઈ દોડી ગયો હતા. ઈજાગ્રસ્ત અજયને ગાડીમાં નાખી નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. જયાથી અજયને બીજી હોસ્પિટલમાં લઈ જવાની સલાહ અપાઈ હતી. એમ એક પછી એક ત્રણ ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં લગભગ ૩૫-૪૫ મિનિટનો સમય નીકળી ગયો હતો. ત્યારનાદ ત્રીજી ખાનગી હોસ્પિટલમાં અજયને મૃત જાહેર કરાયો હતો.વધુમાં કહ્નાં હતું કે, અજયને ગળા, છાતી અને પીઠ પર ૧૦-૧૨ જેટલા તિક્ષ્ણ હથિયાર વડે ઘા મરાયા હતા. અજયને બે સંતાન એક છોકરો અને એક છોકરી છે. ઘટનાની જાણ બાદ પોલીસ પણ દોડી આવી હતી. હાલ હુમલાખોર તમામ ફરાર હોવાનું જાણવા મળી રહ્નાં છે. પોલીસે તમામના નિવેદન લીધા છે. પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી રહ્ના હોવાનું પોલીસ જણાવી રહી છે.

### અમરેલી જિ.માં ખેતપાકને થયેલ નુકસાનનું વળતર ચૂકવવા CMને રજૂઆત

અમરેલી, તા.૧

અમરેલી જિલ્લામાં સતત પહેલા ભારે વરસાદના કારણે ખેતીના પાકોને ભારે નુકસાન થયેલ છે. સરકારી તંત્ર દ્વારા સમગ્ર જિલ્લામાં સર્વ હાથ ધરી ખેડૂતોને તાત્કાલિક સહાય આપવા લોક સરકાર સંદીપ પંડ્યા અમરેલી જિલ્લા ઈન્ચાર્જે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી છે.

# કલોલની હોસ્પિટલના તબીબે ૮ માસની બાળાને જીવનદાન આપ્યું

કલોલ, તા.૧

કલોલ ની લાઈફલાઈન હોસ્પિટલ ના તબીબોએ આઠ માસ ની બાળકી ને જીવનદાન આપ્યું છે.

કલોલમાં એક ખુબજ અનોખો કિસ્સો સામે આવ્યું છે. આપણે આજેરોજની ખબરોમાં ડોક્ટરો વિશે કંઈ ને કંઈ ખોટા કાર્ય કરવાના સમાચાર આવતા હોય છે. જેમાં દર્દી સાથે પૈસાની લૂંટ, સમયસર સારવાર ના આપતા હોય, આવી ઘટનાઓ બનતી હોય છે. પરંતુ કલોલ શહેરમાં એક આઠ માસની બાળકીને સ્તનપાન વખતે માતાની ભૂલથી દીકરીના ફેફસા મા દૂધ ભરાઈ ગયું હોવાથી શ્વાસોશ્વાસ બંધ કરી દીધું આવા સમયે પરિવારના લોકો ડરી ગયા અને નજીકમાં આવેલા લાઈફલાઈન હોસ્પિટલમાં બાળાને લઈને પહોચ્યા હતા.

ડોક્ટર રઈશ અને ડોક્ટર તૈયબ મેમણ દ્વારા બાળાની પ્રાથમિક સારવાર કરી, બાળકીને શ્વાસ લેવામાં મદદ થાય એવા તમામ પગલાં લીધા.પરંતુ ડોક્ટર રઈશને જરૂર જણાતાં તેઓ દ્વારા એમ્બ્યુલન્સ બોલાવી, પોતે બાળકી સાથે બેસીને અમદાવાદમાં આવેલ ઓરેન્જ હોસ્પિટલ ગયા અને ત્યાંના ડોક્ટરોને ઈમરજન્સી તૈયારી કરવા જણાવ્યું અને કોઈ પણ ભૂલ ના થાય તેની તકેદારી રાખી હતી અને આઠ માસની દીકરીનો જીવ બચી ગયું હતું.

ખરેખર ડોક્ટર રઈશ આ આઠ માસની દીકરીના પરિવાર માટે એક ફરિશ્તા બનીને આવ્યા એવું કલોલના લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

### દીપિકા પટેલ નવા ઉપપ્રમુખ

# બાલાશિનોર ન.પા.માં પ્રમુખપદે ભાજપના ભૂપેન્દ્ર ચૌહાણ બિનહરીફ ચૂંટાયા



(તસવીર : લાલુભાઈ સૈયદ, બાલાશિનોર)

(સંવાદદાતા દ્વારા)

બાલાશિનોર, તા.૧

બાલાસિનોર નગરપાલિકામાં ભુપેન્દ્ર ચૌહાણ પ્રમુખ પદે બિનહરીફ ચૂંટાયા. તેમજ નગરપાલિકાના ઉપપ્રમુખ પદે ભાજપના દીપકા પટેલ અને કોંગ્રેસના રિયાજ શેખ દાવેદારી નોંધાવી હતી. જેમાં ઉપપ્રમુખમાં ભાજપના દીપિકા પટેલ ને ૧૯ મતની બહુમતી મળી હતી. નગરપાલિકામાં એક પુરુષ અને એક મહિલાનું લેવલ જાળવી રાખ્યું હતું. જયારે નગરપાલિકાના યુવા પ્રમુખ ભુપેન્દ્ર ચૌહાણ દ્વારા સ્વચ્છતા બાબતે ધ્યાન આપીશ તેવું જણાવ્યું હતું. ત્યારે નગરપાલિકા ઉપપ્રમુખ દિપીકાબેન પટેલ દ્વારા મહિલા ના કામો ને પહેલું પ્રાધાન્ય આપીશ તેવું જણાવ્યું હતું. જેને લઈ લોકોમાં ઉત્સાહ જોવા મળ્યું હતું. ફટાકડા ફોડી ઢોલ નગારા સાથે ઉજવણી કરાઈ હતી.

### બોરસદના વાસણા જીઆઈડીસીમાં

# ટ્રેક્ટર રિવર્સમાં લેતાં મેદાનમાં રમી રહેલ બાળકનું કચડાઈ જતાં મોત

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧

બોરસદ તાલુકાના વાસણા(બો) ગામે જીઆઈડીસીમાં ટ્રેકટર ચાલકે પોતાનું ટ્રેક્ટર પુરપાટ ઝડપે હંકારી રીવર્સમાં લેતા ખુલ્લા મેદાનમાં રમી રહેલો બે વર્ષનો બાળક ટ્રેકટરની નીચે કચડાઈ જતા મોત નીપજ્યું હોવાનો બનાવ બોરસદ સીટી પોલીસ મથકે નોંધાયો છે. વાસણા(બો) જીઆઈડીસીમાં શિવશક્તિ ટોબેકોમાં રહેતા ગોવારામ જેસારામ મારવાડી મુળ રહે. દંતાણી તા. રેવદડ જી. સીરોહી રાજસ્થાન ટોબેકો કંપનીમાં મજુરીકામ કરે છે. જેઓનો બે વર્ષનો દિકરો રવિ તમાકુની ખળીના કમ્પાઉન્ડમાં રમી રહ્યો હતો ત્યારે બંસીભાઈ ખોડાભાઈ પટેલે ટ્રેકટર પુરઝડપે રીતે રીવર્સમાં લેતા પાછળ રમી રહેલા રવિને ટ્રેક્ટરની ટક્કર લાગતા ગંભીર ઈજાઓ થતા આ ઘટનાને લઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા. અને તેને ત્વરીત સારવાર માટે કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં લઈ જતા હોસ્પિટલના તબીબે તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. જેથી આ બનાવ અંગે બોરસદ સીટી પોલીસે ગોવારામ જેસારામ મારવાડીની ફરિયાદના આધારે બંસીભાઈ ખોડાભાઈ પટેલ રહે. ખટનાલ તા. ખંભાત વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ગુજરાત વકફ ઓલ ઈન્ડિયા ઉલેમા બોર્ડના પ્રમુખ તરીકે હફીઝ શેખની નિમણૂંક



(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧

ભરૂચ શહેરની અનેક વિવિધ શૈક્ષણિક તથા સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલ હફીઝ શેખની ઓલ ઈન્ડિયા ઉલેમા બોર્ડના ગુજરાત વકફ ખાતે રાજય કક્ષાના પ્રમુખ તરીકે વરણી કરતા સામાજિક અને શૈક્ષણિક સંસ્થમઓમાં ખુશીની લાગણી વ્યાપી જવા પામી છે. દિલ્હી ખાતે યોજાયેલ સમારોહમાં ઓલ ઈન્ડિયા ઉલેમા બોર્ડના સદર શાહી ઈમામ મૌલાના નિયાઝ અહમદ ઑલ ઈન્ડિયા સેક્રેટરી અલ્લમા બુનાઈ હંસની દ્વારા હફીઝ શેખની નિમણૂંક કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# બેન્ક ઓફ બરોડા નબીપુર શાખાથી ત્રાહિમામ ગ્રાહકોનો હલ્લાબોલ

ભરૂચ, તા.૧



(તસ્વીર : ઈદરીશ કાઉજી, ભરૂચ)

નબીપુર ગામે બેંક ઓફ બરોડાની શાખામાં મેનેજર અને સ્ટાફની આડોડાઈના પગલે ત્રાહિમામ પોકારી ઉઠેલા ગ્રાહકોએ આજરોજ હલ્લાબોલ કરતાં હડકંપ મચી જવા પામ્યો હતો મોટી સંખ્યામાં એકત્રીત થયેલા ગ્રાહકોએ સામુહિકખાતા બંધ કરો અભિયાન પણ હાથ ધરતા બેંકના સૂત્રો મા સોંપો પડી જવા પામ્યો છે.

ભરૂચ જિલ્લાના નબીપુર ગામ ખાતે બેંક ઓફ બરોડા ની શાખા આવેલ છે. હાલમાં કોરોના મહામારી ચાલે છે ત્યારે બેંકની શાખામાં જયા ગ્રાહકોને પોતાના કામ અર્થે બેંકમાં જગ્યા હતી તે બંધ કરી બેંકને જ એવી રીતે સીલ કરી દીધી છે કે જાણે બેંકમાં આવતા તમામ ગ્રાહકો corona થી સંક્રમિત હોય. ગ્રાહકો જયારે પૈસા જમા કરાવવા આવે ત્યારે રોકડ રકમ લઈને બહાર રસ્તા ઉપર પોતાના જીવના જોખમે ઉભા રહે છે. આ અંગે નબીપુર બેંકના અધિકારીઓને આજરોજ કેટલાક ગ્રાહકો એ રજુઆત કરતા ગ્રાહકો બેંક મેનેજર દ્વારા ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરાતા હંગામો વ્યાપી જવા પામ્યો હતો ગ્રાહકોએ મોટી સંખ્યામાં ભેગા થઈ બેંક મેનેજર તેમજ બેંક.ઓફ.બરોડા વિરુદ્ધ હોબાળો મચાવી એક ક્ષણે બેંકને તાળાબંધી કરવા મજબૂર કરી દીધી હતી ઉલ્લેખનીય છે કે નબીપુર બેંકમાં ઈન્ટરનેટ કનેકશન BSNL દ્વારા આપવામાં આવેલું છે જે BSNL નબીપૂર ખાતે પહેલેથીજ ઓરમાયું વર્તન રાખે છે તેના લીધે ગ્રાહકોના કામો થતા નથી અને વેપારીઓના ડ્રાફ્ટ બનતા નથી. આ બેંકનુ એક પાસબુક ની વિગતો પુરી પાડવાનું મશીન છે તે ફક્ત શોભાના ગાઠીયા જેવું છે. આ બેંક પાસે વ્હિકલ પાર્ક કરવાની પણ કોઈજ સુવિધા નથી. જો આ બધી સમસ્યાઓનું સમાધાન નહીં થાયતો વધુ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

### સંદીપ માંગરોલાની મુખ્યમંત્રીને રજૂઆત

# ભરૂચ જિલ્લામાં પૂરથી પાયમાલ થયેલ ખેડૂતોને રાહત પેકેજ આપો : માંગરોલા

ભરૂચ, તા.૧

ગણેશ સુગરના ચેરમેન અને કોંગ્રેસ અગ્રણી સંદીપ માંગરોલા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજુઆત કરી રેલથી નુકશાન અંગે સ્પેશ્યલ પેકેજ જાહેર કરવાની માંગ કરી છે. સરદાર સરોવર ડેમમાંથી પાણી છોડવામાં આવતા કેવડીયા થી ભાડભુત દહેજ સુધી નર્મદા નદીમાં પુરની સ્થિતિ ઉદભવી છે. કિનારાના ખેડૂતોના પાકોને ખૂબ મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. તેઓના કેળ, શેરડી તેમજ શાકભાજી સહિતના વધુ ઉત્પાદન ખર્ચવાળા પાકોમાં છેલ્લા બે દિવસથી પાણી ભરાય જતા પાક નિષ્ફળ ગયો છે. ત્યારે આ કિનારાના ખેડૂતો માટે સ્પેશ્યલ રાહત પેકેજ ગુજરાત સરકાર દ્વારા જાહેર કરી પૂરેપૂરું વરતળ ચૂકવવા અને આ અંગે ત્વરિત સર્વે કરી તેઓને મદદ કરવા માંગરોલા એ મુખ્યમંત્રી ને અનુરોધ કર્યો છે. વધુમાં તેમણે વધુ વરસાદથી અન્ય વિભાગના ખેડૂતોને પણ કપાસ સહિતના ખરીફ પાકોમાં ભારે નુકશાન થયું છે. ત્યારે આવા ખેડૂતો માટે પણ તાત્કાલિક સર્વે હાથ ધરી સરકાર પ્રતિ હેકટર પંદર હજાર રૂપિયાનું વરતળ જાહેર કરવું જોઈએ તોજ ખેડૂત ફરી બેઠો થઈ શકે એવી માંગ કરી છે. વધુમાં ભરૂચ શહેર અને તાલુકાના નિચાણવાળા ગામોમાં રેલ ના પાણી ભરાતા રહીશોને પણ હાલની કોરોના જેવી મહામારીમાં આરોગ્ય ન કથરે તે માટે સાફસફાઈ તેમજ આરોગ્ય વિભાગની ટીમો ત્વરિત ઉપચાર કરે એ અંગે સબંધિત વિભાગોને સૂચના આપી આ બાબતે રાજ્ય સરકાર ત્વરીત નિર્ણય કરે એ માટે મુખ્યમંત્રી ને અનુરોધ કર્યો છે.

### ખાડાઓનું પૂજન તથા વૃક્ષારોપણ કરાયું

# જૂનાગઢ શહેર કોંગ્રેસ દ્વારા ખરાબ રસ્તાઓ મુદ્દે અનોખું વિરોધ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ શહેરના ખરાબ રસ્તાઓને કારણે ઉચ્ચકક્ષાએ રજૂઆતો થઈ છે. એટલું જ નહીં અનેક માણસોને ખરાબ રસ્તાના કારણે માનસિક યાતનાઓ પણ સહન કરવી પડી છે અને આ બાબતે કાનૂની નોટિસો ફટકારવામાં આવી છે. દરમ્યાન આજે કોંગ્રેસ દ્વારા ખરાબ રસ્તાઓ મુદ્દે વિરોધ પ્રદર્શન હોય અને અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યું છે.

જૂનાગઢ શહેરના તમામ રસ્તાઓ એક તો મોટા-મોટા ખાડાઓથી શણગારેલા હતા તેમાં બેફામ વરસાદ પડતા આ રસ્તાઓની હાલત અત્યંત ખરાબ બની ગઈ હતી. આ સાથે એક તરફ પાણીનો પ્રવાહ બીજી તરફ ખાડાઓની વણજાર ત્રીજી તરફ ખાડાઓ પૂરવા કપચી અને કોંક્રિટ નાખેલા હોય જેના લીધે વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. અનેક લોકો મણકાના દુઃખાવાથી પીડાઈ રહ્યા છે. સંબંધિત સત્તાધીશો દ્વારા આ બાબતે કોઈ પગલાં હજુ સુધી ભરવામાં આવ્યા નથી. દરમ્યાન જૂનાગઢના રસ્તાઓ બાબતે આજે જૂનાગઢ શહેર કોંગ્રેસ પ્રમુખ અમીત પટેલની આગેવાની હેઠળ ખાડાઓનું પૂજન તથા વૃક્ષારોપણ તેમજ અનોખા કાર્યક્રમ સાથે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

### નગરપાલિકા ધ્યાન ના આપતાં સ્થાનિકોમાં રોષ

# અમરેલી ખાતે વોર્ડ નં.૩, ૪ અને ૧૧માં કાચા માર્ગો, કાદવ-કીચડથી પ્રજા પરેશાન

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧

અમરેલી શહેરના વોર્ડ નં.૩, ૪ અને ૧૧માં આવેલી છેવાડાની સોસાયટીઓમાં પાલિકા તંત્ર છેલ્લા વીસ વર્ષથી વેરો ઉઘરાવી રહેલ છે. પરંતુ નગરજનોની આરોગ્યલક્ષી સફાઈ તેમજ રોડની ફરિયાદો ધ્યાને લેવામાં આવતી નથી. હાલની ચોમાસાની સિઝનમાં આવી સોસાયટી કાદવ-કીચડનું સામ્રાજ્ય છવાયેલ છે. ગામડા કરતા પણ ખરાબ કાચા રસ્તા ઉપરથી સ્થાનિક રહીશોને પસાર થવું મુશ્કેલ બનેલ છે. રસ્તા ઉપર ગોઠણડૂબ વરસાદી પાણી ભરાવા છતાં પણ નિંભરતંત્ર દ્વારા પગલા ભરવામાં આવતા નથી. સ્થાનિક રહીશો દ્વારા અનેકવાર મૌખિક તેમજ લેખિત રજૂઆત કરવા છતાં પણ અધિકારીઓ દ્વારા પ્રજાની પીડાદાયક ફરિયાદો ધ્યાને લેવામાં આવતી નથી. સોસાયટીઓના રહીશો દ્વારા જણાવવામાં આવેલ હતું કે પાલિકાના જવાબદાર ચીફ ઓફિસર ઓફિસમાં હાજર જ હોતા નથી. મુશ્કેલીમાં સપડાતા સ્થાનિક રહીશો પાસેથી વેરા રેગ્યુલર વસુલવામાં આવે છે પરંતુ પાયાની પ્રાથમિક જરૂરિયાત પુરી પાડવામાં આવતી નથી.


**ધી સર્વોદય નાગરિક સહકારી બેંક લિ**

**પોલોગ્રાઉન્ડ, હિંમતનગર-૩૮૩૦૦૧**

Contact : 02772-242690,02772-246244

**ઈ-મેઈલ** : info@sarvodaybank.com

**વેબસાઈટ** : www.sarvodaybank.com

**સભાસદો જોગ**

**૪૨મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ**

આથી બેંકના તમામ માનવંતા સભાસદોને જણાવવાનું કે ધી સર્વોદય નાગરિક સહકારી બેંક લિ. હિંમતનગરની સને ૨૦૧૯-૨૦૨૦ના વર્ષની ૪૨મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૧૩/૯/૨૦૨૦ ને રવિવારે ૮:૩૦ કલાકે કોવિડ-૧૯ સોશિયલ ડિસ્ટન્સિંગ મુજબ ગરીબ નવાઝ હોલ, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર ખાતે રાખવામાં આવેલ છે અને એજન્ડા મુજબ કાર્યવાહી કરવામાં આવશે તથા બેંકના વાર્ષિક અહેવાલની જે જે સભાસદોને જરૂર હોય તેઓએ બેંકના સમયમાં રૂબરૂ આવી બેંકમાંથી મેળવી લેવા વિનંતી છે. જેની દરેક સભાસદોએ નોંધ લેવા વિનંતી છે.

સભાસદ અગર તેઓના અધિકૃત પ્રતિનિધિએ અત્રે મોકલી આપેલ મોબાઈલ નંબર ઉપર સાધારણ સભાની તારીખના બે દિવસ અગાઉ લીંક મોકલવામાં આવશે. જેના દ્વારા ઓનલાઈન સાધારણ સભામાં સામેલ થઈ શકશે.

**નોંધ** : સદર વાર્ષિક સાધારણ સભાની કાર્યસૂચી તેમજ વાર્ષિક અહેવાલ બેંકની અધિકૃત વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરેલ છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના હુકમથી
અલ્તાફ એમ.સાબુગર
સી.ઈ.ઓ.
ધી સર્વોદય નાગરિક સહકારી બેંક લિ.
હિંમતનગર.

# મહારાષ્ટ્રનું પૂણે શહેર કોવિડ-૧૯નું હોટસ્પોટ અને ગ્રાઉન્ડ ઝીરો બન્યું

## IT ક્ષેત્રનું હબ ગણાતા આ શહેરમાં દરરોજ ૨૦૦૦થી ૩૦૦૦ નવા કેસ નોંધાય છે : હાલ આ શહેરમાં ૫૨,૦૦૦ એક્ટિવ કેસ છે

(એજન્સી) તા.૧

અગાઉથી જેની અપેક્ષા હતી તે મુજબ જ મહારાષ્ટ્રનું પૂણે શહેર કોરોના વાયરસના સૌથી વધુ સંક્રિમત નવા કેસોની બાબતમાં સોમવારે દિલ્હીને ઓવરટેક કરીને આગળ નીકળી ગયું હતું. જ્યાંથી દેશમાં કોવિડ-૧૯નો સૌથી પહેલો કેસ નોંધાયો હતો તે પૂણે શહેરમાં અત્યાર સુધીમાં ૧.૭૫ લાખ લોકોને કોરોના વાયરસનો ચેપ લાગી ચૂક્યો છે.




છેલ્લા બે સપ્તાહથી પૂણે શહેરમાં કોવિડ-૧૯ના દરરોજ ૨૦૦૦થી ૩૦૦૦ જેટલા નવા કેસ આવી રહ્યા છે. વધેલા કેસો બદલ સત્તાવાળાઓ એવું કારણ રજૂ કર્યું હતું કે, આક્રમક રીતે હાથ ધરાયેલી ટેસ્ટિંગ પ્રક્રિયાના કારણે નવા કેસોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે અને હજુ જો વધુ પ્રમાણમાં ટેસ્ટિંગ કરવામાં આવશે તો નવા કેસોની સંખ્યા વધતી જ રહેશે.

તાજેતરમાં પૂણે શહેરમાં હાથ ધરાયેલા સીરોલોજિકલ સર્વેમાં જોવા મળ્યું હતું કે, શહેરના કેટલાક વિસ્તારોમાં જો લગભગ ૫૦ ટકા વસ્તી કોવિડ-૧૯નો ભોગ બની ચૂકી હશે, અલબત્ત તે પૈકીના મોટાભાગના લોકો એવી રીતે સંક્રમિત થયા હશે જેઓને કોવિડ-૧૯ના કોઇ ચિહ્નો જણાયા નહોતા અને એવા લોકોને શોધી શકાયા નહોતા. જો કે, વધુ મોટા પ્રમાણમાં અથવા મોટી વસ્તીને જ્યારે આ વાયરસનો ચેપ લાગી ચૂક્યો હોય ત્યારે તેનો ચેપ ફેલાવાનો દર ધીમો પડી જાય છે, અર્થાત બહુ ઓછા લોકોને દરરોજ વાયરસનો ચેપ લાગી શકે છે. જો કે, આ વાયરસનો ચેપ લાગવાની ગતિ હજુ ધીમી પડવાની બાકી છે.

સમગ્ર મહારાષ્ટ્ર રાજ્યમાં છેલ્લા થોડા અઠવાડિયાઓ દરમ્યાન સૌથી વધુ એક્ટિવ કેસોની બાબતમાં પણ આ શહેર પ્રથમ ક્રમે રહ્યું છે. જે સૂચવે છે કે, સૌથી વધુ લોકો તાજેતરમાં જ સંક્રમિત થયા હશે, પરંતુ તે સાથે એવો પણ સંકેત મળ્યો હતો કે હજુ પણ કોરોના કેસની તિવ્રતા યથાવત્ રહેવા પામી છે. હાલ પૂણેમાં ૫૨,૦૦૦ એક્ટિવ કેસ છે જે દિલ્હી (૧૫,૦૦૦), મુંબઈ (૨૦,૦૦૦) અને ચેન્નાઈ (૧૩,૦૦૦) કરતાં વધુ છે. કોવિડ-૧૯ના કારણે દેશમાં મૃત્યુ પામનારા કુલ લોકો પૈકી ત્રીજા ભાગના લોકો દેશના પાંચ શહેર, દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, પૂણે અને બેંગ્લોરના હતા. યાદ રહે કે દેશમાં છેલ્લા ૫ દિવસથી ૭૫,૦૦૦ નવા કેસ નોંધાતા હતા પરંતુ સોમવારે તેમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો કેમ કે, સોમવારે ૭૦,૦૦૦ નવા કેસ નોંધાયા હતા.

### એસબીઆઇના રિપોર્ટ-ઈકોરેપમાં અનુમાન

# ચાલુ નાણાકીય વર્ષમાં વાસ્તવિક જીડીપી ૧૦.૯% સુધી ઘટી શકે છે

## ચારેય ત્રિમાસિકમાં નકારાત્મક વૃદ્ધિનું અનુમાન

(એજન્સી) મુંબઇ, તા.૧

ભારતીય સ્ટેટ બેન્ક (SBI)નાં રિસર્ચ રિપોર્ટ-ઈકોરેપમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતની વાસ્તવિક ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)માં ૧૦.૯ ટકાનો ઘટાડો થશે. ચાલુ નાણાકીય વર્ષ એપ્રિલ-જૂન મહિનાના પ્રથમ ક્વાર્ટરમાં દેશના અર્થતંત્રમાં રેકોર્ડ ૨૩.૯ ટકાનો ઘટાડો થયો છે. પાછલા નાણાકીય વર્ષનાં સમાન ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૫.૨ ટકા હતો. અગાઉ, એસબીઆઈ-ઈકોરૈપમાં વાસ્તવિક જીડીપી ૬.૮ ટકા ઘટવાનું અનુમાન હતું. ગયા નાણાકીય વર્ષનાં જાન્યુઆરી-માર્ચના ચોથા ક્વાર્ટરમાં જીડીપી ગ્રોથ ૩.૧ ટકા રહ્યો હતો.

SBI રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું છે કે, "અમારૂ પ્રારંભિક અનુમાન એ છે કે ચાલુ નાણાકીય વર્ષના તમામ ચાર ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક જીડીપી ઘટશે. આખા નાણાકીય વર્ષ માટે જીડીપીમાં ૧૦.૯ ટકાનો ઘટાડો થશે. "અહેવાલમાં જણાવાયું છે કે વાસ્તવિક જીડીપી વર્તમાન નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૧૨ થી ૧૫ ટકાનો ઘટાડો કરશે. તે ત્રીજા ક્વાર્ટરમાં -૫ થી -૧૦ ટકાની વચ્ચે રહેશે. એ જ રીતે, વાસ્તવિક જીડીપી




ચોથા ક્વાર્ટરમાં બેથી પાંચ ટકા સુધી ઘટશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોવિડ-૧૯ નાં ફેલાવાને રોકવા માટે ૨૫ માર્ચ, ૨૦૨૦ થી દેશમાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉન લાદવામાં આવ્યું હતું, જેના પગલે જીડીપીમાં ઘટાડો થયો હતો. જો કે, આ ઘટાડો બજાર અને તેના અંદાજ કરતા વધુ છે. અહેવાલમાં જણાવાયું છે કે ખાનગી અંતિમ વપરાશ ખર્ચ (પીએફસીઈ)ની વૃદ્ધિ અપેક્ષા મુજબ ઘટી છે. કોવિડ-૧૯ ને કારણે, મોટાભાગની જીવન જરૂરીયાચતની ચીજવસ્તુઓનો વપરાશ ઘટી ગયો છે. એસબીઆઇ ઈકોરૈપના જણાવ્યા મુજબ, ક્ષમતાના ઉપયોગના અભાવને કારણે રોકાણની માંગમાં સુધારો થતો નથી. જેમ કે, કુલ જીડીપીના અંદાજમાં ખાનગી વપરાશનાં ખર્ચનો હિસ્સો ઉચો રહેશે.

# સેનાએ બારામુલામાં બે આતંકી ઠેકાણાનો પર્દાફાશ કર્યો : મોટી માત્રામાં હથિયાર મળ્યા

(એજન્સી) બારામુલા, તા.૧

જમ્મુ-કાશ્મીરમાં બારામુલાના રામપુર સેક્ટરમાં સેનાએ આતંકવાદીઓના બે ઠેકાણાનો પર્દાફાશ કર્યો છે. સેનાએ મંગળવારે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ દરમિયાન મોટી માત્રામાં હથિયાર અને દારૂગોળો મળ્યો હતો. ૭ કલાક ચાલેલા ઓપરેશનમાં સેનાને બે લોકેશનની જાણ થઈ. અહીં મોટા પ્રમાણમાં હથિયાર



છૂપાવીને રખાયા હતા. સેનાએ અહીંથી ૬ મેગેઝિન અને દારૂગોળોના ૧૨૫૪ રાઉન્ડના બે સીલ્ડ બોક્સ અને પાંચ AK સિરીઝની રાયફલ કબજે કરી હતી. સેનાને લાઈન ઓફ કંટ્રોલ પાસે રામપુર સેક્ટરના ગામમાં સોમવારે શંકાસ્પદ લોકોની મૂવમેન્ટની જાણ થઈ હતી. આ લોકો ભારતની સરહદમાં હથિયાર પહોંચાડવાની કોશિશ કરી રહ્યા હતા. ત્યારથી આ વિસ્તારનું નિરિક્ષણ કરાઈ રહ્યું હતું. ઘૂષણખોરીની ઘટનાને નિષ્ફળ કરવા માટે આખી રાત આ વિસ્તારમાં દેખરેખ રખાઈ હતી. બારામુલામાં આ આતંકવાદીઓએ સોમવારે સેનાની ગાડી ઉપર ગ્રેનેડથી હુમલો કરાવની કોશિશ કરી હતી. નિશાન ચૂકી જવાથી ગ્રેનેડ રસ્તા ઉપર ફૂટ્યો હતો જેના કારણે છ લોકો ઘાયલ થયા હતા.

# GDPમાં ઘટાડો : દિશાવિહીન નીતિઓ અને મહામારીના સંયોગીકરણને કારણે ભારતીય અર્થતંત્રના મૂળ પર ઘા થયો છે

## નાણાપ્રધાન તેને એક્ટ ઓફ ગોડ એટલે કે ઈશ્વરીય કૃત્ય ગણાવશે પરંતુ સરકાર અત્યારે વિશ્વભરના તમામ કોવિડ કેસોમાં ૨૮ ટકા કેસ ભારતના છે એ બાબતે શું ખુલાસો આપશે ? લોકડાઉન કોવિડને અટકાવવામાં નિષ્ફળ ગયું છે અને સાથે સાથે લોકડાઉને અર્થતંત્રને પાયમાલ કરી નાખ્યું છે

(એજન્સી) તા.૧

દરેકને આની અપેક્ષા હતી અને દરેક વ્યક્તિ સૌથી ખરાબ સ્થિતિ અંગે તૈયાર હતી. આંકડાઓ હવે બહાર આવી ગયાં છે. જીડીપીમાં ૨૩.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. નાણા પ્રધાન તેને એક્ટ ઓફ ગોડ એટલે કે ઈશ્વરીય કૃત્ય ગણાવશે, પરંતુ સરકાર અત્યારે વિશ્વભરના તમામ કોવિડ કેસોમાં ૨૮ ટકા કેસ ભારતના છે એ બાબતે શું ખુલાસો આપશે ? લોકડાઉન કોવિડને અટકાવવામાં નિષ્ફળ ગયું છે અને સાથે સાથે લોકડાઉને અર્થતંત્રને પાયમાલ કરી નાખ્યું છે. જે દિવસે સેન્સેક્સ ૮૩૯ પોઈન્ટ જેટલો ગગડ્યો હતો અને કરોડો રોકાણકારોની સંપત્તિનું ધોવાણ થઇ રહ્યું હતું ત્યારે અર્થતંત્રમાં પણ નેગેટીવ ટ્રેન્ડ જોવા મળ્યો છે અને રીકવરી ધીમી અને દૂર જણાય છે. આ



સંદર્ભમાં કેન્દ્ર સરકાર હવે રાજ્યોને જીએસટીનો તેનો હિસ્સો આપે તેવી શક્યતા નથી અને સરકારે રાજકોષિય ખાધના લક્ષ્યાંકોને પણ વટાવી દીધાં છે જે હાલ રૂા. ૮.૨૧ લાખ કરોડ છે એટલે કે વર્તમાન નાણાકીય વર્ષ માટેના લક્ષ્યાંકના ૧૦૩.૧ ટકા છે.

બીજુ વડાપ્રધાને વચન આપ્યા મુજબ અને નાણાપ્રધાન દ્વારા પાંચ એપિસોડમાં જાહેર કરવામાં આવેલ રૂા.૨૦ લાખ કરોડનું પેકેજ હવામાં જ ક્યાંક ગાયબ થઇ ગયું છે. કદાચ આગામી સપ્તાહોમાં અર્થતંત્રના આંકડાઓ સુધરશે પરંતુ તેની અસર આગામી ક્વાર્ટરમાં વધુ જોવા મળશે. આમ દિશાવિહીન નીતિઓ અને મહામારીના સંયોગીકરણે ભારતીય અર્થતંત્રના મૂળ પર ઘા કરીને જબરદસ્ત ફટકો આપ્યો છે. અહીં વેધક પ્રશ્ન એ છે કે શું કોવિડ સંકટ સાથે વધુ સારી રીતે કામ લઇ શકાયું ન હોત ? હા, જો સરકારે અત્યારે જે સ્થિતિમાં છે એ સ્થિતિમાં અર્થતંત્રને જવા દીધું ન હોત. સંપૂર્ણ કોવિડ લોકડાઉનથી કદાચ એવી ભ્રમણા ઊભી થઇ હશે કે સરકાર કોવિડ-૧૯ પર કાબૂ મેળવી રહી છે પરંતુ સરકાર માત્ર સમય પસાર કરી રહી હતી. તો હવે શું થશે ? હવે સૌથી મોટું સંકટ આગામી મહિનામાં કેન્દ્ર અને રાજ્યની સરકારો દ્વારા તેના પોતાના જ કર્મચારીઓને પગારોની ચુકવણીમાં થનારા ડિફોલ્ટનું હશે. જીએસટી કલેક્શનમાં ઘટાડાની અસર કેન્દ્ર સરકારને એક કરતાં વધુ રીતે થઇ છે. આગામી મહિનામાં પીએમ કિસાન અને મનરેગાની ચુકવણીમાં વિલંબ ગંભીર સમસ્યા ઊભી કરી શકે તેમ છે કારણ કે તે પાયાના સ્તરની વપરાશને પ્રભાવિત કરશે.

(સૌ. : નેશનલ હેરાલ્ડ)

# IPS અધિકારી ચારૂ સિન્હા શ્રીનગર સેક્ટરમાં CRPFની કમાન સંભાળનાર પ્રથમ મહિલા અધિકારી

(એજન્સી) શ્રીનગર, તા.૧

જમ્મુ-કાશ્મીરના શ્રીનગર સેક્ટરમાં CRPFની કમાન પહેલીવાર મહિલા પોલીસ ઓફિસરને સોંપવામાં આવી છે. ચારૂ સિન્હાને અહીં ઈન્સપેક્ટર જનરલની પોસ્ટ માટે તહેનાત કરવામાં આવ્યા છે. હમણાં તેઓ આ પદ પર જમ્મુ CRPFમાં તહેનાત હતા. ચારૂ ૧૯૯૬ બેચના તેલંગાણા કેડરના IPS



અધિકારી છે. આ પહેલી વખત નથી જ્યારે તેમને આવું મુશ્કેલ કામ સોંપવામાં આવ્યું છે. આ પહેલા પણ તેઓ બિહાર સેક્ટરમાં CRPF IG રહી ચૂક્યા છે. તેમણે આ જવાબદારી એપ્રિલ ૧૯૧૮માં સંભાળી હતી. અહીં તેમને નક્સલ સમસ્યાનો સામનો કરવા માટે મોકલવામાં આવ્યા હતા. બિહારમાં તેમની આગેવાનીમાં નક્સલીઓ સામે ઘણાં ઓપરેશન્સ ચલાવવામાં આવ્યા હતા. ત્યારપછી આઈજી તરીકે તેમની ટ્રાન્સફર જમ્મુ CRPFમાં કરવામાં આવી હતી. અહીં તેમણે લાંબો અને સફળ કાર્યકાળ પૂરો કર્યો. હવે તેમની ટ્રાન્સફર શ્રીનગર કરવામાં આવી છે. શ્રીનગર સેક્ટરમાં ક્યારેય મહિલા ઓફિસરને કમાન સોંપવામાં આવી નથી. આ સેક્ટરમાં CRPF આતંકીઓ સામે સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસ સાથે મળીને કામ કરતી હોય છે. સિન્હા આ વિસ્તારના દરેક ઓપરેશન્સની આગેવાની કરશે.

# પંજાબે GST વળતર માટે કેન્દ્ર સરકારની ફોર્મ્યુલા નકારી કાઢી

## આ ફોર્મ્યુલા, કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી ગૌરવપૂર્ણ અને બંધારણીય ખાતરીનું સ્પષ્ટ ઉલ્લંઘન, સહકારી સંઘવાદની ભાવનાનો વિશ્વાસઘાત માનવામાં આવશે

(એજન્સી) ચંડીગઢ, તા.૧

પંજાબ સરકારે કેન્દ્ર સરકારની રાજ્યોને અપાતા જીએસટી વળતર ચુકવણીની ફાર્મુલા નકારી કાઢી છે. રાજયના નાણામંત્રી મનપ્રીતસિંઘ બાદલે કેન્દ્રીય નાણા મંત્રી સીતારામનને પત્ર લખ્યું છે કે એ પોતાના નિર્ણય બાબત જીએસટી કાઉન્સિલની મીટીંગમાં પુનર્વિચાર કરવા કહ્યું છે. બાદલે કહ્યું કે કેન્દ્રનો આ નિર્ણય બંધારણીય વિશ્વાસનું સરેઆમ ભંગ છે. એમણે કહ્યું કે આ એક રીતે છેતરપિંડી છે. કેન્દ્ર અને રાજયો વચ્ચેના વિશ્વાસનો ભંગ છે. અમોએ સરકાર ઉપર વિશ્વાસ મૂકી જીએસટીનો વિકલ્પ સ્વીકાર્યો હતો. અમારા માટે જીએસટી કરોડરજ્જુ સમાન છે. અમને બધા મુદ્દાઓ બાબત સંપૂર્ણ સ્પષ્ટતા જોઈએ જેથી આગામી મીટિંગમાં આ મુદ્દો ફરીથી ચર્ચા માટે મુકશો. એમણે કહ્યું કે મહામારીના



સમયમાં અમે કેન્દ્રને સંપૂર્ણ સહયોગ આપીએ છીએ પણ અમને સરકારના બંને વિકલ્પો મંજુર નથી. બાદલે નાણામંત્રીએ ચેરમેનના નિવેદન તરફ ધ્યાન ખેંચ્યું અને કહ્યું અમને કહ્યું હતું કે અમને મહેસૂલી આવકમાં થતા નુકસાનના વળતરની ૧૦૦ ટકા રકમ મળશે. કેન્દ્ર સરકારની જવાબદારી છે કે એ વળતરની રકમ ચુકવે. જો સરકારને નાણાની અછત છે તો એ ઉછીના લઇ શકે છે. એમણે કહ્યું કે કેન્દ્ર સરકાર પોતે આ બાબત સ્વીકારવા તૈયાર નથી અને અમને બે વિકલ્પો આપી રહી છે. કેન્દ્ર સરકારે વળતર બાબત બંધારણીય જોગવાઈઓનું અનુસરણ કરવું જોઈએ. વળતરની કોઈ પણ પ્રક્રિયા જે બંધારણની વિરુદ્ધ હોય એ ગેરબંધારણીય છે. કાઉન્સિલની ૧૦મી મીટીંગમાં કહ્યું હતું કે વળતરની ચુકવણી માટે કેન્દ્ર અન્ય સ્ત્રોતો પાસેથી નાણા મેળવશે. હવે અમને કહે છે કે અમે પોતે વ્યવસ્થા કરીએ. જીએસટીનું વળતર આપવું એ કોઈ પણ સ્તરે સરકાર અથવા કાઉન્સિલનો વહીવટી નિર્ણય નથી. સરકાર કહે છે કે રાજયોએ બંધારણના અનુચ્છેદ ૨૯૩ હેઠળ પૈસા ઉછીના લેવા. શું આ નાણાને વળતર કહી શકાય. જીએસટી કંપનસેશન એક્ટમાં સ્પષ્ટ કરાયું છે કે બધા સ્ત્રોતો દ્વારા મેળવેલ નાણા પહેલા કંપનસેશન ફંડમાં જમા થશે. જે સરકારનું મુખ્ય એકાઉન્ટ છે. રાજય દ્વારા ઉછીના લીધેલ નાણાને કંપનસેશન ફંડમાં કઈ રીતે જમા કરી શકાય.પંજાબ રાજયને દેશના અન્ય રાજયોની સરખામણીમાં જીએસટીની સૌથી વધુ ખોટ છે. અને નાણા ઉછીના લેવા કહેવામાં આવે છે પણ અમારા માટે આ અસંભવિત છે. આના લીધે રાજય વધુ મુશ્કેલીમાં આવી જશે. સરકારનો બીજો વિકલ્પ એજીના વિચારનો પણ ભંગ છે. કેન્દ્ર સરકાર રાજયોને દેવાના ખાડામાં ધકેલે છે એ વ્યાજબી નથી.

# અંગ્રેજી પ્રિન્ટ મીડિયા પ્રશાંત ભૂષણની સાથે અડીખમ દીવાલ બનીને ઊભું હતું

## દેશના પ્રતિષ્ઠિત ચાર અંગ્રેજી અખબારોએ તેઓના તંત્રીલેખ દ્વારા પ્રશાંત ભૂષણની વિચાર-વાણીની અભિવ્યક્તિની સ્વતંત્રતાની ઝુંબેશને જોરદાર ટેકો આપ્યો હતો

(એજન્સી) તા.૧

સુપ્રીમ કોર્ટે ગત સોમવારે જેમને કોર્ટની અવમાનનાના આરોપસર દોષિત ઠરાવી રૂા.૧નો દંડ કર્યો હતો તે ખ્યાતનામ એડવોકેટ અને સામાજિક કાર્યકર એવા પ્રશાંત ભૂષણની સાથે સુપ્રીમ કોર્ટમાં જ્યારે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે દેશનું અંગ્રેજી પ્રિન્ટ મીડિયા પ્રશાંત ભૂષણની સાથે અડીખમ દિવાલ બનીને ઊભું હતું અને તેમને જરૂરી એવો તમામ સાથ-સહકાર અને ટેકો આપ્યો હતો.


All's well that ends well: Both Prashant Bhushan and SC judges must move on

Bhushan case: SC sets a wrong precedent

Quantum not a solace: On Prashant Bhushan contempt case

Mr Bhushan's fine

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ સર્વશ્રી અરૂણ મિશ્રા, બી. આર. ગવઈ અને ક્રિશ્ના મુરારીની બેન્ચે પ્રશાંત ભૂષણને કોર્ટનું અપમાન કરવા બદલ રૂા.૧નો દંડ કર્યો હતો અને સાથે એવી તાકીદ પણ કરી હતી કે જો ભૂષણ ૧૫ સપ્ટેમ્બર સુધી આ દંડની રકમ ભરવામાં નિષ્ફળ જશે તો તેમને ત્રણ મહિનાની કેદની સજા કરવામાં આવશએ અને આગામી ત્રણ વર્ષ સુધી વકીલાત કરવા ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવશે.

પ્રશાંત ભૂષણે સુપ્રીમ કોર્ટની ટીકા કરતી બે ટ્વિટ કરી હતી જેના કારણે તેમની સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી શરૂ કરાઇ હતી. કોર્ટ કાર્યવાહી દરમ્યાન કોર્ટે તેમને દોષિત પણ ઠરાવ્યા હતા પરંતુ તે સાથે તેમને માફી માંગી લેવાની પણ વાત કરી હતી. જો કે, સિદ્ધાંતોના પાક્કા એવા ભુષણે પોતાની ટ્વિટ બદલ માફી માંગવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો તે સમયે દેશના ચાર પ્રતિષ્ઠિત અંગ્રેજી અખબારો, ધ હિન્દુ, ધ ટાઈમ્સ ફ ઈન્ડિયા, હિંદુસ્તાન ટાઈમ્સ અને ઈન્ડિયન એક્સપ્રેસે પ્રશાંત ભુષણને મજબૂત ટેકો અને સમર્થન આપ્યા હતા.

આ ચાર અકબારોમાં રોજ રોજ લખાતા તંત્રીલેખોમાં પ્રતિબિંબિત થયું હતું કે, તેઓ વિચાર અને વાણીની અભિવ્યક્તિની સ્વતંત્રતાના મજબૂત હિમાયતી અને ટેકેદાર છે. પ્રશાંત ભૂષણે ટેમના ટ્વિટ દ્વારા તેમના વિચારો વ્યક્ત કર્યા હતા તે બદલ તેમને બિનજરૂરી રીતે કોર્ટ કાર્યવાહીમાં ઢસેડવા બદલ ધ હિંદુ અને ઈન્ડિયન એક્સપ્રેસ જેવા અખબારોએ તો સુપ્રીમ કોર્ટની આલોચના પણ કરી હતી. પ્રશાંત ભૂષણે તેમની બે ટ્વિટમાં સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કેટલાંક કેસોમાં આપેલા ચુકાદા અને છેલ્લા ચાર મુખ્ય ન્યાયમૂર્તિઓની ભૂમિકા વિશે ટીકા કરી હતી. તેમની આ બે ટ્વિટને સિવિલ સોસાયટી, દેશની લોકશાહીના હિતચિંતક નાગરિકો અને અંગ્રેજી પ્રિન્ટ મીડિયાએ વિચાર-વાણીની અભિવ્યક્તિની સ્વતંત્રાતા ગણાવી હતી. ભૂષણે કોર્ટની માફી માંગવા જ્યારે બે વાર ઈન્કાર કર્યો અને કોર્ટને તેમની સજા બદલવા અને માત્ર રૂા. ૧નો દંડ કરવા મજબૂર કરી ત્યારે પણ ભૂષણને દેશભરમાંથી લાખો લોકોનો ટેકો મળ્યો હતો.

### વડસર ગામમાં પાણી ફરી વળતા હોડીઓ ફરતી થઈ

# વિશ્વામિત્રીની સપાટીમાં ઘટાડો થતાં પૂરનો ભય હાલ પૂરતો ટળ્યો



વડોદરા, તા.૧

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી સપાટી ૭:૦૦ વાગે ૨૫.૨૫ ફૂટે પહોંચી હતી. જેથી પૂરની પરિસ્થિતિ સર્જાઇ હતી ત્યારબાદ સવારે ૧૦:૦૦ વિશ્વામિત્રીની સપાટીમાં ધીરે-ધીરે ઘટાડો થતાં તેમજ વરસાદ રોકાવાને કારણે પૂરનો ભય હાલ પૂરતો ટળ્યો હોવાનું જાણવા મળે છે.

દરમિયાનમાં મળતી માહિતી પ્રમાણે, આજે સવારે સરદાર સરોવરમાંથી નર્મદા નદીમાં ૧૧,૨૬,૭૦૫ ક્યુસેક અને કડાણામાંથી મહી નદીમાં ૫૦,૨૭૬ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું હતું. જેથી નર્મદા નદીના કાંઠા વિસ્તાર અને મહીસાગરના કાંઠા વિસ્તારમાં પૂરની પરિસ્થિતિ સર્જાઇ હતી.

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીની સપાટીમાં ગઈ કાલે ૧૨:૦૦ વાગ્યાથી અચાનક જ ઉતરોતર વધારો થતાં વહીવટી તંત્રનો પણ ચિંતાનો વિષય બન્યો હતો. એક બાજુ આજવા સરોવરના ૬૨ દરવાજામાંથી છોડવામાં આવતું પાણી બંધ કરવામાં આવ્યું હતું અને માત્ર પ્રતાપપુરા સરોવરમાંથી ૬૦૦ ક્યુસેક પાણી છોડવાનું ચાલુ રાખ્યું હતું. છતાં પણ વિશ્વામિત્રીની સપાટીમાં વધારો થવાને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા ગઈરાત્રે ૫૦૦ વ્યક્તિઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આજે સવારે ૧૦:૦૦ વાગે કાળા ઘોડા પુલ ખાતે વિશ્વામિત્રીની સપાટીમાં ઘટાડો નોંધાયો છે. સપાટી ઘટીને ૨૫ ફૂટ થઈ છે. હાલમાં પાણીની આવક નથી. જેથી હવે પૂરની પરિસ્થિતિ સર્જાશે નહીં તેવી આશા વહીવટી તંત્રએ વ્યકત કરી હતી. વડોદરામાં વિશ્વામિત્રી નદીના પાણી વડસર ગામમાં ફરી વળ્યા હતા. વડસર પાસે આવેલ કાંસા રેસીડેન્સીમાં ૪થી ૫ ફૂટ પાણી થઈ જતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને આ વિસ્તારમાં હોડીઓ ફરતી થઇ ગઇ હતી. વડોદરા શહેરના સમા વિસ્તારમાં આવેલી સિદ્ધાર્થ રેસીડેન્સીના રહીશોએ વાહનો પણ નજીકમાં આવેલા બ્રિજ ઉપર પાર્ક કરી દીધા હતા

વડસર ખાતેની કાંસા રેસીડેન્સીમાં ફસાયેલા લોકોએ તંત્ર પાસે મદદ માંગી હતી. જેથી અગ્નિશમન દળની ટીમે સ્થળ પર પહોંચી જઈશ ૩૮ વ્યક્તિને બોટ દ્વારા બચાવ કામગીરી કરીને બહાર કાઢ્યા હતા. જ્યારે હજુ પણ કેટલાક લોકો ફસાયેલા હોવાનું જાણવા મળે છે.

### મોહદ્દીસે આઝમ મિશન તથા હુસેની હોસ્પિટલ દ્વારા

# હાડગુડમાં શહીદે કરબલાની યાદમાં દર્દીઓને ફળનું વિતરણ



(તસ્વીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧

આણંદ જિલ્લાનાં હાડગુડ ગામમાં ઈમામ જાફર સાદિક ફાઉન્ડેશન સંચાલિત હુસેની હોસ્પિટલ દ્વારા તેમજ મોહદીસે આઝમ મિશન બ્રાન્ચ હાડગુડ દ્વારા મોહર્રમ નિમિતે દર્દીઓને ફૂટની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ આણંદ સિવિલ હોસ્પિટલ માં પણ કીટનુ વિતરણ કરવામાં આવ્યું હતું. નાતજાત વગર દરેક દર્દીને કીટ આપવામાં આવી હતી. સમગ્ર સેવાનું સંચાલન ઈમામ જાફર સાદિક ફાઉન્ડેશનના પ્રમુખ મૌલાના સૈયદ પરવેઝ યમની સાહેબ તથા મોહદીસે આઝમ મિશન બ્રાન્ચ હાડગુડ પ્રમુખ સૈયદ મુનાફ અશરફી પઠાણ અલ્લારખાં (સામાજિક કાર્યકર )અને તેમની ટીમ દ્વારા કરવામાં કરવામાં આવ્યું હતું. તેમજ શેખ ઐયુબ ફોઝી (સામાજિક કાર્યકર ), મોહસીન સૈયદ, નૌશાદ અલી સૈયદ (બચ્ચન ), સૈયદ હિફજુ સૈયદ મુનાફ અશરફી, સૈયદ આઝમ સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અંકલેશ્વરના જૂના દીવા ગામે નર્મદાના પાણી ફરી વળતાં ૫૦૦ લોકોને ખસેડાયા



(તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વર તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં નર્મદાના પુરે તબાહી મચાવ્યા બાદ જુના દિવા ગામમાં નર્મદાના પાણી ફરી વળતા નીચાણવાળા ફળીયાના ૫૦૦ જેટલા લોકોને ગામના ભાથીજી મંદિર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

નર્મદા નદીનાં જળસ્તરમાં સતત વધારો થતા પૂરના પાણી અંકલેશ્વરના નદી કાંઠાના વિસ્તારમાં ફરી વળ્યાં છે ત્યારે જુના દીવા ગામને પણ પૂરના પાણીએ ઘેરી લીધુ હતુ, અને ગામના નીચાણવાળા ફળિયાઓમાં પાણી ભરાતા સરપંચ નટવર વસાવા તેમજ ડેપ્યુટી સરપંચ નાનુ પટેલ સહિતનાં ગ્રામજનોએ અંદાજીત ૫૦૦ જેટલા પૂર પ્રભાવિત લોકોને ભાથીજી મંદિર ખાતે સુરક્ષિત ખસેડ્યા હતા અને તંત્ર દ્વારા પણ સ્થળાંતર થયેલા લોકો માટે એક મેડિકલ ટીમ, ભોજન વ્યવસ્થા સહિતની સગવડ કરવામાં આવી હતી અને તંત્રની ટિમ દ્વારા મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

# ભરૂચ જિલ્લામાં ઘોડાપૂરથી ૬૫૦૦થી વધુનું સ્થળાંતર : નર્મદાડેમની ૧૩૨.૯૯ ફૂટ સપાટી

ભરૂચ, તા.૧

સરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસમાં ભારે વરસાદથી ડેમમાંથી ૧૨ લાખ ક્યુસેક સુધી પાણી છોડાતા નર્મદા નદીમાં સતત ત્બીજા વર્ષે ઘોડાપુર આવતા વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના ૧૦૮ ગામને એલર્ટ કરાયાં હતા. ભરૂચમાં ભયંકર પૂરના મંગળવારે ત્રીજા દિવસે ગોલ્ડનબ્રિજે નર્મદાના નીર ૫૦ વર્ષમાં ૭ મી વખત ૩૪.૯૩ ફૂટે સ્પર્શી ગયા હતા. જે બાદ સપાટી ઘટતા બપોર સુધીમાં ૩૪.૭૬ ફૂટે સ્થિર થઈ હતી. નર્મદા નદીએ ૩૪ ફૂટની સપાટી વતાવતા ભરૂચ જિલ્લાના ૩ તાલુકાના ૬૬૯૫ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. જુના ભરૂચમાં ફુરજા બંદર, દાંડિયાબજાર, ચાર રસ્તામાં પુરના પાણી ફરી વળતા નાવડીઓ ફરતી થઈ ગઈ છે.

પૂરના પ્રતાપે શહેરમાં ૪૦૦ થી વધુ વેપારીઓની દુકાનો પાણીમાં ગરક થતા ભારે નુકશાનીનો સામનો કરવો પડ્યો છે. ભરૂચ, ઝઘડિયા અને અંકલેશ્વરમાં ૨૦૦૦૦ થી વધુ હેકટરમાં ખેતીને ભારે ફટકો પોહચ્યો છે.

સુપ્રીમ કોર્ટ પણ નર્મદા ડેમને તેની પૂર્ણ ઉંચાઈ ૧૩૮.૬૮ મીટર સુધી ભરવાની મજૂરી આપતા હવે ડેમના દરવાજા ધીમે ધીમે બંધ કરી જળસંગ્રહ કરશે. હાલ ડેમની સપાટી ૧૩૨.૯૯ મીટર છે ઉપર્વસમાંથી ૧૧૩૨૨૨૭ ક્યુસેક પાણીની આવક સામે ૧૧૩૧૮૨૭ ક્યુસેક જાવક થઈ રહી છે. પૂનમની ભરતીના કારણે હજી નદીની સપાટી ૧ફૂટ વધવાની શકયતા સેન્ટ્રલ વોટર કમિશને વ્યક્ત કરી છે.

### કોરોના કાળ વચ્ચે બેકારીનું સંકટ, સાંપ્રત સમાજને હચમચાવતી ઘટતાં

# પતિના ઠપ થયેલા ધંધામાં મદદરૂપ થવા પરિણીતાએ પિયરમાં જ લૂંટ ચલાવી

### પરિણીતાના રૂમમાંથી લૂંટના દાગીના અને રોકડ રકમ મળી આવી

ભરૂચ, તા.૧

કોરોના કાળમાં ગુજરાતમાં પણ લાખો લોકોની નોકરી છીનવાઈ જવા સાથે કેટલાયના વેપાર ધંધા ઠપ થઈ જતા આર્થિક ભીંસમાં મુકાઈ જવાનો વારો આવ્યો છે. લાખો પરિવાર નાણાંકીય ભીડ સાથે માનસિક અસ્વસ્થતા માંથી પસાર થઈ રહ્યા છે ત્યારે ભરૂચમાં ૩ દિવસ પહેલા થયેલી લૂંટમાં સનસનીખેજ અને સાંપ્રત સમાજને હચમચાવી દે તેવી હકકિત બહાર આવી છે.

મુંબઈ સાસરીમાંથી પરિણીતા પોતાના પિયર ભરૂચ માતા-પિતાના ઘરે રહેવા આવી હતી. ૨૯ ઓગસ્ટએ પરિણીતા સ્નાન કરીને બહાર નીકળી તો ૨૦ થી ૨૨ વર્ષના બે બુકનીધારીઓ એ ચપ્પુ ની અણી એ તેને ઈજા પોહચાડી ૨૦ તોલા સોનુ અને રોકડા ૩૦ હજાર મળી કુલ રૂપિયા ૧૦.૧૦ લાખની લૂંટ ચલાવી હતી.

ભરૂચના ભોલાવ વિસ્તારમાં આવેલી આકાશ ગંગા સોસાયટીમાં ભર બપોરે લૂંટની આ ઘટનામાં ભરૂચ એલ.સી.બી., સી ડિવિઝને તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં આ લૂંટ ઘરના સભ્ય જ કે કોઈ જાણભેદુએ ચલાવી હોવાનું ફલિત થયું હતું. લૂંટનો ભોગ બનનાર ફરિયાદી પરિણીતાને ગળા પર ચપ્પુ ની થયેલી ઈજા પણ પોલીસને સામાન્ય લાગી હતી.

ઘરમાં તપાસ કરતા પરિણીતાના રૂમમાંથી જ કપડાના થેલામાં લૂંટના મુકેલા દાગીના અને રોકડા મળી આવ્યા હતા. પોલીસે પરિણીતાની પૂછપરછ કરતા તે ભાંગી પડી હતી. અને જે ખુલાસો કર્યો તેમાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી. મુંબઈમાં પતિનો દલાલીનો ધંધો ઠપ થઇ જતાં નવા વ્યવસાય માટે નાણાં ની જરૂર હતી. સાસરીની સ્થિતિ કથળેલી હતી વળી, પિતા પાસે પૈસા માંગે તો પાછા આપી શકશે કે નહીં તેનો ડર હતો, જેને લઈ ૧ સપ્તાહ પેહલા પરિણીતાએ પોતાના પિયરમાજ લૂંટ ચલાવવાનો પ્લાન ઘડી નાખ્યો હતો.

### વડોદરા મનપા દ્વારા તોડી પડાયેલ

# કલ્યાણનગરના વિસ્થાપિતોને પાંચ મહિનાથી ભાડું ન ચૂકવાતાં મ્યુ. કમિશનરને રજૂઆત

### માણેજા સ્થિત આવાસોનું બાંધકામ નબળું હોવાનો વિસ્થાપિતોનો આક્ષેપો

વડોદરા, તા.૧

નવેમ્બર ૨૦૧૪માં તોડી પાડવામાં આવેલી કલ્યાણનગર ઝૂંપડપટ્ટીના કેટલાક રહીશોને માણેજા સ્થિત આવાસોમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે ૭૦ જેટલા પરિવારોને મકાનો નહીં મળતા તેમને મનપા તરફથી રૂા.૩૦૦૦/- ભાડા સહાય પેટે ચૂકવવામાં આવતા હતા. જે છેલ્લા એક મહિનાથી બંધ કરી દેવાયા છે. તેમ જણાતા એક્ટિવિસ્ટ ડો.જે.એસ. બંદૂકવાલાએ મ્યુ. કમિશનરને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે.

તેમણે પત્રમાં વધુમાં જણાવ્યું છે કે દર મહિને રહીશોને ચૂકવવામાં આવતું ભાડું રૂા.૩૦૦૦/- પાંચ મહિના પહેલા બંધ કરી દેવાયું છે. હજી સુધી તેમને આવાસો ફાળવી અપાયા નથી.

માણેજા સ્થિત આવાસો કલ્યાણનગરથી ૧૬ કિ.મી. દૂર છે. માણેજાના આવાસોનું બાંધકામ પણ ગુણવત્તાયુક્ત નથી. નબળું છે. આ આવાસો એટલા નબળા બાંધકામના છે કે ગમે ત્યારે પડી ભાંગશે.

સૌથી વધુ ગંભીર બાબત એ છે કે આ વિસ્તાર કોમ્યુનલ છે. આથી મુસ્લિમ રહીશોને તાંદળજા વિસ્તારના આવાસોમાં ખસેડો.

૭૦ પરિવારો ખાનગી મકાનોમાં ભાડેથી રહે છે. જે કલ્યાણનગરની આસપાસ છે. તેમને ભાડું નથી મળતું. તે રહીશોને નવા કલ્યાણનગરમાં બનનાર આવાસો ફાળવી આપવા જોઈએ.

### અખિલ ભારતીય માનવાધિકાર નિગરાની સમિતિની રજૂઆત

# ભરૂચ જિલ્લામાં રસ્તાની દુર્દશાને લઈ ડોકટરને આવેદન



(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧

અખિલ ભારતીય માનવાધિકાર નિગરાંની સમિતિ દ્વારા ભરૂચ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમા જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા વર્ષોથી ચોમાસા પહેલા રોડ રસ્તા ગટરો અને નાળાની સાફ સફાઈ અને સમારકામની કામગીરી થતી હોય છે અને આ પ્રિ-મોનસૂન કામગીરીના નામે સરકાર તરફથી લાખો રૂપિયા બજેટમાંથી ફાળવવામાં આવે છે. પરંતુ હલકી ગુણવત્તાવાળું મટેરિયો વાપરી ભ્રષ્ટાચાર કરાય છે જે ગંભીર બાબતે ધ્યાન આપી કડક પગલાં ભરવા જણાવ્યું હતું.

ગુજરાતના ઘણા બધા વિસ્તારોમાં ભૂવા તેમજ ખાડા પડી ગયા છે જે મોટાભાગના શહેરોમાં અને શહેરોને જોડતા હાઇવે પર પાણી ભરાઈ જવાના કારણે જેને લીધે અનેક વાહનોના ગંભીર અકસ્માત થાય છે અને જાનહાનિના બનાવો બને છે.

હાલમાં જ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે સમગ્ર ગુજરાતના રોડ રસ્તા તાત્કાલિક ધોરણે રીપેર કરવા સૂચનાં આપેલ છે જેથી તાત્કાલિક કામગીરી શરૂ કરવામાં આવે તેવી માંગ સહિત એક આવેદન પત્ર જિલ્લા કલેક્ટર એમ.ડી. મોડીયાને પાઠવવામાં આવ્યો છે. આ પ્રસંગે અખિલ ભારતીય માનવધિકાર નિગરાંની સમિતિ ભરૂચ જિલ્લા પ્રમુખ કાલુ ચૌહાણ, ઉપાધ્યક્ષ ચેતન ભાઈ પટેલ, સચિવ કાંતિભાઈ પરમાર, સચિવ ભરત ભાઈ ગોહિલ, જંબુસર ક્ષેત્રનાં પ્રમુખ અશોક જાંબુ હાજર રહ્યા હતા.

# ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાનું ઘટાડાયું ડેમની સપાટી ૩૩૬.૩૯ ફૂટે પહોંચી

### સુરતમાંથી પસાર થતી પાંચ ખાડીઓના લેવલમાં ઘટાડો : કાંઠા વિસ્તારમાં પાણી ઓસર્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

ઉકાઈ ડેમના ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ગત રોજ ૧.૫૯ લાખ ક્યૂસેક પાણી સુધી આઉટફલો કરવામાં આવ્યો હતો. જોકે, સપ્ટેમ્બરમાં ઉકાઈ ડેમનું રૂલ લેવલ ૩૪૦ ફૂટ હોવાથી આઉટફલો ઘટાડી દેવામાં આવ્યો છે. હાલ ઉકાઈ ડેમની સપાટી ૩૩૬.૩૯ ફૂટ છે.

ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદના ઘટાડા સાથે જ મહારાષ્ટ્રના હથનૂર ડેમમાંથી પાણી છોડવાનું ઘટાડી દેવામાં આવ્યું છે. ઉકાઈ ડેમમાં આગામી દિવસોમાં પાણીનો મોટો જથ્થો આવવાનો નહીં હોવાથી તંત્ર તબક્કાવાર પાણી છોડવાનું ઘટાડી દઈને સપાટી ઉપર લઈ જવા કવાયત હાથ ધરી છે. ગત રોજ ૧.૫૯ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવતા તાપી નદીની સપાટીમાં વધારો થતા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા હતા. જોકે, સાંજ સુધીમાં આઉટફલો ઘટાડી દેવામાં આવ્યો હતો. સોમવારથી ઉકાઈ ડેમનું રૂલ લેવલ ૩૪૦ ફૂટ થઈ ગયું છે. જ્યારે ઉકાઈ ડેમને ૩૪૫ ફૂટ સુધી ભરી શકાય છે. જોકે વરસાદનો જોર ઘટી જવાથી હથનુર ડેમમાથી પાણી છોડવાની માત્રમાં ઘટાડો કરી ૨૪૩૫૫ કયુસેક કરવામાં આવ્યો છે. જેથી હથનુર ડેમની સપાટી વધીને ૨૧૧.૨૫ મીટરે પહોંચી છે. જેથી ઉકાઈ ડેમમાં પણ પાણીની માત્ર ઘટી જવા પામી છ. હાલ ઉકાઇમાં ૯૨ હજાર ક્યૂસેક પાણીની આવક સામે ૧૨ હજાર કયૂસેક પાણીની જાવક છે. ઉકાઈ ડેમની સપાટી ૩૩૬.૩૯ ફૂટ પર પહોંચી છે આમ, પાણી છોડવાનું ઓછું કરાતા તાપી નદીનું લેવલ ઘટી ગયું છે. જેથી કોઝવેની સપાટી ઘટીને ૭.૪૫ મીટરે પહોંચી છે. આ ઉપરાંત કાકારાપાર ડેમની સપાટી પણ ઘટીને ૧૬૨.૫૦ ફુટે પહોંચતા ડેમમાંથી પાણી માત્ર ૨૪૩૦૦ કયુસેક પાણી છોડવાનું યથાવત રાખ્યુ છે. છેલ્લા ૨૪ કલાકમાં સુરત શહેર જિલ્લામાં વરસાદનું જોર ઘટ્યું છે. સુરત શહેરમાંથી પસાર થતી પાંચ ખાડીઓના લેવલમાં ઘટાડો થયો છે. જેના પગલે ઓવરફ્લો થયેલા મીઠી ખાડી ભયજનક સપાટીની પાસે નીચે જતી રહી છે. જેના કારણે કાંઠા વિસ્તારમાં પાણી ઓસર્યા છે અને જનજીવન રાબેતા મુજબ થઈ રહ્યા છે. હાલ કાકરા, ભેદવાડ, મીઠી, ભાઠેના અને સીમાડા ખાડીના લેવલમાં ઘટાડો થતા ખાડી પૂરનું પણ જોખમ ટળ્યું છે.

### નગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા રસ્તા રોકો આંદોલન

# માંગરોળ શહેરના ઘનકચરાનો નિકાલ પાલિકા માટે દુ:ખાવો સમાન : ક્યારે નિકાલ આવશે ?

### શેરીયાજ ખાતે હંગામી ધોરણે પડતર જમીનમાં ઘનકચરો નાંખવાનું નક્કી થતા શેરીયાજના સરપંચ દ્વારા કચરો નહીં નાંખવા દેવાની ચીમકી



માંગરોળ, તા.૧

માંગરોળ શહેરના ઘનકચરાની સમસ્યા નગરપાલિકા માટે માથાનો દુઃખાવો બની છે. લગભગ છેલ્લાઆઠ મહિનાથી માંગરોળ પાલિકા પાસેસ્થાયીડમ્પિંગ સાઈટ ન હોવાનાકારણે ઘન કચરોક્યાં નાખવો તે પ્રશ્ન પેચીદોબની ગયો છે.

ભાજપ કોંગ્રેસ ની સુસંયુક્તબોડીના નવનિયુક્ત પ્રમુખે સત્તામાંઆવતા ની સાથે જ ચિમકી ઉચ્ચારીહતી કે જોડમ્પિંગ સાઈટ નહીં મળે તોરસ્તારોકોઆંદોલન કરવામા ંઆવશે. પરંતુઆ ચિમકી નોકોઇ પ્રભાવ ના પડતા સોમવારે માંગરોળ ભાજપ કોંગ્રેસ ના સુસંપથી શાસિત નગરપાલિકાના સત્તાધીશો દ્વારારસ્તારોકી પાલિકાનીસ્થાયીડમ્પિંગ સાઈટની માંગ કરવી પડીહતી. માંગરોળ-કેશોદ ચોકડીબાયપાસ રોડ પર પાલિકાના સેનીટેશન શાખાના કચરો ભરેલા ટ્રેક્ટરો, જેસીબી, બોલેરો, વગેરે સાધનોરસ્તાનાઆડે રાખી દઈ રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. ભાજપ કોંગ્રેસ ના સત્તાધીશોરસ્તા પર બેસી જઈનેહાઈવેરોડ સદંતર બંધ કરી દેતા અવરજવર કરી રહેલા મુસાફરોને ભારે હાલાકીનો સામનોકરવો પડ્યોહતો. માંગરોળ પોલીસે તમામની અટકાયતકરીરસ્તો ખોલાવ્યો હતો. ત્યારબાદ પાલિકા સત્તાધીશો ના આદેશથી પાલિકા ના તમામ સાધનો માંગરોળ મામલતદાર કચેરીના કંપાઉન્ડમાં ખડકી દીધાહતા. સત્તાધીશો ના ધમાસાણવચ્ચે ઉચ્ચ અધિકારીઓ સાથે ની બેઠકબાદ આખરે માંગરોળ ના શેરીયાજ ખાતે હંગામી ધોરણે પડતર જમીન મા ઘનકચરો નાખવા નું નક્કી થતા જ શેરીયાજ ના સરપંચ દ્વારાકોઈ પણ સંજોગોમાંત્યાં ઘનકચરો નાખવા દેવામાં નહીં આવેતેવી ચીમકી ઉચ્ચારતી ટેલીફોની કવાતચીત ની ક્લીપ વાયરલ થઈ ગઈ છે.

### પાટણની મુલાકાતે આવતા સી.આર.પાટીલને આવકારવા

# ભાજપ કાર્યકરો દ્વારા લગાવાયેલ બેનરમાં વડાપ્રધાનના ફોટાની બાદબાકી

### સોશિયલ મીડિયામાં ટીકા ટિપ્પણી સાથે વ્યંગનો મારો

પાટણ, તા.૧

ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ તા.૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ પાટણ જિલ્લાની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે જિલ્લા અને શહેરના આગેવાનો દ્વારા તેમને આવકારતા બેનર અને હોર્ડિંગ્સ લગાવવામાં આવી રહ્યાં છે. ત્યારે જિલ્લા અને શહેરના આગેવાનો દ્વારા તેમને આવકારતા બેનર અને હોર્ડિંગ્સ લગાવવામાં આવી રહ્યાં છે. આવું જ એક બેનર સાથેનું હોર્ડિંગ્સ પાટણ શહેર ભાજપ દ્વારા હાર્દસમાન બગવાડા ચોકમાં લગાવવામાં આવ્યું હતું જેમાં અમીત શાહ રાષ્ટ્રીય અધ્યક્ષ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નીતિન પટેલ સહિત કુલ ૨૪ નેતાઓના ફોટા મૂકવામાં આવ્યા હતા અને નરેન્દ્ર મોદીની બાદબાકી કરવામાં આવી હતી. વડાપ્રધાનના ફોટા વગરનું હોર્ડિંગ્સ સવારમાં શહેરીજનોની નજરે ચડતા સોશિયલ મીડિયા પર વ્યંગ સાથેની ટીકા ટિપ્પણીઓ શરૂ થતા ભાજપના આગેવાનો દોડી આવ્યા હતા અને તાત્કાલિક વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટા સાથેનો નવો ટુકડો તૈયાર કરી થીગડું મારવામાં આવ્યું હતું.



### પૂર પીડિતોની વ્હારે ગુપ્તા પરિવાર

અંકલેશ્વર તાલુકાના નર્મદા કાંઠાના વિસ્તારના જૂના બોરભાઠા સફેદદિન ખાલપીયા ગામના ગ્રામજનો તંત્ર દ્વારા સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જોકે તંત્ર દ્વારા પૂર પીડિતોને ભોજન સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી જ્યારે કેટલાક પુર પીડિતો અન્ય જગ્યાઓએ આશરો લેતા અંકલેશ્વર નગરપાલિકાના સભ્ય અને ગુપ્તા સમાજના આગેવાન એવા સુધીરભાઈ ગુપ્તા તેમના પરિવારજનોને જાણ થતાં તાત્કાલિક પૂર પીડિતોની વ્હારે આવી તેઓને બે ટંકના ભોજનની વ્યવસ્થા કરી અને તેઓને ભજન સહિતની ચીજ-વસ્તુઓનું વિતરણ કર્યું હતું. (તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

આગામી મંત્રીમંડળની બેઠકમાં 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ' ઓર્ડિનન્સ માટે પ્રસ્તાવ રજૂ કરાશે



## ગુંડાગર્દી રોકવા મુખ્યમંત્રી રૂપાણીની ગુંડા તત્ત્વોને સ્પષ્ટ ચેતવણી

# ગુંડાગર્દી છોડો, નહીં તો ગુજરાત છોડવું પડશે

## આ વટહુકમ હેઠળ કોઈપણ ગુનો નોંધતા પહેલાં સંબંધિત રેન્જ આઈજી અથવા પોલીસ કમિશનરની પૂર્વ મંજૂરી ફરજિયાત લેવી પડશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

રાજયમાં વધતી જતી ગુનાખોરીને ડામવા રાજ્ય સરકાર દ્વારા ગુંડા વિરોધી કડક કાયદા માટે 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ' માટે આગામી મંત્રીમંડળની બેઠકમાં ઓર્ડિનન્સ માટે પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે. જેમાં હિંસા, ધાકધમકી, બળજબરીથી નિર્દોષ નાગરિકોનું શોષણ કરનારા ગુંડા તત્ત્વો, દારૂ, જુગાર, ગાયોની કતલ, નશાનો વેપાર, અનૈતિક વેપાર, માનવ વેપાર, બનાવટી દવાનું વેચાણ, વ્યાજખોરી, અપહરણ, ગેરકાયદે કૃત્યો આચરવા કે, ગેરકાયદે હથિયારો રાખવા જેવી બદીઓને ડામવા કડક કાયદાકીય જોગવાઈઓ કરાશે. જે અંતર્ગત ૧૦ વર્ષ સુધીની સખ્ત કેદ અને ૫૦ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવશે.

રાજયમાં જાહેર શાંતિ, સલામતી અને અવિરત વિકાસમાં રૂકાવટ ઊભી કરનારા ગુંડા તત્ત્વોને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, આવનારા દિવસોમાં આવા તત્ત્વોએ ગુંડાગર્દી છોડવી પડશે અથવા ગુજરાત છોડવું પડશે.

'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ' ઓર્ડિનન્સનો અમલ કરાવીને રાજ્યમાં જે ગુંડા તત્ત્વો નિર્દોષ નાગરિકોને રંજાડે છે તેવા માથાભારે લોકો સામે પણ કાનૂની સકંજો કસી ગુજરાતને અપરાધમુક્ત, સલામત-સુરક્ષિત અને સમૃદ્ધ બનાવી ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવા સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

રાજયમાં દારૂનો વેપાર, જુગાર, ગાયોની કતલ, નશાનો વેપાર, અનૈતિક વેપાર, માનવ વેપાર, બાળકોની જાતિય સતામણી, બનાવટી દવાનું વેચાણ, લોન શાર્ક (વ્યાજખોર), જમીન છીનવી લેવી, અપહરણ, ગેરકાયદે કૃત્યો, ગેરકાયદેસરના હથિયારો વગેરે જેવી અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા ગુંડા તત્ત્વો સામે કડક કાયદાકીય જોગવાઈ ઊભી કરવાના હેતુથી નવા અલગ કાયદાની આ દરખાસ્ત કરવામાં આવી છે.

ગુંડા તત્ત્વોની વ્યાખ્યામાં વ્યક્તિગત અથવા જૂથમાં હિંસાની ધમકી આપવી, ધાકધમકી આપવી અથવા અન્ય રીતે જાહેર વ્યવસ્થાને નુકશાન પહોંચાડવાના ઉદ્દેશથી કામ કરતી અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી વ્યક્તિઓનો સમાવેશ પણ આ કાયદા અંતર્ગત સજા પાત્રતામાં કરવામાં આવ્યો છે.

કોઈ ગુંડા તત્ત્વ અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય કે તેવી પ્રવૃત્તિ કરવાની તૈયારી કરતા હોય અથવા રાજ્યમાં શાંતિની જાળવણીમાં બાધક બને ત્યારે તેને સાત વર્ષથી ઓછી નહીં અને દસ વર્ષ સુધીની કેદની અને પચાસ હજાર રૂપિયાથી ઓછો નહીં તેટલા દંડની શિક્ષાની જોગવાઈ પણ આ નવા કાયદામાં સુનિશ્ચિત કરી છે.

એટલું જ નહીં, રાજ્યસેવક/સરકારી કર્મચારી હોય તેવી કોઈ વ્યક્તિ આવા ગુંડા તત્ત્વોને ગુનો કરવા પ્રેરિત કરે કે મદદ કરે અથવા ગેરકાયદેસર રીતે કોઈ મદદ કરે કે સાથ આપે તો તેને ત્રણ વર્ષથી ઓછી નહીં પરંતુ દસ વર્ષ સુધીની કેદની સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે.

આ અધિનિયમના નિયમોનું ઉલ્લંઘન કરીને ગુંડા તત્ત્વો દ્વારા કરવામાં આવેલા કોઈપણ કાર્ય માટે દસ હજાર સુધી દંડ સહિત અથવા દંડ વિના છ મહિના સુધીની મુદ્દતની કેદની સજાની જોગવાઈ પણ વટહુકમમાં મુખ્યમંત્રીએ કરી છે.

આ વટહુકમ હેઠળ કોઈ પણ ગુનો નોંધતા પહેલાં સંબંધિત રેન્જ આઈ.જી. અથવા પોલીસ કમિશનરની પૂર્વ મંજૂરી સિવાય આવો ગુનો નોંધી શકાશે નહીં તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે.

આ વટહુકમનો વધુ વ્યાપક બનાવવા કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો પણ આવરી લેવાશે.

રાજ્યમાં નશાબંધી ધારો, કેફી ઔષધ ધારાની જોગવાઈનો ભંગ કરી દારૂ, માદક દ્રવ્યો, જોખમી ઔષધોનું સેવન કરવું, ઉત્પાદન કરવું, હેરાફેરી કરવી અથવા આયાત નિકાસ કરવા જેવી બાબતોનો પણ સજા પાત્રતામાં સમાવેશ થાય છે. કાયદાની જોગવાઈથી વિપરીત રીતે સ્થાવર મિલકતોનો કબજો લેવો, તેમાં મદદ કરવી, માલિકી હકના ખોટા દાવા ઊભા કરવા કે તે સંદર્ભમા બનાવટી દસ્તાવેજો ઊભા કરવા જેવી બાબતોને પણ આ કાયદામાં સજાપાત્ર બાબત તરીકે આવરી લેવાઈ છે.

આ ઉપરાંત મહિલાઓના અનૈતિક વ્યાપાર સંદર્ભના ગુનાઓ, બાળ રક્ષણ અધિનિયમ હેઠળના ગુનાઓ, જુગાર પ્રતિબંધ હેઠળના ગુનાઓ, સામુદાયિક સંવાદિતાને ખલેલ પહોંચાડવી તે માટે હિંસાનો આશ્રય લેવો, પ્રજામાં ગભરાટ ફેલાવવો કે આતંક ફેલાવવો ખંડણીના ઈરાદાથી વ્યક્તિનું અપહરણ કરવું, નાણાં ધિરધાર અધિનિયમ હેઠળ મુદ્દલ કે વ્યાજની વસૂલાત માટે કોઈ પણ વ્યક્તિની સ્થાવર કે જંગમ મિલકત લઈ લેવા શારીરિક હિંસા કરવી કે ધમકી આપવી, ગેરકાયદેસર રીતે પશુધનની હેરફેર કરવી, શસ્ત્ર અધિનિયમનો ભંગ કરી શસ્ત્ર અને દારૂગોળાના ઉત્પાદન વેચાણ અને હેરફેરમાં સંડોવણી જેવા કિસ્સાઓમાં આ ગુંડા ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




## હિંસા, ધાકધમકી, નિર્દોષ નાગરિકોનું બળજબરીથી શોષણ, જમીન કૌભાંડીઓ, દારૂનો વેપાર, જુગાર, ગાયોની કતલ, નશાનો વેપાર, અનૈતિક વેપાર, માનવ વેપાર, બનાવટી દવાનું વેચાણ, વ્યાજખોરી, અપહરણ, ગેરકાયદે કૃત્યો આચરવા કે ગેરકાયદેસર હથિયારો રાખવા જેવી બદીઓને નશ્યત કરવા કડક કાયદાકીય જોગવાઈઓ કરાશે

### કાયદાના ઝડપી અમલ માટે વિશેષ અદાલતોની સ્થાપના કરવાનો નિર્ણય

આ કાયદાના ઝડપી અમલ અને નાગરિકોને સત્વરે ન્યાય આપી શકાય તે હેતુસર વિશેષ અદાલતોની સ્થાપના કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે અને એ માટે પૂરતી જોગવાઈ પણ કરી દેવાઈ છે. આ ઉપરાંત જરૂર જણાયે નિયત સિવાયના અન્ય સ્થળે પણ કોર્ટ કાર્યવાહી માટે બેઠક બોલાવી શકાય તેવી જોગવાઈ પણ કરાઈ છે અને વિશેષ અદાલતોની રચના થયેથી તે અગાઉના કોઈ પણ ન્યાયાલયમાં પડતર કેસો વિશેષ અદાલતની હકુમતોમાં આવી જશે. જરૂર જણાયે કોઈ કેસને નિકાલ માટે એક વિશેષ અદાલતમાંથી બીજી વિશેષ અદાલતમાં તબદીલ કરવાની પણ જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી છે. વધુમાં આરોપીઓ સામે વિશેષ કોર્ટ સિવાય અન્ય કોર્ટમાં કામ ચાલતું હોય તો આરોપીની ગેરહાજરીમાં પણ આવા કેસો ચલાવી શકાશે અને આવા કેસોનો નિકાલ પણ થઈ શકશે.

### નિર્દોષ ઈમાનદાર નાગરિકોને ગુંડા તત્ત્વોથી રક્ષણ આપવા ખાસ જોગવાઈ કરાશે

આ વટહુકમમાં નિર્દોષ ઈમાનદાર નાગરિકોને આવા ગુંડા તત્ત્વોથી રક્ષણ આપવા એવી જોગવાઈ પણ સુનિશ્ચિત કરી છે કે, ગુંડા ધારા હેઠળ ગુનામાં જે વ્યક્તિ સાક્ષી બનશે તેને પણ રાજ્ય સરકાર પૂરેપૂરૂ રક્ષણ આપશે અને સાક્ષીની ઓળખ, સરનામું ગુપ્ત રાખવામાં આવશે.

તદ્ઉપરાંત સાક્ષીઓના નામ અને સરનામાનો ઉલ્લેખ કરવામાં આવશે નહીં. આ જોગવાઈના ઉલ્લંઘન બદલ જે તે વ્યક્તિને એક વર્ષ સુધીની કેદ અને ૫૦૦૦ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરાઈ છે.

આ ઉપરાંત ગુંડા તત્ત્વો દ્વારા મેળવવામાં આવેલી મિલકત ગુંડા ધારા હેઠળ કાનૂની કાર્યવાહીને પાત્ર હોય તેવા કિસ્સામાં જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તે ટાંચમાં લઈ શકાશે અને જરૂર જણાયે આવી મિલકતના વહીવટકર્તાની પણ તેઓ નિમણૂક કરી શકશે.

અનલોક-૪માં છૂટછાટો અપાઈ રહી છે ત્યાં ગુજરાતમાં કોરોના મહામારીની સ્થિતિ ચિંતાજનક

# કોરોના વકર્યો એક દિવસમાં સૌથી વધુ ૧૩૧૦ નવા કેસ નોંધાયા : ૧૪ લોકો કોરોનાનો કોળિયો બન્યા

● રાજ્યમાં કોરોનાના કુલ કેસ ૯૮ હજારની નજીક પહોંચ્યો, કુલ ૩૦૩૬ લોકોને કાળમુખો કોરોના ભરખી ગયો

● રાજ્યમાં વધુ ૧૧૩૧ લોકોએ કોરોનાના મહાત આપી, અત્યાર સુધી કુલ ૭૮૯૧૩ લોકો કોરોનાથી સાજા થયા

અમદાવાદ,તા.૧

કોરોના મહામારીને લીધે રાજ્યમાં એક તરફ અનલોક-૪માં છુટછાટો આપવામાં આવી રહી છે. ત્યાં જ કોરોનાના કેસો ઘટવાનું નામ લેતા નથી. ત્યારે અનલોકમાં અપાતી વધુ છુટછાટો કયાંક નુકસાન પહોંચાડે તો નવાઈ નહીં. જો કે મંગળવારે રાજયમાં એક જ દિવસમાં કોરોનાના અત્યાર સુધીના સૌથી વધુ ૧૩૧૦ નવા કેસ નોંધાયા છે. જયારે ૧૪ લોકોને કાળમુખો કોરોના કોળિયો બતાવીને હજમ કરી ગયો છે. એટલે કે રાજયમાં મહામારી વકરી છે. અત્યાર સુધીમાં રાજયમાં કોરોનાના કુલ કેસ ૯૮ હજારની નજીક પહોંચી ગયા છે. જયારે કુલ મોતનો આંકડો ૩ હજારને પાર કરી ગયો છે. તેની સામે અત્યાર સુધીમાં ૭૮૯૧૩ લોકો કોરોનાથી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.



વિગતવાર વાત કરીએ તો કોરોના મહામારીમાં ગુજરાતની સ્થિતિ ખુબ જ ચિંતાજનક સ્તરે પહોંચી ગઇ છે. આજે રાજયમાં કોરાનાનાં ટેસ્ટ ઘટાડવા છતા કેસમાં વધારો થયો છે. આજે તો રાજયમાં અત્યાર સુધીના સૌથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. રોજેરોજ ઊંચે જતા કોરોનાનાના ચેપના ફેલાવાના ગ્રાફમાં આજે ૧૩૧૦પોઝિટિવ રિપોર્ટ ઉમેરતા ગુજરાતમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા વધીને ૯૭,૭૪૫એ પહોંચી છે. જયારે રાજય વધુ ૧૪ દર્દીઓએ દમ તોડતા ગુજરાતમાં કૂલ મૃત્યુઆંક વધીને ૩૦૩૬એ પહોંચ્યો છે. જયારે ૧૧૩૧ લોકોએ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને મ્હાત આપી છે. ગુજરાત માટે સૌથી મોટા ખુશ ખબર એ છે કે રાજયમાં સાજા થવાનો દર ૮૦.૭૩ ટકા છે. ત્યાં જ આજે રાજયમાં ૭૮,૦૭૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

કોરોનાનાના ચેપના ફેલાવાના ગ્રાફમાં આજે સુરત કોર્પોરેશન ૧૭૪, અમદાવાદ કોર્પોરેશન ૧૪૫, સુરત ૧૧૫, જામનગર કોર્પોરેશન ૯૭, રાજકોટ કોર્પોરેશન ૮૯, વડોદરા કોર્પોરેશન ૮૫, ભાવનગર કોર્પોરેશન ૩૭, પંચમહાલ ૩૭, રાજકોટ ૩૬, વડોદરા ૩૬, અમરેલી ૩૧, મહેસાણા ૩૦, પાટણ ૨૬, ભરૂચ ૨૫, મોરબી ૨૩, કચ્છ ૨૦, નવસારી ૨૦, સુરેન્દ્રનગર ૨૦, દેવભૂમિ દ્વારકા ૧૯, ગાંધીનગર કોર્પોરેશન ૧૯, ગાંધીનગર ૧૮, ભાવનગર ૧૬, દાહોદ ૧૬, જામનગર ૧૬, બનાસકાંઠા ૧૫, અમદાવાદ ૧૪, ગીર સોમનાથ ૧૪, જુનાગઢ કોર્પોરેશન ૧૪, છોટા ઉદેપુર ૧૧, જુનાગઢ ૧૧, બોટાદ ૧૦, મહીસાગર ૧૦, સાબરકાંઠા ૯, તાપી ૯, ખેડા ૮, નર્મદા ૮, પોરબંદર ૮, વલસાડ ૭, અરવલ્લી ૬, આણંદ ૩, ડાંગ ૩ કેસો મળી કુલ ૧૩૧૦ કેસો મળ્યા છે. આરોગ્ય વિભાગની અખબારી યાદીમાં વિતેલા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશન ૪, સુરત ૪, સુરત કોર્પોરેશન ૨, ગીર સોમનાથ ૧, જામનગર કોર્પોરેશન ૧, વડોદરા ૧, વડોદરા કોર્પોરેશન ૧ વ્યક્તિએ દમ તોડયો હતો. આમ આજે વિતેલા ૨૪ કલાકમાં કુલ ૧૪ લોકોના મોત નિપજયા છે. ગુજરાતમાં કૂલ મૃત્યુઆંક વધીને ૩૦૩૬એ પહોંચ્યો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૭૮,૯૧૩ નાગરીકો સાજા થઈ ગયા છે. ૩૦૩૬ના અવસાન થયા છે. જયારે આજે છેલ્લી સ્થિતિ મુજબ ૧૫,૭૯૬ સારવાર હેઠળના દર્દીઓ પૈકી ૯૨ વેન્ટિલેટર ઉપર રાખવામાં આવ્યા છે અને ૧૫,૭૦૪ સ્ટેબલ છે. તદ્ઉપરાંત રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાં આજની તારીખે ૫,૫૪,૬૮૪ લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૫૪,૨૦૫ લોકો હોમ ક્વોરન્ટાઈન છે. જયારે ૪૮૦ લોકોને ફેસીલીટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે.

અનલોક-૪ની ગાઈડલાઈનની રાજ્ય સરકાર દ્વારા જાહેરાત

# દુકાનો ૨૪ કલાક અને હોટલ-રેસ્ટોરન્ટ રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે

### જો કે, સ્કૂલ-કોલેજો ૩૦મી સુધી બંધ : લારી, ગલ્લા અને ફેરિયાઓ પર કોઈ પ્રતિબંધ નહીં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં કોરોનાના સંક્રમણને રોકવા, લોકડાઉન બાદ અનલોકની તબક્કાવાર શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત અનલોક-૪ દરમિયાન રાજ્ય સરકારે વધુ છૂટછાટો અમલી બનાવી છે. હવેથી દુકાનો રાત્રિના ૧૦ને બદલે ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે. હોટલ અને રેસ્ટોરન્ટ ૧૦ વાગ્યાના બદલે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. જો કે, સ્કૂલ-કોલેજો ૩૦ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે. જયારે લારી, ગલ્લા અને શેરી ફેરિયાઓ માટે કોઈ પાબંદી લાગુ પડશે નહીં. સપ્ટેમ્બરમાં શરૂ થનાર અનલોક-૪ની રાજ્ય સરકારે ગાઈડલાઈન્સ બહાર પાડી દીધી છે. આ ગાઈડલાઈન મુજબ ગુજરાતમાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૩૦ સપ્ટેમ્બર સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે. જયારે કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવે છે. ગુજરાતમાં આજથી હોટલ અને રેસ્ટોરન્ટ ૧૦ વાગ્યાના બદલે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. તેમજ પબ્લિક ગાર્ડન પણ ખુલશે. ધાર્મિક સ્થળો પણ સંપૂર્ણ ખુલ્લા રાખી શકાશે તેની સાથે- સાથે ૮ વાગ્યા સુધી ખુલ્લી રહેતી દુકાનો હવે ૨૪ કલાક ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે. જ્યારે સ્કૂલ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ ૩૦ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે. કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સ્થાનિક સ્તરે લોકડાઉન જાહેર કરી શકાશે નહીં. ગાઈડલાઈન્સ મુજબ હવે લારી, ગલ્લા અને શેરી ફેરિયાઓ પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં. જયારે ૬૦ ટકા કેપેસિટી સાથે લાઈબ્રેરીઓ પણ ખુલશે. એસટી-ખાનગી બસ-કેબ સેવાને પણ ૫૦ ટકા કેપેસિટી સાથે મંજૂરી આપવામાં આવી છે. પરંતુ સિનેમાગૃહો-મલ્ટિપ્લેક્સ હજી પણ બંધ રાખવામાં આવ્યા છે. જયારે ઓપન એર થિએટર ૨૧મીથી ખોલી શકાશે. ૨૧ સપ્ટેમ્બરથી શૈક્ષણિક સંસ્થાઓમાં ૫૦ ટકા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફને ઓનલાઈન શિક્ષણ-ટેલિ કાઉન્સેલિંગ માટે બોલાવી શકાશે. આ બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી SOPનું પાલન કરવું પડશે. જે અનુસાર કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં ધો.૯થી ૧૨મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક ધોરણે શિક્ષકોના માર્ગદર્શન અર્થે વાલીની લેખિત પૂર્વ મંજૂરી મેળવી સ્કૂલે જઈ શકશે. એ જ પ્રમાણે સ્કિલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ ૨૧ સપ્ટેમ્બરથી શરૂ કરી શકશે. ટેકનિકલ એન્ડ પ્રોફેશનલ પ્રોગ્રામ્સ ફોર PH.D અને અન્ય પોસ્ટ ગ્રેજયુએટ્સ કે જેમાં લેબ કે પ્રાયોગિક કાર્ય જરૂરી હોય તે અંગે ઉચ્ચ શૈક્ષણિક વિભાગ દ્વારા ગૃહમંત્રાલયના પરામર્શમાં નિર્ણય લેવામાં આવશે. સામાજિક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક-રાજકીય સમારોહ તથા અન્ય સમૂહમાં ૨૧ સપ્ટેમ્બરથી ૨૦૨૦થી ૧૦૦ વ્યક્તિની મર્યાદામાં એકઠા થવાની છૂટ માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ, થર્મલ સ્કેનિંગ અને સેનિટાઈઝરની સુવિધા સાથે આપવામાં આવશે. પરંતુ લગ્ન સમારોહમાં ૫૦ વ્યક્તિ જયારે અંતિમક્રિયા કે અંતિમવિધિ માટે ૨૦ વ્યક્તિની મર્યાદા ૨૦ સપ્ટેમ્બર સુધી યથાવત્ રહેશે.

# અમરાઈવાડી : પાદરીએ જ સગીરાને પ્રેમજાળમાં ફસાવી નગ્ન ફોટા-વીડિયો ઉતાર્યા

● સગીરાના બિભત્સ ફોટા તેના કાકાને મોકલતા ભાંડો ફૂટ્યો ● સગીરાને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા પાદરી દબાણ કરતો હતો ● નરાધમ સગીરાને વીડિયો કોલ કરી કપડાં ઉતારવાનું કહેતો હતો

અમદાવાદ,તા.૧

શહેરના અમરાઈવાડી વિસ્તારમાં રહેતી એક સગીરાને ચર્ચના પાદરીએ પ્રેમજાળમાં ફસાવી નગ્ન વીડિયો ઉતારી લીધા હતા. તેમજ સગીરાને વીડિયોકોલમાં કપડા ઉતારવાનું પણ કહેતો હતો. જો આ અંગે કોઈને કહેશે તો બદનામ કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપતો હતો. ઉપરાંત સગીરાને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા માટે પણ કહેતો હતો. જો કે ચર્ચના પાદરીએ સગીરાના દૂરના કાકાને તેના બિભત્સ ફોટા મોકલતા સમગ્ર મામલે ભાંડો ફુટયો હતો. ત્યારે સગીરાએ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં પાદરી સામે ફરિયાદ નોંધાવી છે.

અમરાઈવાડીમાં ૧૬ વર્ષીય સગીરા પરિવાર સાથે રહે છે અને ધો.૧૧માં અભ્યાસ કરે છે. ૨૫ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ પાડોશમાં રહેતી મહિલા સાથે રબારી કોલોની ખાતે આવેલા કલેશિયા ચર્ચમાં ગઈ હતી. ચર્ચના પાદરી ગુલાબચંદે આ સગીરા સાથે વાતો કરી અને તેના માતા પિતાને પણ ચર્ચમાં લાવવાનું કહ્યું હતું. જોકે સગીરાએ ઘરે આ બાબતે કોઈ જાણ કરી ન હતી. થોડા દિવસો બાદ ગુલાબચંદના ભત્રીજાનો સગીરાના પિતા પર ફોન આવ્યો અને ચર્ચમાં બોલાવ્યા હતા. એક મહિના બાદ સગીરા માતા-પિતા સાથે ચર્ચમાં ગઈ હતી. ગુલાબચંદ સગીરાના ઘરે પણ આવ્યો હતો. થોડા દિવસ બાદ સગીરાના ઘરે ગુલાબચંદ તેના ભત્રીજાઓ સાથે આવીને ઢોલ નગારા સાથે ભજન પણ કરી ગયો હતો. સગીરાના પિતાના ફોન પર આ ગુલાબચંદ ફોન કરતો હતો. કિસ કરતો ફોટો મોકલી આપ્યો અને આઈ લવ યુ પણ કહ્યું હતું. વાતચીત કરી પ્રેમજાળમાં ફસાવી હતી અને તેનો પીછો પણ કરતો હતો. સગીરા એકલી હોય ત્યારે તેને વીડિયો કોલમાં કપડા ઉતારવાનું કહેતો હતો. જો નહિ આપે તો બદનામ કરવાની ધમકી આપતો હતો. ગુલાબચંદ સગીરાને ખ્રિસ્તી ધર્મ અપનાવવાનું પણ કહેતો હતો. અઠવાડિયા પહેલા સગીરાના દુરના કાકાને ગુલાબચંદે સગીરાના નગ્ન ફોટા મોકલ્યા હતા. જે બાબતે સગીરાએ તેના પિતાને સમગ્ર હકીકત જણાવી હતી. બે-ત્રણ દિવસ બાદ ફરી ફોટો મોકલ્યા હતા. અમરાઈવાડી પોલીસે આરોપી પાદરીની સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**ઈન્તેકાલ**

વડોદરા નાગરવાડા ખાતે આવેલ CAR PAINTSવાળા આસિફભાઈના પત્ની મર્હુમા હજીયાણી અસ્માબાનુ આસિફભાઈ ગબલવાલા (નાવડીવાલા)નુ તા.૩૧-૮-૨૦૨૦ના રોજ ઈન્તેકાલ થઈ ગયું છે. મર્હુમાના ઈસાલે સવાબ માટે દુઆની દરખાસ્ત છે.

(કાર પેઈન્ટસ)

નાગરવાડા, વડોદરા

આસિફભાઈ : 9824499280

અનિશભાઈ : 9924924965

# રાજ્યમાં હાલ પુરતું વરસાદનું સંકટ તો ટળ્યું પણ ખેડૂતો પર લીલા દુકાળનું સંકટ

● અનેક સ્થળોએ ભારે વરસાદને કારણે ૭૦ ટકા પાકને નુકસાન ● ઊભો પાક ધોવાયો અને ખેતરોમાં પાણી ભરાતાં ખેડૂતોને નુકસાન

અમદાવાદ, તા.૧

રાજ્યમાં ધમાકેદાર ઈનિંગ રમ્યા બાદ ફરી એકવાર મેઘો મંદો પડ્યો છે. ત્યારે બંગાળની ખાડીમાં લો પ્રેશર સર્જાયા બાદ જે સિસ્ટમ બની હતી તે પાકિસ્તાન તરફ ફંટાઈ ગઈ છે જેને પગલે આગામી પાંચ દિવસ સુધી રાજયમાં ભારે વરસાદની શકયતા નથી. જો કે ગુજરાતમાં ચોમાસાની વિદાયને હજુ પણ એક મહિનો બાકી છે. એટલે આ દિવસોમાં જો નવી સિસ્ટમ બનશે તો ફરીથી વરસાદ પડવાની શકયતા બની શકે છે. જો હવામાન વિભાગનું માનીએ તો આગામી પાંચ દિવસ રાજ્યમાં કોઈ ખાસ વરસાદ પડવાની શકયતા નથી. જયારે છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યમાં થઈ રહેલા ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં ખેડૂતોનો ઊભો પાક ધોવાયો છે. એટલું જ નહીં ખેતરોમાં સતત પાણી



ભરાયેલ રહેવાથી પાકને પણ નુકસાન થયું છે. રાજ્યમાં અનેક મોટા જળાશયો, નદીઓ અને તળાવો છલોછલ થઈ ગયા છે ત્યારે ખેડૂતો પણ હવે બસની પોકાર લગાવી રહ્યા છે. રાજ્યમાં ગત મહિને જોરદાર વરસાદી માહોલ જામતા રાજ્યમાં અત્યાર સુધીનો સિઝનનો ૧૨૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. અનેક વિસ્તારોમાં ખેતરોમાં પાણી ભરાયા છે. તો ઊભો પાક ધોવાઈ ગયો છે. ભારે વરસાદને કારણે અનેક લોકોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. જો કે વરસાદની સૌથી વધુ અસર ખેડૂતોને થઈ છે. ભારે વરસાદના કારણે ખેતરમાં રહેલા મગફળી કપાસ અને કઠોળ સહિત પાકને ૭૦ ટકા જેટલું નુકસાન થઈ ગયું છે. જેના કારણે ખેડૂતો માટે લીલા દુષ્કાળની સ્થિતિ સર્જાય તેવી ભીંતિ છે. તલ, બાજરી, સોયાબીન અને મગફળીના પાકોનું વધુ વાવેતર થયું હતું. ભારે વરસાદને કારણે આ ચાર પાકને પણ નુકસાન થયું છે. વળી રાજ્ય સરકાર દ્વારા નવી કૃષિ નીતિની જાહેરાત કરવામાં આવી છે પરંતુ તેમાં પણ વીમો મળી શકે તેમ નથી. કારણ કે રાજ્ય સરકારે એક સાથે ૪૮ કલાકમાં ૨૫ ઈંચ વરસાદ પડ્યો હોય તો જ ખેડૂતોને સહાય મળશે તેવી જાહેરાત કરી છે. ખેડૂતોના કહ્યા મુજબ અનેક વિસ્તારોમાં ૭૦ ટકા પાક નષ્ટ થઈ ગયો છે. જેથી તેઓને લીલા દુષ્કાળની સ્થિતિ સર્જાશે તેવી ભીંતિ છે. આમ ચોમાસુ પાકની આશા રહી નથી. તેઓને માત્ર શિયાળામાં આધાર રાખવો પડશે આમ ૧૨૦ ટકા જેટલો સરેરાશ વરસાદ થતા ખેડૂતો પર લીલા દુકાળનું સંકટ ઊભું થયું છે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily twitter.com/gujarattoday Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS